પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૪-૪-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૫, અંક : ૪૧

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

કોઈને આપી શકાય
તેવી શ્રેષ્ઠ ભેટ
તેમની જરૂરિયાત પર
આપણી હાજરી






## સમતા-સહનશીલતા-સહૃદયતાના ત્રિવેણી સંગમના તીર્થ સ્વરૂપા શ્રીજશવંતીબાને સાતમી પૂણ્યતિથિએ આદરભીની અંજલી!

### ''મોઢે બોલુ માં ત્યાં સાચે જ બાળપણ સાંભરે પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા''



''માં'' શબ્દનો ઉદગાર થતાની સાથે જ સાતેય કોઠે આહલાદક ટાઢકનો અનુભવ થાય છે. ''માં'' એક શબ્દ નથી પરંતુ સંપૂર્ણ સંસાર છે. માતાની હયાતી ગમે તે સ્થાન પર પહોંચી ચૂકેલી વ્યકિત માટે હુંફ આપનારી રહે છે. જયારે માતાની સદેહ હયાતી નથી હોતી ત્યારે જીવનમાં કયારેય ન પુરી શકાય તેવો ખાલીપો સર્જાય જાય છે.

મહેતા પરિવાર પ્રેમનું શિતળ ઝરણુ સદાકાળ વરસાવનાર શ્રી જશવંતી બાની આજે સાતમી પૂણ્યતિથી છે. ૭-૭ વર્ષના વહાણા વિતી ગયા હોવા છતા આજે પણ પૂ. જશવંતી બા પરિવારના તમામ સભ્યો પર પ્રેમ અને અવિરત કૃપા વરસાવી રહ્યા હોય તેઓ અહોભાવ થઈ રહ્યો છે.

ખરેખર-દુષ્પ્રતિકારૌ માતા-પિતરૌ અર્થાત માતાપિતાનાં ઉપકારનો બદલો વાળવો દુષ્કર જ નહિ પણ અશકય છે. માતા એ જન્મ આપી આ દુનિયા બતાવી, પિતાએ લાડકોડથી ઉછેર કર્યો, સંસ્કારનું સિંચન કર્યું ને પા.પા. પગલી ભરતા અહીં સુધી પહોંચાડયા.

દેહમાંથી દેહ, જીવમાંથી જીવ અને અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપ્યો. માત્ર જન્મદાત્રી જ નહિ, પણ જીવનદાત્રી ને સંસ્કારદાત્રી હતા (૧) કરૂણામૂતિ (૨) સમતા મૂર્તિ (૩) સહન શીલતાની મૂર્તિ હતા શ્રી જશવંતી બા !

માદરેવતન ખોરાણા પૂણ્યશાળી પિતાશ્રી દૂર્લભજીભાઈ તથા મમતાળુ માતુશ્રી દેવકુંવરબેન-વખારીયા પરિવારમાં આ પૂણ્યશાળી આત્માએ જન્મ ધારણ કર્યો. હસતુ ખીલતું પ્રભાવશાળી મુખડું જોઈ બાલિકાનું નામ રાખ્યું જશવંતી ! યથા નામ તથા ગુણા... જાણે જશવંતી નામ પ્રમાણે જશે....જશ....ને જશ જ... યશનામ કર્મનો ઉદય... પનોતી પુત્રીના પગલે લક્ષ્મીનું પણ આગમન થયું. પાંચ ભાઈઓ અને પાંચ બહેનોમાં સૌથી મોટા માતા પિતાનું પ્રથમ સંતાન હતું તેથી ખૂબ જ લાડ કોડથી ઉછેર થયો. એ સમયે પણ માતા જયારે સ્નાન કરાવે ત્યારે પાણીમાં અતર નાંખતા... નિત નવા દાગીના પહેરાવે, વાંકાનેર મોસાળમાં છ ધોરણનો અભ્યાસ કર્યો. યુવાનીના ઉંબરે પહોંચતા પડધરી શ્રી શાંતિભાઈ ઓધવજી મહેતાની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સાસરે પણ બહોળો પરિવાર પણ પાણીમાં સાકરની જેમ સહુ સાથે મીઠાશપૂર્વક ભળી ગયા.

સમજણ-સહનશીલતાને જતું કરવું તેમનો જન્મસિધ્ધ મંત્ર હતો અને ગમે તેવા કપરા સંયોગોમાં પણ હસતુ રહેવું, ખમી ખાવું તેમના જીવનનો ટ્રેડમાર્ક હતો.

જાણે સમત્વયોગના ધારક. નાના મોટા દરેકનું જતું કરવું ને સમજણનો દીપક જીવનઘરમાં અખંડ જલતો હતો, તે દીપકનો પ્રકાશ માત્ર મહેતા કે વખારીયા જ પરિવારમાં નહિ પરંતુ જે તેના સહવાસમાં આવતા તે દરેકના જીવનમાં ઉજાસ ફેલાવતો હતો.

*દિવ્યાત્મા-દિવ્ય પ્રેમલતાનો મૂર્તિ જશવંતી બા ને મહેતા પરિવારની દિવ્યાંજલી... ભાવાંજલી... સ્મરણાંજલી... આપશ્રી દિવ્યલોકથી અમારા ઉપર સદા આશિષવૃષ્ટિ વરસાવતા રહેશોજી એજ પુણ્યતિથિએ મંગલભાવના !*

## સરકારના નનૈયા છતાં ક્રૂડના ભાવ ભડકે બળતા ઈંધણ 'મોંઘુ' કરી દેશે?

### પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારાની આશંકાથી ઈંધણના વેચાણમાં ૧૩ ટકાનો ઉછાળો

**શેરબજારમાં ૮૦૦ પોઈન્ટનો કડાકોઃ રૂપિયો નબળો પડ્યો**

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જહાજો જપ્ત થવાને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ છે, જેની સીધી અસર બજાર પર પડી છે.છેલ્લા ત્રણ ટ્રેડિંગ સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ભારે વેચવાલી જોવા મળી છે, જેના કારણે રોકાણકારોના લાખો કરોડો રૂપિયાનું ધોવાણ થયું છે. આજે સેન્સેક્સ પોઈન્ટ તૂટ્યો હતો અને નિફ્ટીમાં પણ ૨૫૦ પોઈન્ટથી વધુનો કડાકો નોંધાયો હતો છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૨૫૦૦ પોઈન્ટ તૂટતા શેરબજારમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છેશેરબજારની સાથે ભારતીય રૂપિયામાં પણ નબળાઈ જોવા મળી છે. અમેરિકી ડોલર સામે રૂપિયો નબળો પડીને ૯૪.૧૧ ના સ્તરે પહોંચી ગયો છે, જે આ મહિનાનું સૌથી નીચું સ્તર છે. ક્રૂડ ઓઈલ માટે ડોલરની વધતી માંગ અને વિદેશી રોકાણકારોની વેચવાલીને કારણે રૂપિયા પર દબાણ વધ્યું છે.

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને દેશમાં આગામી સમયમાં આવી રહેલી ચૂંટણીઓ વચ્ચે ઈંધણના ભાવને લઈને ભારે અનિશ્ચિતતા જોવા મળી રહી છે. સરકાર ભલે અત્યારે ભાવ વધારો ન કરવાની ખાતરી આપી રહી હોય, પરંતુ સામાન્ય જનતામાં ભાવવધારાનો ફફડાટ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.

વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કચા તેલ (ક્રૂડ ઓઈલ) ના ભાવ પ્રતિ બેરલ ૧૧૦ ડોલર ની સપાટી વટાવી ચૂક્યા છે. સામાન્ય રીતે જ્યારે પણ ક્રૂડના ભાવ વધે છે, ત્યારે સ્થાનિક તેલ કંપનીઓ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરતી હોય છે. જોકે, હાલમાં ભાવ સ્થિર છે, જેની પાછળનું મુખ્ય કારણ 'ચૂંટણી' હોવાનું માનવામાં આવે છે. લોકોમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે ૨૯ એપ્રિલના રોજ રાજ્યોની ચૂંટણીઓ (પશ્ચિમ બંગાળ, તમિલનાડુ વગેરે) પૂર્ણ થયા બાદ તેલ કંપનીઓ ભાવમાં વધારો કરી શકે છે.

સરકાર દ્વારા સત્તાવાર રીતે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે હાલમાં ઈંધણના ભાવ વધારવાની કોઈ યોજના નથી. તેમ છતાં, પબ્લિકમાં એવી પ્રબળ ચર્ચા છે કે ચૂંટણીના પડઘમ શાંત થતાની સાથે જ તેલ કંપનીઓ ભાવમાં મોટો ઝીંકો મારી શકે છે. આ જ ''ભાવવધારાની દહેશત'' ને કારણે લોકો અત્યારથી જ વાહનોની ટાંકીઓ ફૂલ કરાવી રહ્યા છે અને ઈંધણનો સંગ્રહ કરી રહ્યા છે. ગભરાટમાં થયેલી આ ખરીદીના આંકડા પણ ચોંકાવનારા છે. અહેવાલો મુજબ છેલ્લા પખવાડિયામાં પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો છે.લોકો ભાવ વધે તે પહેલા સસ્તું ઈંધણ ભરાવી લેવા પડાપડી કરી રહ્યા છે.ખાસ કરીને ટ્રાન્સપોર્ટરો અને મોટા જથ્થામાં ડીઝલ વાપરતા ગ્રાહકોમાં વધુ દોડધામ જોવા મળી રહી છે. જોકે સરકાર ભાવ વધારાની ના પાડી રહી છે, પરંતુ સામાન્ય જનતા અને ટ્રાન્સપોર્ટરો ચૂંટણી પછીના સંભવિત ભાવ વધારાથી બચવા માટે અત્યારથી જ પોતાની ટાંકીઓ ફૂલ કરાવી રહ્યા છે, જેના લીધે ઈંધણના વેચાણના આંકડામાં આટલી મોટી વૃદ્ધિ જોવા મળી છે.



## બંગાળમાં રેકોર્ડબ્રેક ૯૧ અને તામીલનાડુમાં ૮૫ ટકાથી વધુ મતદાન કોને ફળશે?

### પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે ટક્કર, જ્યારે તમિલનાડુમાં ડીએમકે, એઆઈએડીએમકે અને ટીવીકે વચ્ચે ત્રિકોણીય સ્પર્ધાનું ૪મેએ પરિણામ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળની વિધાનસભાની પ્રથમ તબક્કાની ૧૫૨ બેઠક અને તમિલનાડુ વિધાનસભાની તમામ ૨૩૪ બેઠકો પર એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં રેકોર્ડ મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળમાં હિંસાના છૂટાછવાયા બનાવો વચ્ચે રેકોર્ડ ૯૨.૭૨ટકા મતદાન થયું હતું. બીજી તરફ તમિલનાડુમાં ૮૫.૧૪ ટકા મતદાન થયું હતું. ભાજપ બંગાળમાં મમતા બેનર્જીને હટાવવા અને દક્ષિણમાં પગપેસારો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે ત્યારે આ બમ્પર મતદાનનું વિશેષ મહત્ત્વ છે. જોકે રેકોર્ડ મતદાન પછી ટીએમસી, ભાજપ અને ડીએમકેએ પોતાના વિજયના દાવા કર્યા હતાં. ચૂંટણીનું રિઝલ્ટ ૪મેએ જાહેર થશે.

ઈન્ડિયન પોલિટિક્સ એન્ડ પોલિસી જર્નલમાં ૨૦૨૫માં પ્રકાશિત થયેલા એક સંશોધન પત્ર મુજબ, મતદાનમાં ભારે વધારો ઘણીવાર સ્પર્ધાત્મક અસર, એટલે કે કાંટાની ટક્કર તરફ ઈશારો કરે છે. જ્યારે મતદારો વર્તમાન સરકાર કે નેતાના કામકાજથી ખૂબ જ અસંતુષ્ટ હોય છે, ત્યારે તેઓ તેમને હટાવવાના હેતુથી મોટી સંખ્યામાં બહાર નીકળે છે.

પશ્ચિમ બંગાળની ગત ચૂંટણીઓના એનાલિસિસથી પણ કોઈ સ્પષ્ટ પેટર્ન સમજાતી નથી. આઝાદી પછીની ૧૭ ચૂંટણીઓમાં ૯ વખત વોટિંગ ૪.૫%થી વધુ ઘટ્યું/વધ્યું છે. આમાં ફક્ત ૩ વખત સત્તા પરિવર્તન થયું, બાકીની ૬ વખત વર્તમાન સરકાર જ યથાવત રહી. જૂન ૨૦૨૫માં બિહારમાં કુલ ૭.૮૯ કરોડ મતદારો હતા. પછી એસઆઈઆર શરૂ થયું. ઓક્ટોબર ૨૦૨૫માં જાહેર થયેલી અંતિમ યાદીમાં મતદારોની સંખ્યા ૬ ટકા ઘટીને ૭.૪૨ કરોડ થઈ ગઈ. તેમાં ૬૯.૨૯ લાખ નામ કાપવામાં આવ્યા અને ૨૧.૫૩ લાખ નવા નામ ઉમેરવામાં આવ્યા.



## ઈઝરાયેલ-લેબનોન યુધ્ધ વિરામ ત્રણ અઠવાડિયા લંબાવાયું ટ્રમ્પે બંને દેશના વડાઓને વ્હાઈટ હાઉસનું નોતરૂ આપ્યું

### યુધ્ધવિરામની જાહેરાત બાદ પણ હિઝબુલ્લાહ દ્વારા ઉત્તરી ઈઝરાયલ પર રોકેટમારો, વળતા પ્રહારમાં ઈઝરાયલી સેનાએ લેબનોનના દક્ષિણી વિસ્તારોમાં મિસાઈલ લોન્ચરોને નિશાન બનાવી હવાઈ હુમલા કર્યા

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ભયાનક સંઘર્ષ વચ્ચે શાંતિના આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈઝરાયલ અને લેબનોન વચ્ચે ચાલી રહેલો નાજુક યુદ્ધવિરામ વધુ ત્રણ અઠવાડિયા માટે લંબાવવા પર સહમતી સધાઈ છે. આ સાથે જ ટ્રમ્પે બંને દેશોના નેતાઓને વ્હાઈટ હાઉસ ખાતે ઐતિહાસિક શાંતિ મંત્રણા માટે આમંત્રણ પાઠવ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ''ઈઝરાયલ અને લેબનોન વચ્ચે યુદ્ધવિરામ લંબાવવાનો નિર્ણય એક મોટી જીત છે. આગામી ત્રણ અઠવાડિયામાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન વ્હાઈટ હાઉસ આવી શકે છે.'' ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે આ મુલાકાત દાયકાઓથી ચાલી રહેલા વિવાદનો કાયમી ઉકેલ લાવવા માટે પાયારૂપ સાબિત થશે.



જોકે, રાજદ્વારી સ્તરે યુદ્ધવિરામ લંબાવાયો હોવા છતાં સરહદ પર હજુ પણ તણાવની સ્થિતિ છે.યુદ્ધવિરામની જાહેરાત બાદ પણ હિઝબુલ્લાહ દ્વારા ઉત્તરી ઈઝરાયલ પર રોકેટમારો કરવામાં આવ્યો હતો.ઈઝરાયલી સેનાએ લેબનોનના દક્ષિણી વિસ્તારોમાં મિસાઈલ લોન્ચરોને નિશાન બનાવી હવાઈ હુમલા કર્યા હતા, જેમાં કેટલાક લોકોના મોતના અહેવાલ છે.બંને પક્ષો એકબીજા પર યુદ્ધવિરામના ભંગના આક્ષેપો કરી રહ્યા છે, જે શાંતિ પ્રક્રિયા સામે મોટો પડકાર છે.

આ ઘટનાક્રમ વચ્ચે ટ્રમ્પે ઈરાન પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે. તેમણે ઈરાન જઈ રહેલા એક શંકાસ્પદ ચીની જહાજને અટકાવ્યા બાદ તેને 'ટોપ સિક્રેટ' ગણાવ્યું હતું. વધુમાં, હોર્મુઝની ખાડીમાં ઈરાન દ્વારા દરિયાઈ સુરક્ષાને નુકસાન પહોંચાડવાના પ્રયાસો સામે ચેતવણી આપતા ટ્રમ્પે કહ્યું કે, જો ઈરાન આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં માઈન્સ બિછાવશે તો તે તેમની ગંભીર ભૂલ ગણાશે.

**ભારતીય લોકોને તહેરાન છોડી દેવા સરકારની એડવાઈઝરી જાહેર**

ભારતીય દૂતાવાસે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તમામ નાગરિકોને સાવધાની રાખવા અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ અંગે કડક આદેશો જારી કર્યા છે.દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની મુસાફરી સામે ચેતવણી આપી અને ત્યાં હાજર લોકોને સુરક્ષિત રીતે બહાર નીકળવાનો નિર્દેશ આપ્યો છે.તેહરાનમાં ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં જણાવ્યું હતું કે, ''ભારતીય નાગરિકોએ હવાઈ કે જમીન માર્ગે ઈરાનનો પ્રવાસ ન કરવો જોઈએ. ઈરાનની મુસાફરી સુરક્ષા માટે જોખમી હોઈ શકે છે.'' પ્રાદેશિક તણાવને કારણે હવાઈ અવકાશ પ્રતિબંધો લાગુ છે. દૂતાવાસે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સના સંચાલનમાં અનેક પડકારો રહે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ''હાલમાં ઈરાનમાં રહેલા ભારતીય નાગરિકોએ તાત્કાલિક દેશ છોડી દેવો જોઈએ. નાગરિકોએ દૂતાવાસના સંપર્કમાં રહેવું જોઈએ.''

### જેન-જી સરકારને મહિનો પણ નથી થયો ત્યાં ઉપાધીનો વરસાદ

## નેપાળના રાષ્ટ્રપતિએ વહીવટી ઘાલમેલને લઈને સંસદના બંને ગૃહના સત્રને રદ કર્યું

### અગાઉ શ્રમ મંત્રી દીપ કુમાર સાહને ભ્રષ્ટાચારના આરોપમાં પદ પરથી હટાવવામાં આવ્યા હતા

**અબતક, રાજકોટ**

નેપાળમાં હાલમાં મોટી રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. વડાપ્રધાન બાલેન શાહની નવી સરકારમાં ભ્રષ્ટાચારના આરોપોને કારણે મુશ્કેલીઓ વધી છે. રાષ્ટ્રપતિએ અચાનક સંસદના સત્રો સ્થગિત કરી દીધા છે, જ્યારે ગૃહમંત્રી સુદન ગુરુન્ગે નાણાકીય ગેરરીતિના આરોપો બાદ રાજીનામું આપી દીધું છે. રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે કોઈ ખાસ કારણ આપ્યા વગર લોકસભા અને રાષ્ટ્રીય સભાના સત્રો સ્થગિત કર્યા છે.

આ નિર્ણય ઘણો આશ્ચર્યજનક માનવામાં આવે છે કારણ કે થોડા દિવસ પહેલા જ સત્ર બોલાવવાની જાહેરાત થઈ હતી. ગૃહમંત્રી સુદન ગુરુન્ગે ફેસબુક પર પોસ્ટ મૂકીને રાજીનામું આપ્યું. તેમણે કહ્યું કે પદ કરતા નૈતિકતા મોટી છે અને તેમના રોકાણો અંગે તપાસ થવી જોઈએ. માત્ર એક મહિના જૂની આ સરકારમાં આ બીજા મંત્રીની વિદાય છે.



અગાઉ શ્રમ મંત્રી દીપ કુમાર સાહને ભ્રષ્ટાચારના આરોપમાં પદ પરથી હટાવવામાં આવ્યા હતા. રેપર અને એન્જિનિયરમાંથી નેતા બનેલા બાલેન શાહ 'ભ્રષ્ટાચાર મુક્ત નેપાળ'ના વચન સાથે સત્તામાં આવ્યા હતા, પરંતુ હવે તેમની પોતાની સરકાર તપાસના ઘેરામાં છે. સત્તા અત્યારે સંઘર્ષમાં છે. એક તરફ 'નવી પેઢી' ભ્રષ્ટાચાર સાફ કરવા માંગે છે, તો બીજી તરફ 'જૂની સિસ્ટમ' અને આંતરિક તપાસને કારણે સરકાર અસ્થિર બની છે. સરકાર અને જનતા વચ્ચે સીધો સંવાદ છે. નિર્ણયોની જાણકારી પ્રેસ કોન્ફરન્સને બદલે સોશિયલ મીડિયા પર અપાય છે.

બાલેન શાહની સરકાર 'ભ્રષ્ટાચાર મુક્ત' હોવાના વચન સાથે આવી છે. ગુરુન્ગે પોતે જ કહ્યું કે, ''મારા માટે પદ કરતાં નૈતિકતા અને જનતાનો ભરોસો વધુ મહત્વના છે.'' એટલે કે તપાસ દરમિયાન પદ પર રહેવું તેમને ઠીક ન લાગ્યું. તેમના પર લાગેલા આરોપોની નિષ્પક્ષ તપાસ થઈ શકે અને સરકારની છબી ખરડાય નહીં, તે માટે તેમણે સામે ચાલીને પદ છોડ્યું છે.




## સમાનુભૂતિઃ માનવતાનું મૌન જોડાણ

# સંબંધોની નવી ભાષાઃ જોવાની નહીં, અનુભવવાની દૃષ્ટિ

### હૃદયથી હૃદયનો સેતુ માત્ર સમજણ નહીં, સંવેદના જ્યારે મન બીજાના મનમાં વસે ત્યારે સમાનુભૂતિની શક્તિ આવે છેઃ શિક્ષણના ચાર આધાર સ્તંભ છે, ભણતર, જ્ઞાન, પ્રવૃતિ, સહઅસ્તિત્વ અને માનવતા

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

સમાનુભૂતિ એ જીવન કૌશલ્ય છે જેમાં આપણે બીજાની લાગણીઓ, વિચારો અને પરિસ્થિતિને તેમના દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરીએ છીએ. આમાં માત્ર દુઃખ જ નહીં, પણ આનંદ, ડર કે મૂંઝવણને પણ અંદરથી અનુભવવા જેવું છે. સમાનુભૂતિ સારા સંબંધો બાંધે છે, ઝઘડા ઘટાડે છે અને ટીમવર્ક કે નેતૃત્વમાં વિશ્વાસ ઊભો કરે છે. સક્રિય રીતે સાંભળવું, નિર્ણય લીધા વગર પ્રશ્નો પૂછવા અને શારીરિક હાવભાવ નોંધવા એ સમાનુભૂતિ વિકસાવવાની મુખ્ય રીતો છે. પરાનુભૂતિ એટલે બીજાના દુઃખ કે તકલીફ જોઈને દયા, કરુણા કે ચિંતા અનુભવવી. તેમાં આપણે બીજા માટે ખરાબ લાગે છે અને મદદ કરવાની ઈચ્છા થાય છે, પણ તેમની જગ્યાએ પોતે ઊભા રહીને અનુભવવાને બદલે બહાર ઊભા રહીને પ્રતિભાવ આપીએ છીએ. પરાનુભૂતિ સંભાળ અને સહાયનું પ્રથમ પગલું બની શકે છે, જેમ કે ''મને ખૂબ દુઃખ થયું'' કહેવું કે જરૂરિયાતમંદને મદદ કરવી. બીજાના ચશ્માથી દુનિયા જોવી સાથે પરકાયા પ્રવેશની કળા ખીલવવી જોઈએ. હૃદયથી હૃદયનો સેતુ દૃષ્ટિકોણનું પરિવર્તન હું નહીં, 'તું' ના સ્થાનેથી જ અણકહી વાતોની સમજ ખીલે ત્યારે સામાનભૂતિ જીવન કૌશલ્યો હસ્તગત થાય છે. આજના શિક્ષણમાં છાત્રોએ જીવન કૌશલ્યો વિકસાવવા જરૂરી છે. સમાનુભૂતિ એટલે બીજાને તેની પોતાની દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરવો. સામી વ્યક્તિની લાગણી, વર્તન અને વ્યવહારને પોતાની રીતે, પોતાના વિચારો પ્રમાણે મૂલવ્યા વગર હેતુલક્ષી રીતે જ ને અનુભવનું નિરીક્ષણ કરવું એટલે પરાનુભૂતિ. એક નાનકડા વિદ્યાર્થી માટે પેન્સિલ ખોવાઈ જવી એ એક મોટી સમસ્યા છે. જો શિક્ષક વિદ્યાર્થીની દયા ખાય, ને પછી બે ધ્યાન થઈ જાય તો તે માત્ર સહાનુભૂતિ છે, જયારે બીજાનું દુઃખ-લાગણી પોતાની દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરે તે પરાનુભૂતિ કહેવાય છે.

યુનેસ્કોના ૧૯૯૬ના અહેવાલ મુજબ શિક્ષણના ચાર આધાર સ્તંભ છે. ભણતર, જ્ઞાન, પ્રવૃતિ, સહઅસ્તિત્વ અને માનવીપણું. આ આદર્શોને સ્વીકારવામાં જીવન કૌશલ્યો અગત્યની ભૂમિકા ભજવે છે. શાળાઓમાં શિક્ષકે શાળા સંકુલે આ જવાબદારી નિભાવવાની છે. જેથી વિદ્યાર્થીઓ જવાબદાર, રક્ષિત , કાર્યદક્ષી અને સમાજના વિકાસમાં ફાળો આપતાં નાગરિક તરીકે વિકસાવી શકાય. વર્ગખંડનું વાતાવરણ અસરકારક હોવું જોઈએ અને માટે શિક્ષક સજજતા જરૂરી છે. બાળક નિર્ભયપણે પોતાની મુશ્કેલી રજુ કરી તેવું વાતાવરણ નિર્માણ શિક્ષકે કરવું જરૂરી છે. વર્ગમાં પ્રેમ, હુંફ, લાગણી સભર વાતાવરણ સાથે બાળકના રસ રૂચિને વલણો શિક્ષકો એ જાણવા બહુ જ જરૂરી છે. બાળકના સુખ-દુઃખમાં શિક્ષકે હર્મેશા અગ્રિમ ભૂમિકા ભજવવી જોઈએ તો જ તેના પ્રશ્ન નિરાકરણનો સરળ રસ્તો શોધી શકશે.શાળા સંકુલ કે વર્ગખંડમાં બાળકોને ઘણીવાર મુશ્કેલી આવતી હોય છે. ત્યારે શિક્ષકે મદદ કરવીને તેની સાથે બાળક પોતે તેની લાગણીઓ સમજતો થાય એ જરૂરી છે.

વર્ગખંડમાં સારા કાર્યોના પ્રોત્સાહનને કારણે પણ ઘણા કૌશલ્યો વિકસાવવા સરળ બની જાય છે. સમગ્ર વર્ગખંડ કોઈ એક બાળકની લાગણી સમજે મદદ કરે અને એ બાળકને પોતે તેની લાગણી સમજવામાં સહકાર આપે તે જરૂરી છે. શિક્ષક બાળકની નાનામાં નાની સમસ્યાને પણ કાળજી પૂર્વક તેમના દૃષ્ટિકોણથી સમજીને હલ કરવામાં મદદ કરે છે ત્યારે જ શિક્ષકોનો વ્યવહાર પરાનુભૂમિ દર્શક બને છે. વર્ગખંડના દિવ્યાંગ બાળક પ્રત્યે અન્ય બાળકોની તેના પ્રત્યેની લાગણી વ્યવહાર બાબત એજ છે.




પરાનુભૂતિ એટલે 'બીજાના પેંગડામાં પગ નાખવો' માત્ર એટલું જ નહીં, પણ બીજાને, તેની પોતાની દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરવો. વળી સામી વ્યક્તિની લાગણી, વર્તન કે વ્યવહારને પોતાની રીતે, પોતાના વિચારો પ્રમાણે મૂલવ્યા વગર, હેતુલક્ષી રીતે જ ઉદ્ભવનું નિરીક્ષણ કરવું. આ રીતે પરાનુભૂતિ તે બીજા વ્યકિતને ઊંડાણથી સમજવા માટેની એક પ્રમાણિક આતુરતા છે. દા.ત. જયારે શિક્ષક વિદ્યાર્થીઓની નાનામાં નાની સમસ્યાઓને પણ કાળજીપૂર્ણક, તેમના દૃષ્ટિકોણથી સમજીને હલ કરવામાં મદદ કરે છે ત્યારે તેમનો વ્યવહારએ પરાનુભૂતિદર્શક વ્યવહાર છે. જેમકે, જયારે કોઈ બાળકની પેન્સિલ ખોવાઈ જાય અને તેની આ મૂંઝવણ દૂર કરવા માટે શિક્ષક કાળજી દર્શાવે, ત્યારે તેપરાનુભૂતિ છે. કારણ કે, અહીં શિક્ષક સમજે છે, કે એક નાનકડા વિદ્યાર્થી માટે તેની પેન્સિલ ખોવાઈ જવીએ એક મોટી સમસ્યા છે. જો આ ઉદાહરણમાં શિક્ષક વિદ્યાર્થીની દયા ખાય, ને પછી બેધ્યાન થઈ જાય, તો તે માત્ર સહાનુભૂતિ છે. કારણ કે સહાનુભૂતિમાં આપણે બીજાની દયા ખાઈએ અથવા તો તેનાં દુઃખે દુઃખી થઈને માત્ર આશ્વાસન જ પુરું પાડીએ છીએ, જયારે પરાનુભૂતિમાં બીજાનું દુઃખ અથવા લાગણી તેની પોતાની જ દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરીને, લાગણીમાં તણાયા વગર તેને દુઃખના નિરાકરણ સુધી પહોંચવામાં મદદરૂપ થઈએ છીએ. જેમકે, ભુકંપમાં વ્હાલસોઈ માતાને ગુમાવનાર એક બાળક જયારે દુઃખી હોય છે. ત્યારે જો શિક્ષક તેને 'બિચારું' કહીને સહાનુભૂતિ દર્શાવે, તો તે બાળકને સમજવામાં મદદ કરે, અને ભૂકંપે સર્જેલી તારાજી દ્વારા થયેલ પારાવાર નુકશાનથી માહિતગાર કરે, તો બાળક સમજશે કે તેના દુઃખ કરતા પણ બીજા બધાનું દુઃખ ઘણું વધારે છે, અને આ સમજણ તેને પોતાના દુઃખમાંથી ઉગરવામાં સહાય કરશે. જયારે બાળકોમાં આ કૌશલ્ય વિકસે છે, ત્યારે તેઓ અસરકારક આતરમાનવીય સંબંધો વિકસાવી શકે છે. તેઓ પરસ્પર મિત્રતા અને સહકારભર્યા વલણો અપનાવવા માંડે છે. આ રીતે આપોઆપ તેમના મતભેદો અને ઝઘડા ઓછા થવા માંડે છે. વળી તેઓ એકબીજાને ચઢિયાતા કે ઉતરતા માનતા નથી, તેની તેમના રોજીંદા વર્તન-વ્યવહાર પણ સરળ અને સુમેળભર્યા બને છે. વળી, બાળકો સમાનુભૂતિ દ્વારા વડીલો અને શિક્ષક સખત શબ્દોમાં વિદ્યાર્થીઓને શાંત રહેવાનું કહે, તો સમાનુભૂતિનું કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓ સમજી જાય છે કે, શિક્ષકના આવા ગુસ્સા પાછળનો આશય તેમણે ધમકાવવાનો નહીં, પણ શિસ્ત જાળવવાનો છે.

જીવનમાં આગળ જતાં પણ જયારે જુદા જુદા લોકો સાથે વ્યવહાર કરવાની જરૂર પડે ત્યારે પરાનુભૂતિનું કૌશલ્ય ઘણું મદદરૂપ થાય છે. આના પરિણામે જીવન તણાવમુક્ત બની શકે છે. તેથી વિરૂધ્ધ, સમાનુભૂતિનું કૌશલ્ય ન વિકસાવી શકનારા વિદ્યાર્થીઓ બીજાની જરૂરિયાત અને લાગણીઓ સમજી શકતા નથી, અને પરિણામે પોતે બીજા સાથે સમાધાન કરી શકતા નથી. આવી પરિસ્થિતિ તેમને સમાજથી દૂર રાખે છે, તણાવગ્રસ્ત બનાવે છે. અને વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ થતો અટકે છે. વિદ્યાર્થીઓમાં પરાનુભૂતિનું કૌશલ્ય વિકસાવવા માટે શિક્ષકોએ સૌ પ્રથમ લાગણીના આવેગોને વિદ્યાર્થીના શારીરિક અને માનસિક વિકાસના સંદર્ભમાં સમજવા જરૂરી છે. વળી, વિદ્યાર્થીઓને એ સમજાવું પણ જરૂરી છે કે કઈ રીતે બીજાની લાગણી સમજવી, કઈ રીતે તાત્કાલીક પ્રતિભાવ નહીં આપીને શાંતિથી મૂળ સમસ્યા સમજવી, કઈ રીતે આપણા વિચારોને કોઈનું મૂલ્યાંકન કરતી વખતે વચ્ચે ન આવવા દેવા, કઈ રીતે બીજાની સંવેદનાને વ્યાજબી સ્વરૂપ આપવું અને તેમને પોતાની સમસ્યાનું સમાધાન જાતે કરવામાં મદદરૂપ થવું. આ રીતે વિદ્યાર્થીઓ વધારે સમજદાર બનીને પરાનુભૂતિનું કૌશલ્ય વિકસાવી શકે છે. આ પરાનુભૂતિ એ ખૂબ મહત્વનું કૌશલ્ય છે, જે મૂલ્યોની વિચારોની અને લાગણીઓની પેલે પાર પણ માનવીની સમજશક્તિ વિકસાવી શકે છે. અને તે અગાઉ ક્યારેક ન મેળવેલી આત્મસૂઝ કેળવી શકે છે.

**સામી વ્યક્તિની લાગણી, વર્તન અને વ્યવહારને પોતાની રીતે, પોતાના વિચારો પ્રમાણે મુલવ્યા વગર હેતુલક્ષી રીતે જ તે અનુભવનું નિરીક્ષણ કરવું એટલે પરાનુભૂતિ**

# પુસ્તકો માત્ર માહિતીનું સાધન નથી જીવનના ઘડતર માટેનો મજબુત પાયો છેઃ કલેકટર તન્ના

### કલેકટર રાજેશ તન્નાની પરિસ્થિતિમાં ખંભાળીયામાં વિશ્વ પુસ્તક દિન નિમિતે ગ્રંથ પૂજન કાર્યક્રમમાં સમજાવ્યું પુસ્તકોનું મહત્વ



**અબતક,મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

વિશ્વ પુસ્તક દિન'ના અવસરે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળીયા ખાતે આવેલ સરકારી જિલ્લા ગ્રંથાલયમાં ભવ્ય ગ્રંથ પૂજન અને જ્ઞાન ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર રાજેશ તન્ના સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુસ્તકોનું મહત્ત્વ સમજાવી વાંચન સંસ્કૃતિને વધુ વેગ આપવા આહવાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પવિત્ર ગ્રંથોનું પૂજન અને અર્ચન કરવામાં આવ્યું હતું. પુસ્તકોને સાક્ષાત સરસ્વતીનું સ્વરૂપ માની ઉપસ્થિત સૌકોઈએ ભાવપૂર્વક વંદન કર્યા હતા. કલેકટર તન્ના દ્વારા કાર્યક્રમ દરમ્યાન ગ્રંથાલયના વહીવટી સ્ટાફ સાથે ચર્ચા કરી લાઈબ્રેરીની કામગીરી, વાંચકો માટેની સુવિધાઓ અને આગામી સમયમાં ગ્રંથાલયના વિકાસ માટે જરૂરી પાસાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે બાળકો સાથે સંવાદ યોજી વિદ્યાર્થી જીવનમાં પુસ્તકોના મહત્ત્વ વિશે સમજણ આપી હતી. બાળકોને સમજાવ્યુ હતુ કે પુસ્તકો માત્ર માહિતીનું સાધન નથી પરન્તુ જીવનના ઘડતર માટેનો મજબૂત પાયો છે. સારા પુસ્તકોના વાંચનથી વિચારશકિત ખીલે છે અને જીવનમાં સાચો માર્ગ મળે છે. આજના ઈન્ટરનેટ અને સોશ્યલ મીડીયાના ડીજીટલ યુગમાં પણ પુસ્તકોનું સ્થાન અરિહાર્ય છે. નવી પેઢી પુસ્તકાલય તરફ વળે અને મોબાઈલના બદલે પુસ્તકો સાથે મૈત્રી કેળવે તેવા હેતુ સાથે આ સુંદર આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ગ્રંથાલયના અધિકારી, કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# કલ્યાણપુર લાંબા ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

કલ્યાણપુર તાલુકાના લાંબા બંદર ગામે સ્વ.ડાયાભાઈ હીરાભાઈ ધોકીયા પરિવાર ગઈકાલથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો ભવ્ય પ્રારંભ કરાયો છે. ગઈકાલે પોથીયાત્રા યોજાયા બાદ વ્યાસપીઠ પરથી પ્રસિદ્ધા ભાગવતાચાર્ય શાસ્ત્રી મહેશભાઈ લાબડીયા (રાજકોટ) દ્વારા તેમની સંગીતમય શૈલીમાં ઉપસ્થિત સાધુ-સંતો તથા રાજકીય આગેવાનો સહિતના શ્રોતાગણને કથાનું રસપાન કરાવવામાં આવી રહયુ છે. ગઈકાલથી શરૂ થયેલ ભાગવત કથા આગામી તા.૨૮ સુધી ચાલશે જે દરમ્યાન તા.૨૫મીએ શ્રીરામ જન્મ તથા શ્રીકૃષ્ણ જન્મ, તા.૨૭મીએ રૂકમિણી વિવાહ સહિતના ઉત્સવો ઉજવાશે. તા.૨૮મીએ રાત્રે ટુંપણી ગામની મંડળી દ્વારા કાનગોપી રાસ તેમજ તા.૨૯મીએ શ્રી વિષ્ણુયાગ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાનાર છે.

# દ્વારકા જગતમંદિરમાં ઠાકોરજીને વિશિષ્ટ પુષ્પશૃંગાર દર્શન



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનને ઋતુ અનુસાર શૃંગાર, ઈત્યાદિ અર્પણ કરવામાં આવી રહ્યા હોય હાલમાં ચાલતી ગ્રીષ્મ ઋતુમાં ઠાકોરજીને ઠંડક અર્પણ કરવાના ભાવ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર દર્શન યોજવામાં આવી રહ્યા છે. આજરોજ સાંજના સમયે ઠાકોરજીને ઠંડક આપતાં મનમોહક ફુલો તેમજ કળીઓના વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા. ગ્રીષ્મ ઋતુ દરમ્યાન સતત બે માસ સુધી ઠાકોરજીને સાંજના સમયે પુષ્પશૃંગાર યોજાનાર છે. આ ઉપરાંત ગ્રીષ્મકાળ દરમ્યાન ઠાકોરજીને ઋતુઅનુસાર ઠંકક આપતાં ભોગ ઈત્યાદિ પણ અર્પણ કરવામાં આવે છે.

# ઉના સ્વામિનારાયણ મંદિરમાં દેવોને ચંદનના વાઘાનો કરાયો શણગાર



**અબતક, ઉના**

ઊના શહેર મા આવેલ ૧૦૬વરસ જુના સ્વામિનારાયણ મંદિર આવેલ છે. જેમાં શ્રી, લક્ષ્મીનારાયણ દેવ, હરિકૃષ્ણ મહારાજ, પ્રસાદી ના લાલજી મહારાજ અને શાલીગ્રામ ભગવાન ની મૂર્તિ ને ઉનાળા ની આકરી ગરમી માં શીતળતા અને ઠંડક મળી રહે તે માટે વૈશાખ સુદ ત્રીજ થી આખો મહિનો મંદિર ના કોઠારી સ્વામી રામકૃષ્ણદાસ અને નિત્ય દર્શન સ્વામી ના માર્ગ દર્શન હેઠળ હરિભક્તો દ્વારા ચંદન ના વાઘા નો શણગાર કરવામાં આવે છે. તેમજ દર્શને આવતા હરિ ભક્તો માટે શીતલ જળ સેવા ની પ્રસાદી આપવામાં આવે છે.

# બજરંગ ગ્રુપની તમામ પ્રવૃત્તિઓ રવિવારે બંધ રહેશે

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ રાજકોટની યાદી મુજબ સ્થાનીક સ્વરાજની ચુંટણીના મતદાનના અનુલક્ષીને ગરેડીયા કુવા રોડ ખાતે કાર્યરત બજરંગ ગ્રુપ કાર્યાલય તા.૨૬-૦૪-૨૦૨૬ ને રવિવારના રોજ તમામ પ્રવૃતિઓ બંધ રહેશે. તેમ એક યાદીને અંતે સંસ્થાના સ્થાપક કિશોરભાઈ ધનજીભાઈ કારીયા-સંસ્થાના પ્રમુખ હસુભાઈ ગણાત્રાની યાદી જણાવે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૪-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (લોચા લાપસી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોટેટો સલાડ વિથ ચીઝ સોસ)+(સેઝવાન રાઈસ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દર્શના પંડયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૦૪-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૫-૪-૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ નોમ સીતાનોમ
**નક્ષત્ર** આશ્લેષા
**યોગ** ગંડ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૬.૨૧ **સુર્યાસ્તઃ** ૭.૧૦
**ચંદ્ર રાશી** કર્ક રાત્રે ૮.૦૫થી સિંહ
**રાશિ અક્ષર** ડ.હ/મ.ટ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૭ | | | ૪ | ૫ | |
| ૨ | | | ૪ | | | | ૬ | |
| | ૪ | | | ૧ | ૫ | | ૩ | |
| | ૭ | ૪ | | ૩ | | ૧ | | ૫ |
| | | ૨ | ૮ | ૬ | ૭ | | | ૪ |
| ૩ | | ૮ | | | | | ૭ | |
| | ૮ | ૬ | | | ૨ | ૫ | ૧ | |
| | | | ૩ | | | | | |
| ૯ | | | | ૫ | | | ૨ | ૬ |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૬ | ૪ | ૯ | ૫ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૯ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૮ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૩ | ૪ | ૫ | ૯ | ૭ | ૬ | ૮ | ૨ | ૧ |
| ૯ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ | ૫ | ૩ | ૭ |
| ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૧ | ૬ | ૯ | ૪ |
| ૬ | ૫ | ૭ | ૮ | ૨ | ૯ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૮ | ૩ | ૬ | ૧ | ૭ | ૨ | ૫ | ૯ |
| ૨ | ૧ | ૯ | ૩ | ૫ | ૪ | ૭ | ૬ | ૮ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૫.૪.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ નોમ, આશ્લેષા નક્ષત્ર, કૌલવ કરણ આજે રાત્રે ૮.૦૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક (ડ,હ) ત્યારબાદ સિંહ (મ,ટ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય, સંતાન અંગે સારું રહે, પરિવારમાં આનંદ રહે, શુભ દિન.
**વૃષભ** (બ,વ,ઉ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય, દિવસ પ્રગતિકારક રહે.
**મિથુન** (ક,છ,ઘ) : તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો, શુભ દિન, લાભ થાય.
**કર્ક** (ડ,હ) : બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો, મનોમંથન કરી શકો.
**સિંહ** (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે, લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
**કન્યા** (પ,ઠ,ણ) : લોન વિગેરે બાબતમાં સાંભળવું, ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
**તુલા** (ર,ત) : જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
**વૃશ્ચિક** (ન,ય) : વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો.
**મકર** (ખ,જ) : કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો, વિવાદ નિવારી શકો, મધ્યમ દિવસ રહે.
**કુંભ** (ગ,સ,શ) : આંતરિક જીવનમાં સારું રહે, સબંધોમાં સુલેહથી ચાલી શકો. વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.
**મીન** (દ,ચ,ઝ,થ) : આપણા ગણીને ચાલતા હોઈએ તે બધા આપણા નથી હોતા!, હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું, મધ્યમ દિવસ.

કમળ ખીલશે વિકાસ જીતશે

# વોર્ડ નં.૩માં સર્વત્ર કેસરિયો: ભાજપના ઉમેદવારોને ઉમળકાભેર આવકાર

## પૂર્વ ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભાઈ), પૂર્વ કોર્પોરેટર અલ્પાબેન દવે, હિનાબેન બેલાણી અને અજયભાઈ મજેઠીયાને હોંશભેર ફૂલડે વધાવતા મતદારો

### કોંગ્રેસના ઉમેદવારોએ મતદાન પહેલા જ જાણે હાર સ્વીકારી લીધી હોય તેવી સ્થિતિ પ્રચારમાં પણ દેખાતા નથી

### વોર્ડમાં નવા ભળેલા વિસ્તારોમાં પણ માત્ર પાંચ વર્ષમાં મોટાભાગની સુવિધાઓ પહોંચી ગઈ

### સાચા જનસેવકોને ચૂંટીને વિકાસમાં સાક્ષી બનવા વોર્ડવાસીઓમાં ભારે થનગનાટ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણીના મતદાનના આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે શહેરના વોર્ડ નં.૩માં જાણે કોંગ્રેસના ચારેય ઉમેદવારોએ મતદાન પહેલા જ હાર સ્વિકારી લીધી હોય તેવું લાગી રહ્યું છે. વોર્ડ નં.૩માં અત્ર, તત્ર, સર્વત્ર કેસરિયો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના ચારેય ઉમેદવારો પૂર્વ ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ કોર્પોરેટર અલ્પાબેન દવે, હિનાબેન બેલાણી અને અજયભાઈ મજેઠીયાને જંગી લીડથી વિજેતા ખૂદ મતદારોમાં સ્વયંભૂ જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિકાસના સાક્ષી બનવા અને પોતાના વોર્ડને રાજકોટનો સૌથી સ્માર્ટ અને સુવિધાથી સજ્જ બનાવવા મતદારોએ ભાજપના ચારેય ઉમેદવારોને પોતાના જન પ્રતિનિધિ બનાવવાનું મન બનાવી લીધું છે. હાલ વોર્ડમાં એક તરફી માહોલ જોવા મળી રહ્યો છે. વોર્ડ નં.૩ વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટો વોર્ડ છે. દરમિયાન છેલ્લા પાંચ વર્ષમાં પૂર્વ ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા સહિતના પૂર્વ જન પ્રતિનિધિઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી વોર્ડમાં વિકાસની હારમાળા સર્જી દીધી છે. વોર્ડમાં નવા ભળેલા વિસ્તારોમાં લાઈટ, પાણી, ગટર, સફાઈ સહિતની પાયાની સુવિધાઓ ડોર ટુ ડોર પહોંચાડી દેવામાં આવી છે. આજે વોર્ડવાસીઓ સ્માર્ટ સિટીમાં વસવાટ કરી રહ્યા હોય તેવો અહેસાસ કરી રહ્યા છે.


''ભાજપને મત એટલે વિકાસને મત'' આ સુત્રને નરેન્દ્રસિંહ જાડેજાએ સવાયું ચરિતાર્થ કરી દેખાડ્યું છે. ચૂંટણી પ્રચાર દરમિયાન વોર્ડ નં.૩ના ભાજપના ચારેય ઉમેદવારોને તમામ વિસ્તારમાં મતદારોનો ઉમળકાભેર આવકાર મળી રહ્યો છે. બાપૂ તમારૂં કામ બોલે છે. તમારે મત માંગવા આવવાનું જ ન હોય અને તમને મત આપી તોતીંગ લીડથી વિજેતા બનાવવા સ્વયં તલપાપડ થઈ રહ્યા છે. તેવું ખૂદ મતદારો ચૂંટણી પ્રચાર દરમિયાન કહી રહ્યા છે. જન સંપર્ક, બૂથ મીટીંગ દરમિયાન મતદારો વોર્ડ નં.૩ના ભાજપના ચારેય ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજા, અજયભાઈ મજેઠીયા, અલ્પાબેન દવે અને હિનાબેન બેલાણીને કુમકુમ તિલક કરી મોંઢા મીઠા કરાવી હોંશભેર આવકાર આપી રહ્યા છે. વોર્ડમાં ભૂલકાઓથી માંડી વડીલ સુધી તમામ વયના લોકોએ છેલ્લા પાંચ વર્ષમાં થયેલા વોર્ડના વિકાસને પોતાની નજર સમક્ષ નિહાળ્યો છે. હવે જ્યારે લોકશાહીનું મહાપર્વ આવ્યું છે ત્યારે ભાજપની વિકાસની રાજનીતિ સાથે સદાકાળ માટે જોડાઈ રહેવા ઈચ્છી રહ્યા છે.





#### નરેન્દ્રસિંહ પૃથ્વીરાજસિંહ (ઘોઘુભા) જાડેજા

નરેન્દ્રસિંહ પૃથ્વીરાજસિંહ (ઘોઘુભા) જાડેજા એક સફળ બિઝનેસમેન તથા ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર્તા અને રાજકોટ વોર્ડ નં.૩ ના ૨૦૨૧થી ૨૦૨૬ સુધી કોર્પોરેટર અને ૨૦૨૩ થી ૨૦૨૬ રાજકોટના ડેપ્યુટી મેયરની જવાબદારી સફળતાપુર્વક નિભાવી હતી. નરેન્દ્રસિંહના પિતા પૃથ્વીરાજસિંહ (ઘોઘુભા) હેમંતસિંહ જાડેજાએ ભારતીય જનતા પાર્ટી સાથેનો એમનો ૩૦ વર્ષીય જુનો નાતો છે. તેઓ ૨૦૦૫ થી ૨૦૧૦ સુધી રાજકોટ તાલુકા પંચાયતના પ્રમુખ પદે સેવા આપી અને ત્યારબાદ સને ૨૦૧૦ થી ૨૦૨૦ સુધી રાજકોટ તાલુકા પ્રમુખ તરીકે સેવા આપી હતી.નરેન્દ્રસિંહ ક્ષત્રિય સમાજમાંથી આવે છે અને પોતાના સમાજમાં આગવી ઓળખ ધરાવે છે. સામાજીક અને જાહેર જીવનમાં પોતાનો સિંહફાળો એજ એમની પ્રસિધ્ધી દર્શાવે છે. નરેન્દ્રસિંહને પુરૂષાર્થ યુવક મંડળ ચેરી. ટ્રસ્ટ રાજકોટ તેમજ ક્રાઈસ્ટ હોસ્પિટલ જેવી અનેક સંસ્થાઓ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે. રાજકોટ રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં એક અનોખી નામના ધરાવે છે. રાજકોટ રીયલ એસ્ટેટ એસો.માં એસોસીએશનના તમામ સભ્યો સાથેનો પોતાનો સંબંધ પોતાનું વ્યક્તિવ્ય પ્રગટ કરે છે.તેઓ રાજ બેંકમાં ડિરેક્ટર, સદ્જ્યોતિ ટ્રસ્ટમાં સક્રિય સેવા અને હરભમજીરાજ ગરાસીયા છાત્રાલયમાં ટ્રસ્ટી તેમજ દર્દીઓની સેવા અર્થે સમયાંતરે બ્લડ ડોનેશન કેમ્પ, જરૂરિયાત મંદ પરિવારજનોને રાશન કીટ, નવરાત્રી દરમ્યાન ૭૦૦થી વધુ બાળાઓને લ્હાણી વિતરણ પણ કરતા આવે છે. આવા સેવાના પર્યાય સમા ભાજપના ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાને બહુમતીથી વિજયી બનાવીને વોર્ડના વિકાસમાં સાક્ષી બનવા તત્પર છે.



#### અજયભાઈ મજેઠીયા (કોળી)

અજયભાઈ હરેશભાઈ મજેઠીયા (કોળી) ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે ઘણા સમયથી જોડાયેલા છે. તેઓ તથા તેમનો પરિવાર અનેક સામાજિક સંસ્થાના માધ્યમથી લોક સેવાના કાર્યો કરે છે. કોરોના વખતે રામેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી વોર્ડના જરૂરીયાત મંદ લોકોને અનાજ સહાય, ભોજન સહાય, ઓક્સિજન બોટલ વગેરેની સહાયમાં મદદરૂપ થઈ સતત પર દિવસ સુધી સેવાકાર્ય કરેલ વોર્ડમાં ચાલતા સેવાના કાર્યોમાં બ્લડ ડોનેશન કેમ્પ, દવા સહાય, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુક ચોપડા વગેરે અપાવવામાં ખૂબ જ મહત્વની કામગીરી કરેલ છે. અજયભાઈ હરેશભાઈ મજેઠીયા સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને ભોજન, દવા, બ્લડ વગેરેની વ્યવસ્થા કરી આપવામાં તત્પર રહે છે. તેઓ વોર્ડ નંબર ૩ ના અવિરત વિકાસ માટે શિક્ષિત અને યુવા ઉમેદવાર અજયભાઈ મજેઠીયાને જંગી બહુમતીથી જીતાડવા મતદારો મક્કમ છે.



#### હિનાબેન બેલાણી

શ્રીમતી હિનાબેન નવીનભાઈ બેલાણી જનસંઘનાં સમયથી રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયેલા અને જનસેવા એ જ પ્રભુ સેવાના ધ્યેય સાથે હંમેશા સેવાના કાર્યોમાં તત્પર રહેતા સિંધી સમાજના અગ્રણી આત્મારામ બેલાણીના પુત્રવધુ છે. હિનાબેન નવીનભાઈ બેલાણીએ બી.કોમ. ગ્રેજ્યુએટ તથા એલએલબીની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ અનેક સેવાકીય સંસ્થા સાથે જોડાયેલ છે. જેમની કામગીરીને ધ્યાને લેતા ભારતીય જનતા પાર્ટીએ એમને વોર્ડ નં.૩ ના મહિલા ઉમેદવાર તરીકે પસંદ કરેલ છે. તમામ મહિલાઓ માટે ગૌરવની વાત છે. હિનાબેન બેલાણી તેમજ તેમનો સમગ્ર બેલાણી પરિવાર ઘણા વર્ષોથી સામાજીક સંસ્થાઓ જેવી કે સંતબાબા શ્રી ટહેલીયારામ સાહેબ, સિંધી પંચાયત, સંતશ્રી અરજનદેવ સાહેબ સંસ્થા, સંત બાબાશ્રી સુખરામદાસ સાહેબ સંસ્થાનાં માધ્યમથી અનેક ધાર્મિક સેવાકીય કાર્યો કરી રહ્યા છે. હિનાબેન બેલાણી અનેક વિવિધ સંસ્થાઓના માધ્યમથી સેવાકીય પ્રવૃત્તિ જેવી કે શિક્ષણ ક્ષેત્રમાં ગરીબ પરિવારનાં બાળકો માટે અભ્યાસ, પુસ્તકો તથા ફીની આર્થિક સહાય, મેડીકલ ક્ષેત્રમાં મેડીકલ કેમ્પ તથા દવા અને ઓપરેશન માટે આર્થિક સહાય વગેરે કાર્યો વર્ષોથી કરી રહ્યા છે. ગુરૂશ્રી સુખરામદાસ મહિલા મંડળ થકી ગરીબ વર્ગનાં બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે કોમ્પ્યુટર ક્લાસ, સિવણ ક્લાસ વગેરે સાથે વર્ષોથી જોડાયેલા છે. કોરોના કાળનાં કપરા સમયમાં વોર્ડ નં.૩ જરૂરિયાત મંદ પરિવારોને અનાજની કીટ, ભોજન સહાય, ઓક્સીજનની બોટલની વ્યવસ્થા વગેરે સેવાકીય કામગીરી પણ કરેલ છે. આપણું રાજકોટ શહેર જ્યારે સ્માર્ટ સીટી બનવાની અવિરત આગેકુચ તરફ વધી રહ્યું છે. વોર્ડ નં.૩ ને ઝડપથી સ્માર્ટ વોર્ડ બનાવવા માટે આવા શિક્ષિત યુવા અને ઉત્સાહી મહિલા ઉમેદવાર હિનાબેન નવીનભાઈ બેલાણીને જંગી બહુમતીથી વિજયી બનાવવા થનગની રહ્યા છે.



#### અલ્પાબેન દવે

શ્રીમતી અલ્પાબેન દિપકભાઈ દવે જનસંઘના સમયથી રાષ્ટ્રપ્રેમ, ત્યાગ, બલિદાન, સમર્પણની ભાવના સાથે ''જન સેવા એજ પ્રભુ સેવા'' સક્રિય રીતે અગ્રેસર રહી બ્રાહ્મણ સમાજ, સંઘ પરિવાર, શિક્ષણ ટ્રસ્ટ અને સહકારી બેંકમાં અગ્રણી સેવાકીય રંગમાં રંગાયેલા ''દવે પરિવાર'' અને ભૂતપૂર્વ કોર્પોરેટર મુરલીભાઈ દવેની કુલવધુ, તેઓએ સમાજ શાસ્ત્રમાં અભ્યાસ કરી માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી છે. જે ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રિય તથા સેવાભાવી મહિલાને ભારતીય જનતા પાર્ટી વોર્ડ નંબર ૩ના ઉમેદવાર તરીકે ફરીથી પસંદ કરે છે. જે તમામ મહિલાઓનું ગૌરવ છે.

શ્રીમતી અલ્પાબેન દિપકભાઈ દવે ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં.૩માં કોર્પોરેટર રહી ૨૦૨૧ થી ૨૦૨૬ પાંચ વર્ષના સમય ગાળામાં વોર્ડના દરેક વિસ્તારમાં રોડ, ભુગર્ભ ગટર, સ્ટ્રીટ લાઈટ, પાણી લાઈન, નવા બ્રિજ, સરકારની મહિલા યોજનાઓ, આયુષ્માન કાર્ડ તેમજ વયવંદના કાર્ડ, લોકોના પ્રશ્નો, મુશ્કેલીઓ હોય કે મદદની પુકાર કે પછી સેવા, કિટ વિતરણ, સ્વચ્છતા અભિયાન હોય હર હંમેશ તેઓ ઈમરજન્સી ૧૦૮ બની ત્વરિત ઉકેલ લાવી અગ્રેસર રહી ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તા ટીમ સાથે સંકલન કરીને સક્રિય ભુમિકા ભજવી છે. આવી ઉમદા ભાવના ધરાવતાં સંઘ પરિવારના શ્રીમતી અલ્પાબેન દિપકભાઈ દવે ''ઓમ'' એજ્યુકેશન ટ્રસ્ટના સદસ્ય, મહિલા મંડળના સભ્ય, પ્રેમાળ, વિવેકી, વડિલોના આદર સત્કાર, બાલ પ્રેમીની સાથે દીર્ઘદ્રષ્ટિ, સુજબુજથી સફળ રજૂઆતો કરી પ્રશ્નોનું નિરાકરણ લાવી યોગ્ય નિર્ણય લેનાર મહિલા છે. ભારતીય જનતા પાર્ટીની ફરીથી પ્રતિનિધી બની વોર્ડ નંબર ૩ની વધુ ઉમદા સેવા કરી પાર્ટીના લક્ષ્ય સેવાકાર્ય અને વધુ સારૂં વેગ આપશે.

---

માધવ તારી ''મોરલી''માં બોલે ઝીણા મોર ''પેનલ'' તૂટે છે !

# ભાજપ સત્તા જાળવી રાખશે પણ પડકાર વધશે: આપનું ખાતુ ખુલશે, કોંગ્રેસ બે અંકે આંબશે

## કોર્પોરેશનની ચૂંટણીના મતદાનના બે દિવસ પૂર્વે ઉપજતું તમામ ૧૮ વોર્ડનું ચિત્ર: મહાપાલિકાના ૫૩ વર્ષના ઈતિહાસમાં ત્રીજા રાજકીય પક્ષની એન્ટ્રીના મળી રહેલા એંધાણ

## અનેક વોર્ડમાં પેનલોમાં જબરી ઉથલ-પાથલ થવાના સ્પષ્ટ એંધાણ: ક્રોસ વોર્ટિંગની સૌથી વધુ ભીતિ ભાજપને, આમ આદમી પાર્ટી માટે વકરો એટલો નફો જેવો માહોલ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે આગામી રવિવારે મતદાન થવાનું છે તે પૂર્વે શહેરના તમામ વોર્ડમાં હાલ જે ચૂંટણી ચિત્ર ઉપસી રહ્યું છે તે જોતા એવુ સ્પષ્ટ લાગી રહ્યું છે કે ભાજપને સત્તા જાળવી રાખવામાં કોઈ મોટી સમસ્યાનો સામનો કરવો પડેશે નહીં પરંતુ પક્ષ માટે નવી બોડીની નિમણુંક બાદ શાસન ચલાવવું થોડુક પડકારરૂપ બની જાશે મહાપાલિકાના ૫૩ વર્ષના ઈતિહાસમાં ક્યારેય ત્રીજા રાજકીય પક્ષ પર રાજકોટની જનતાએ વિશ્વાસ દેખાડ્યો નથી. પરંતુ આ વખતે ચીત્ર થોડુક અલગ દેખાઈ રહ્યું છે. બે થી ત્રણ વોર્ડમાં આપના ઉમેદવાર જોર કરી રહ્યા છે. બની શકે કે આમ આદમી પાર્ટી ખાતુ ખોલાવામાં સફળ રહે કોંગ્રેસ માટે ૨૦૨૧ જેવું નિરાશાજનક પરિણામ નહીં રહે તેવું પણ લાગી રહ્યું છે. ગત ચૂંટણીમાં માત્ર ચાર બેઠકો પર સમેટાઈ ગયેલી કોંગ્રેસ આ વખતે બે અંકે પહોંચે તેવું લાગી રહ્યું છે.

શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પર કેટલાક વોર્ડમાં ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ દેખાઈ રહ્યો છે. પ્રચાર દરમિયાન મતદારો પણ પોતાનું મન કળવા દેતા નથી જેના કારણે ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અને રાજકીય પક્ષોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષોથી ભાજપના ગઢ હોય તેવા વોર્ડમાં પણ આ વખતે ભાજપની ચિંતા વધી છે. કારણ કે, કોંગ્રેસે મજબુત ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. સામાપક્ષે આમ આદમી પાર્ટીએ પણ ખરેખર જનસેવાની વિચારધારા ધરાવતા લોકોને ચૂંટણીમાં ટિકિટ આપી છે. જેના કારણે આ વખતે શહેરીજનોને ત્રણ મજબુત વિકલ્પો મળી ગયા છે. ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમ વખત રાજકોટ મહાપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે. જેના કારણે ટિકિટ ફાળવણીમાં પણ કેટલાક સમીકરણો ધરમુળથી ખરી ગયા છે. ઓબીસી અનામતના કારણે વર્ષોથી જે પાર્ટીનો ચહેરો મનાતો હતો તેવા નેતાઓને પણ ટિકિટ મળી શકી નથી. બીજી તરફ ભાજપમાં આ વખતે ટિકિટ ફાળવણીને લઈ અંતિમ ઘડી સુધી ખેંચતાણ ચાલી હતી. જેના કારણે પરિણામ પર પણ અસર પડે તેવું લાગી રહ્યું છે. ૨૦૨૧માં કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપને ૧૭ વોર્ડમાં શાનદાર જીત મળી હતી અને ૬૮ બેઠકો જીતી હતી. એક માત્ર વોર્ડ નં. ૧૫માં કોંગ્રેસની પેનલ આવી હતી. તે સમયે ભાજપના પ્રમુખ તરીકેની જવાબદારી કમલેશ મીરાણી સંભાળતા હતાં આ વખતે શહેર ભાજપ અધ્યક્ષ તરીકે ડો. માધવ દવે સત્તારૂઢ છે તેઓની આગેવાનીમાં ભાજપ સત્તાથી વિમુખ થાય તેવા કોઈ મેજર પરિબળો હાલ દેખાતા નથી પરંતુ એક વાત પણ નિશ્ચિત છે કે, ૨૦૨૧માં જે રીતે ભાજપને ભવ્ય જીત મળી હતી તેવી જીત આ વખતે મળશે નહીં પક્ષને ૧૦થી વધુ બેઠકોનું નુકશાન જવાની પણ શકયતા દેખાઈ રહી છે.

શહેરના ૧૮ વોર્ડની તમામ ૭૨ બેઠકો પર

(અનુ. આઠમા પાને)



### મુકેશ દોશી તમામ ૧૮ વોર્ડમાં દોડે છે કમળ જ સર્વોપરીના આપે છે સંદેશ

શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશીએ કોર્પોરેશનની ચૂંટણીમાં તમામ ૧૮ વોર્ડની જવાબદારી સ્વયંભૂ ઉપાડી લીધી હોય તેવું દેખાઈ રહ્યું છે. તેઓ છેલ્લા એક પખવાડિયાથી શહેરના અલગ અલગ વોર્ડમાં જઈ ભાજપના ઉમેદવારો સાથે પ્રચાર કાર્યમાં જોડાય છે. કપાયેલા કે દુભાયેલાઓને તેઓ એકવાતનો સંદેશ આપે છે કે, કમળ જ આપણા માટે સર્વોપરી છે. પક્ષે એક કાર્યકર તરીકે આપણને ઘણુ આપ્યું છે. હવે જ્યારે ચૂંટણી સમયે પક્ષને જરૂરિયાત હોય ત્યારે પરિશ્રમની પરાકાષ્ટા સર્જીદેવી આપણી નૈતિક ફરજ છે. કોઈ પણ વોર્ડમાં ઉમેદવાર કાર્યકર કે પક્ષને જ્યારે જરૂરિયાત જણાય ત્યારે મુકેશભાઈ દોશી ત્યાં પહોંચી જાય છે. ચૂંટણી વ્યવસ્થામાં પણ તેઓ ખુબ મોટો અને મહત્વનો રોલ અદા કરી રહ્યા છે. રાજકોટ મહાપાલિકામાં ફરીથી કમળ સોળે કળાએ ખીલી ઉઠે તેવા એક માત્ર હેતુ સાથે તેઓ પ્રચારમાં જોડાઈ રહ્યા છે. અલગ અલગ વોર્ડમાં તેઓ વ્યવસ્થાઓનું નિરિક્ષણ કરી રહ્યા છે અને આગેવાનો તથા ઉમેદવારોને જરૂરી ચૂંટણી લક્ષી માર્ગદર્શન પણ આપી રહ્યા છે.

### ૯૦ વર્ષના વજુભાઈ વાળાએ ભાજપ માટે પ્રચાર કરવા મેદાનમાં ઉતરવુ પડ્યુ



ગુજરાત ભાજપના કદાવર નેતામાં જેમની ગણના થાય છે તેવા રાજ્યના પૂર્વ નાણામંત્રી અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાની ઉંમર ૯૦ વર્ષ જેવી થવા પામી છે. છતાં તેઓની પક્ષ પ્રત્યેની નિષ્ઠામાં રતીભાર પણ કમજોરી આવી નથી. કેટલાક વોર્ડમાં ભાજપના ઉમેદવારોને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો બરાબરની ટક્કર આપી રહ્યા છે. તેવું દેખાતા અને પ્રચાર દરમિયાન ભાજપ તરફી માહોલ બનતો નથી. તેવું લાગતા ૯૦ વર્ષની ઉંમરે પણ વજુભાઈ વાળાએ પ્રચારની કમાન સંભાળી હતી. અને મેદાનમાં ઉતર્યા હતાં. આજના યુવા રાજકીય આગેવાનોએ આ ઘટનામાંથી મોટો બોધપાઠ લેવાની જરૂરિયાત છે. ટિકિટ ન મળે કે ટિકિટ કપાઈ જાય તો પક્ષ સામે મોરચો માંડનાર લોકો માટે આ એક સબક લેવા જેવી બાબત છે. પક્ષની વિચારધારા સાથે જોડાયેલા રહેવું તે કોઈ પણ કાર્યકરની પ્રાથમિક ફરજ છે. એક પણ મહત્વપૂર્ણ હોદા પર ન હોવા છતાં અને ૯૦ વર્ષની ઉંમરે પહોંચી ગયા હોવા છતાં વજુભાઈ વાળાએ જ્યારે પક્ષને જરૂરિયાત જણાય ત્યારે કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો માટે મેદાનમાં ઉતરવા કોઈ પણ જાતની શરમ કે સંકોચ રાખ્યો ન હતો. અને મતદારોને ભાજપ તરફી મતદાન કરવા અપીલ કરી હતી.



### ડો. માધવ દવે સામે મુસીબતો અપાર પણ 'સાંગોપાંગ' ઉગરી જશે

શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે સામે કોર્પોરેશનની ચૂંટણીમાં અનેક મુસિબતો મોઢુ ફાડીને ઉભી છે અનેક વોર્ડમાં ભાજપ વિરુદ્ધ ભાજપ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જે ૪૫ પૂર્વ કોર્પોરેટરોની ટિકિટ કાપી નાખવામાં આવી છે. તે પૈકી માત્ર ૧૦ જેટલા જ પૂર્વ કોર્પોરેટરો પ્રચાર દરમિયાન નવા ઉમેદવારોને સહયોગ આપી રહ્યા છે. બાકીના ૩૦થી ૩૫ નિષ્ક્રીય જેવા થઈ ગયા છે. બીજી તરફ ભાજપનું એક આખુ જુથ ચૂંટણીમાં જોઈએ તેટલો સહકાર આપતું નથી. આવામાં માધવભાઈ સામે મુસિબતોનો એક મોટો પહાડ છે પરંતુ કાર્યકરોની વિશાળ ફોજ અને પરંપરાગત મતદારોના કારણે તેઓ કોર્પોરેશનની ચૂંટણીમાં 'સાંગોપાંગ' ઉગરી જશે તેવું પણ હાલ દેખાઈ રહ્યું છે.

### ૩૫ થી ૪૦ ટકા મતદાન ભાજપ માટે જોખમી: કોંગ્રેસ માટે ફાયદા કારક

કોર્પોરેશનની ગત ચૂંટણીમાં ૫૦ ટકાથી થોડુ વધુ મતદાન થયું હતું. ત્યારે ફેબ્રુઆરી માસમાં મતદાન હતું આવામાં શિયાળાની સિઝન હોવા છતાં મતદારોનો પ્રતિસાદ ઠંડો રહ્યો હતો આગામી રવિવારે જ્યારે મતદાન થવાનું છે ત્યારે મહત્તમ તાપમાનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજકોટવાસીઓને આમ પણ રવિવારે કામ સિવાય બહાર નિકળવું બહુ પસંદ હોતુ નથી. બીજી તરફ કાળઝાળ ગરમીમાં શહેરીજનો મત આપવા માટે નિકળે તે વાતમાં માલ દેખાતો નથી. મતદાનની ટકાવારી જો ઓછી રહેશે તો ભાજપને નુકશાની જશે અને કોંગ્રેસને મોટો ફાયદો થશે. જો ૩૫થી ૪૦ ટકા મતદાન થશે તો ભાજપ માટે બહુમતી પણ મોટો પડકાર બની જશે. મતદાનની ટકાવારી ૫૦ ટકાથી વધુએ પહોંચી જાય તો તે માટે ભાજપ દ્વારા અત્યારથી જ વ્યૂહ રચના ગોઠવી દેવામાં આવી છે. બુથ પ્રમુખને વિશેષ જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે. કોઈ પણ ભોગે ૫૦ ટકા મતદાન થવું જ જોઈએ તે એક માત્ર ગોલ સાથે હાલ ભાજપ આગળ વધી રહ્યું છે.

## તમામ ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પર ઉમેદવારો અડિખમ રાખવા કોંગ્રેસની જીત માની શકાય : ૨૦૨૧ જેવું પરિણામ નહીં રહે પંજો આ વખતે જોર કરશે અનેક વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવારો આપી રહ્યા છે ભાજપને બરાબરની ટક્કર

# ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો રોડ-શો સુપરહિટઃ ભાજપમાં નવું જોમ ભરી દીધું

## કેસરીયા માહોલમાં ગુંજ્યા દેશભક્તિના ગીતો; સાંસદ પરષોત્તમ રૂપાલા અને અન્ય દિગ્ગજોની ઉપસ્થિતિમાં ત્રિકોણ બાગથી સોની બજાર સુધી વિજયી હુંકાર રેલી





### રોડ શોમાં સાફા, પાઘડી, પુષ્પ ગુચ્છ, ત્રિશુલ, ફરશી સ્વરૂપે શુભેચ્છારૂપી આશિર્વાદ પાઠવતા વેપારી ભાઈઓ અને અગ્રણી ભાઈઓ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરના રાજમાર્ગો આજે ભારતીય જનતા પાર્ટીના ભવ્ય રોડ-શોને પગલે કેસરીયા રંગે રંગાયા હતા. રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત આ રોડ-શોમાં ભાજપના કાર્યકરોનો અભૂતપૂર્વ ઉત્સાહ અને પ્રજાનો વ્યાપક જનસમર્થન જોવા મળ્યું હતું. સમગ્ર શહેરના મુખ્ય બજારોમાં નીકળેલી આ રેલીએ રાજકીય માહોલ ગરમાવી દીધો હતો.

આ ભવ્ય રોડ-શોનો પ્રારંભ શહેરના મધ્યમાં આવેલા ત્રિકોણ બાગ ખાતેથી કરવામાં આવ્યો હતો. અહીંથી શરૂ થયેલી વિજય રેલી સાંગણવા ચોક, ધર્મેન્દ્ર રોડ, ઘી-કાંટા રોડ, કંસારા બજાર અને સોની બજાર જેવા ધમધમતા વેપારી વિસ્તારોમાંથી પસાર થઈ હતી. ત્યારબાદ પેલેસ રોડ અને બાલાજી મંદિર થઈને આ રોડ-શો પુનઃ ત્રિકોણ બાગ ખાતે સંપન્ન થયો હતો. સમગ્ર માર્ગ પર ઠેર-ઠેર નાગરિકો અને વિવિધ મંડળો દ્વારા પુષ્પવર્ષા કરીને નાયબ મુખ્યમંત્રી અને અન્ય નેતાઓનું ભાવભીનું

(અનુ. આઠમા પાને)



ભાજપ અગ્રણી નીતિન ભારદ્વાજે કર્યું સ્વાગત

### ગુજરાતના યુવા નેતાને મળવા અને વધાવવા ભારતીય જનતા પાર્ટીના સમર્થકોનો માનવ મહેરામણ ઉમટ્યો

## ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'અબતક' દૈનિકનું કર્યું વાંચનઃ સચોટ પત્રકારત્વ શૈલીને બિરદાવી

ગુજરાતના લોકપ્રિય અને કાર્યદક્ષ નાયબ મુખ્યમંત્રી તથા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી ગઈકાલે રાજકોટની ટૂંકી મુલાકાતે પધાર્યા હતા. આ વ્યસ્ત મુલાકાત દરમિયાન પણ તેઓએ સમય કાઢીને પ્રતિષ્ઠિત અને લોકપ્રિય 'અબતક' સાંધ્ય દૈનિકનું નિરાંતે વાંચન કર્યું હતું. હર્ષ સંઘવીએ 'અબતક' અખબારમાં આવતા સમાચારોની સચોટતા અને તેની રજૂઆતની પદ્ધતિને મુક્ત કંઠે બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, જનતા સુધી સાચી અને સકારાત્મક માહિતી પહોંચાડવામાં 'અબતક' જેવી સંસ્થાઓ મહત્વની ભૂમિકા ભજવે છે. નાયબ મુખ્યમંત્રીએ અખબારના વિવિધ વિભાગો અને લોકહિતના સમાચારો પર નજર ફેરવીને પત્રકારત્વના મૂલ્યોની જાળવણી બદલ ટીમ 'અબતક'ને અભિનંદન પાઠવ્યા હતા.



તસવીર: જયમીન માવાણી

## હર્ષ સંઘવીની ભાજપ અગ્રણી અંજલીબેન રૂપાણી સાથે શુભેચ્છા મુલાકાત





ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગઈકાલે રાજકોટની મુલાકાતે હતા, ત્યારે તેમણે રાજકોટના જાણીતા ભાજપ મહિલા અગ્રણી અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણી સાથે વિશેષ મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન હર્ષ સંઘવી અને અંજલીબેન વચ્ચે રાજકોટ શહેરમાં ચાલતી વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ અંગે હકારાત્મક ચર્ચાઓ થઈ હતી. અંજલીબેન રૂપાણી લાંબા સમયથી અનેક સામાજિક સંસ્થાઓ અને મહિલા ઉત્કર્ષના કાર્યો સાથે જોડાયેલા છે, ત્યારે નાયબ મુખ્યમંત્રીએ તેમના દ્વારા થતા સેવાકીય કાર્યોની પ્રશંસા કરી હતી.

રાજકીય દ્દષ્ટિએ પણ આ મુલાકાતને મહત્વની માનવામાં આવી રહી છે. એક તરફ હર્ષ સંઘવી રાજ્યના યુવા અને તેજસ્વી નેતા તરીકે ઉભરી રહ્યા છે, ત્યારે બીજી તરફ રૂપાણી પરિવાર સાથેની તેમની આ સૌજન્ય મુલાકાત પક્ષમાં એકતા અને સંકલનનો સંદેશ આપે છે. મુલાકાત દરમિયાન બંને અગ્રણીઓ વચ્ચે હળવી પળોમાં શહેરના વિકાસલક્ષી મુદ્દાઓ પર પણ વાતચીત થઈ હતી.


રાજકોટની મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીએ જે રીતે વિવિધ અગ્રણીઓ સાથે સંવાદ સાધ્યો છે, તેનાથી સ્થાનિક કાર્યકરોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## હર્ષ સંઘવીએ બાલાજી મંદિરે શીશ ઝુકાવ્યું



રાજકોટવાસીઓના દુઃખ દૂર કરતા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આજે ગુજરાત રાજ્યના લોકલાડીલા અને ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ પાવન પધરામણી કરી હતી. રાજકોટ શહેરમાં યોજાયેલા તેમના ભવ્ય રોડ-શો અને વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ તેઓએ અતૂટ શ્રદ્ધા સાથે ખાસ સમય ફાળવીને બાલાજી દાદાના દરબારમાં શીશ ઝુકાવીને પરમ ધન્યતા અનુભવી હતી.

નાયબ મુખ્યમંત્રીએ મંદિરમાં બિરાજમાન બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય દર્શન કરી, વિશેષ પૂજા-અર્ચનાનો લ્હાવો લીધો હતો. આ તકે તેમણે સમગ્ર ગુજરાત રાજ્યની સુખાકારી, શાંતિ અને સતત વિકાસ યાત્રા નિર્વિઘ્ને આગળ વધે તે માટે દાદાના ચરણોમાં અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી હતી. રાજ્યના એક ઉચ્ચ નેતાને દાદાના દરબારમાં એક સામાન્ય ભક્તની જેમ આસ્થાભેર દર્શન કરતા નિહાળીને, મંદિરમાં ઉપસ્થિત હજારો હરિભક્તોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમની આસ્થામાં વધુ અભિવૃદ્ધિ થઈ હતી. આ પાવન અવસરે મંદિરમાં ઉપસ્થિત મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામી દ્વારા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનું પરંપરાગત રીતે ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંતોએ તેમને પુષ્પહાર પહેરાવી, સ્મૃતિચિહ્ન અર્પણ કરી ભવિષ્યની જનસેવા માટે વિશેષ આશીર્વાદ પાઠવ્યા હતા. નાયબ મુખ્યમંત્રીએ પણ સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી મંદિરના દિવ્ય, આધ્યાત્મિક અને શાંત વાતાવરણની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.



### મયુરભાઈ શાહે આગામી ચૂંટણીમાં જીત માટે હર્ષ સંઘવીને શુભકામના પાઠવી



રાજકોટમાં ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીના રોડ શો દરમિયાન ભાજપ અગ્રણી મયુરભાઈ શાહ એ આગામી ચૂંટણી માટે હર્ષભાઈ સંઘવી ને શુભકામના પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, રોડ શોમાં મોટી સંખ્યામાં લોકોની હાજરીથી સમગ્ર માહોલ ઉજ્જ્વળ અને ઉત્સાહભર્યો બન્યો હતો.

# શિવ કથાના પ્રારંભે દિવ્ય ચમત્કારઃ વ્યાસપીઠ પર સાક્ષાત 'શિવદૂત' રૂપે કબૂતરો ઉતરી આવ્યાં!

## ગીરીબાપુના મુખે વહેતી શિવગંગામાં ભીંજાયું રાજકોટઃ ગૌસેવાના સંકલ્પ સાથે નવ દિવસીય 'ગૌધામ શિવ મહાપુરાણ'નો ભવ્ય પ્રારંભ









**અબતક, રાજકોટ**

રાજકોટના મવડી વિસ્તારમાં આવેલા અમૃતવાટિકા ગ્રાઉન્ડ ખાતે 'જય સરદાર ગૌશાળા સેવા સમાજ ટ્રસ્ટ' દ્વારા આયોજિત નવ દિવસીય 'ગૌધામ શિવ મહાપુરાણ' કથાનો એક અત્યંત ભાવવિભોર કરનાર દૃશ્ય સાથે પ્રારંભ થયો છે. કથાના પ્રથમ દિવસે જ જ્યારે સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય ગીરીબાપુએ વ્યાસપીઠ પર બિરાજમાન થઈ શિવ કથાનો આરંભ કર્યો, ત્યારે અચાનક બે કબૂતરો ઉડીને ત્યાં આવી પહોંચ્યા હતા. શ્રોતાઓ માટે આ દૃશ્ય માત્ર સંયોગ નહીં પણ એક દિવ્ય સંકેત બની રહ્યો હતો. આશ્ચર્યની વાત તો એ હતી કે, કથા પૂર્ણ થયા બાદ જ્યારે આરતીની પવિત્ર ક્ષણ આવી, ત્યારે ફરી એ જ બે કબૂતરો દર્શન આપવા પધાર્યા હતા. ભક્તોમાં એવો ભાવ જાગ્યો હતો કે જાણે ભગવાન શિવના દૂત રૂપે આ કબૂતરો કથાની પવિત્રતાને સ્વીકારી આશીર્વાદ વરસાવી રહ્યા હોય.

કથાના પ્રારંભ પૂર્વે સવારે પ્રગટેશ્વર મહાદેવ મંદિરથી વાજતે-ગાજતે ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. આ પ્રસંગે ઈશ્વરિયાના વિશ્વબંધુ સ્વામી, ઉત્તમ સ્વરૂપ સ્વામી તથા મહંત સ્વામીની પાવન ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી. વ્યાસપીઠ પરથી ગીરીબાપુએ શિવમહાપુરાણનું પૂજન-અર્ચન કરી કથાનું રસપાન શરૂ કરાવ્યું હતું. તેમણે પિંડારક તીર્થ અને પ્રભાસ ક્ષેત્રના મહિમા સાથે કથાની પૂર્વભૂમિકા બાંધી હતી.

### ગૌસેવા એ જ સાચી શિવભક્તિઃ ગીરીબાપુ

ગીરીબાપુએ પોતાના વક્તવ્યમાં ગૌસેવા પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, ''શિવાલયમાં નંદી મહારાજને એ જ પ્રણામ કરી શકે જે ગૌમાતાની સેવા કરે છે.'' તેમણે જય સરદાર ગૌશાળાની કામગીરીની પ્રશંસા કરતા કહ્યું કે અહીં ૧૦૦૦થી વધુ સેવકો નિઃસ્વાર્થ ભાવે ગૌસેવા કરે છે અને ગાયનું દૂધ માત્ર વાછરડાઓ માટે જ રાખવામાં આવે છે, જે ભારતીય સંસ્કૃતિનું ઉત્તમ ઉદાહરણ છે. બાપુએ વધુમાં ઉમેર્યું કે સમય, શબ્દ અને ઉત્સવ ક્યારેય પાછા મળતા નથી, માટે આ નવ દિવસના અનુષ્ઠાનને મન ભરીને માણવું જોઈએ.

### સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ

કથા દરમિયાન દરરોજ રાત્રે ૮ કલાકે વિશેષ 'દિવ્ય ભક્તિ સંધ્યા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૫ એપ્રિલે અલ્પા પટેલ અને હિતેશ અંટાળા, ૨૬ એપ્રિલે યોગીતા પટેલ અને પ્રદીપ પાઘડાર, જ્યારે ૨૭ એપ્રિલે લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને શ્રુતિબેન પટેલ જેવા ખ્યાતનામ કલાકારો શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરશે. આ ઉપરાંત શિવ તાંડવ અને રાસ-ગરબાના કાર્યક્રમો પણ યોજાશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા જય સરદાર ગૌશાળાના કાર્યકરો અને મુખ્ય યજમાન પરિવારો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઉના : 'આપ' ઉમેદવાર અજય બાંભણીયાની કાર પર હુમલો : ફાયરિંગનો આક્ષેપ પોલીસે નકાર્યો

## બાઈક પર ધસી આવેલી બુકાનીધારી બેલડીએ ભડાકો કરતા ગોળી કાચમાં વાગી : અજયના હાથમાં ઈજા પહોંચી

## અગાઉ આપ ઉમેદવારે પોલીસને જાનનું જોખમ અને હુમલાની શક્યતા દર્શાવી'તી : છતાં પોલીસે રક્ષણ નહીં આપ્યાંનો આક્ષેપ

### આપ નેતાઓ હોસ્પિટલ ખાતે દોડી ગયા : એસપી જયદીપસિંહ જાડેજા ઘટનાસ્થળે પહોંચ્યા

**અબતક,ઉના**

ગીર સોમનાથના ઉનામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા આપ ઉમેદવાર અજય બાંભણિયાની કાર પર ગત રાતે ફાયરિંગ થયાના આક્ષેપથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. બાઈક પર આવેલ બે અજાણ્યાં શખ્સ આપ ઉમેદવારની કાર પર ગોળીબાર કરી ફરાર થઈ ગયાની ચર્ચા વાયુવેગે ફેલાઈ હતી. હુમલામાં ઘવાયેલા ઉમેદવારને તાત્કાલિક ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યાં હતા. આ મામલે ઉના પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જો કે, પ્રાથમિક દ્રષ્ટિએ ફાયરિંગ થયાનું પોલીસે નકાર્યું હતું.

હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માં જીત ના હવાતિયા મારવા દરેક પક્ષ પોતાની એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે ત્યારે તા ૨૬ ના રોજ મતદાન પૂર્વે ઉના નગર પાલિકામાં નવા જૂનીના એંધાણ વર્તાય રહ્યા છે. અને લોહિયાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. ઉના નગર પાલિકામાં સામન્ય ચૂંટણીમાં વોર્ડ નં ૫ અને ૭ ના આપના ઉમેદવાર અજય બાંભણીયા ગઈકાલ રાત્રે પોતાની કાર GJ 32 K1108 લઈને ઉના તરફ જઈ રહ્યા હતા. ત્યારે તપોવનના પાટીયા પાસે બે અજાણ્યા બાઈક પર આવેલ બુકાની ધારી શખ્સોએ સામેથી આવીને ફાયરિંગ કરતા કારની આગળનો કાચ તૂટી ગયો હતો તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અજયભાઈ પોતે સમય સૂચકતા દાખવી નીચે નમી જતા હાથના ભાગે ઈજા થતા જીવ બચાવવા કારને પોલીસ સ્ટેશન તરફ લઈ ગયા હતા.



બાદ ત્યાં ઢળી પડતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. પોલીસને જાણ થતા બનાવ સ્થળ અને હોસ્પિટલે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે પ્રાથમિક તપાસમાં ફાયરિંગની ઘટનાનો ઈનકાર કર્યો હતો અને એફએસએલની ટીમને બોલાવી તપાસ શરૂ કરી છે. ઘટનાની જાણ થતા એસ.પી. જયદીપસિંહ જાડેજા ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમજ આપના જિલ્લાના અને પ્રદેશના પ્રવીણ રામ, સેજલ ખૂટ સહિતના આગેવાનો હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. આગેવાનોએ મીડિયા સમક્ષ જણાવેલ કે, ભાજપ આગેવાનો દ્વારા ધમકી આપી ઉમેદવારી પરત ખેંચવા દબાણ કરાયું હતું પરંતુ ૨૧ ઉમેદવારોએ ફોર્મ પાછા ન ખેંચતા ડરાવવા માટે હુમલો કરવામાં આવ્યો છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. પોલીસ વિભાગને પ્રશ્નો કરેલ કે ચૂંટણી સંદર્ભે હથિયારો જમા કરવામાં આવેલ છે તો હુમલાખોરો પાસેથી હથિયાર ક્યાંથી આવ્યા? તે કાયદેસર છે કે ગેર કાયદેસર છે? તેની તપાસ થાય અને રવિવારે શાંતિપૂર્ણ મતદાન યોજાઈ તે માટે પોલીસ બંદોબસ્ત જળવાય અને તમામ આમ આદમી પાર્ટીના ઉમેદવારને પોલીસ રક્ષણ આપવા વિનંતી કરી હતી. તેમજ અજય બાંભણીયાએ અગાઉ ઉનાના ધારાસભ્ય કાળુ રાઠોડ પર સોશિયલ મીડિયામાં ભ્રષ્ટાચારનો આક્ષેપ કરેલો હતો. તે અંગે પોલીસને જાણ કરેલ કે તેમની જાનનું જોખમ હોય તેમજ ધારાસભ્ય હુમલો કરાવશે અને પોલીસ રક્ષણ માંગેલ હતું. તો પોલીસે કેમ રક્ષણ ન આપ્યું તેવા સવાલો કર્યા હતા.

### ફાયરિંગ નહીં થયાનું પોલિસ અને એફએસએલની ટીમનું તારણ

### ભાજપ સામે મેદાને પડતા હુમલો કરાયાની કાન ફાડી નાખે તેવી ચર્ચા

સ્થાનિક વર્તુળોમાં ચાલતા ગણગણાટ અનુસાર પ્રાપ્ત વિગત અનુસાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પ્રથમવાર કોઈ ઉમેદવારે ભાજપ સામે મોરચો માંડ્યો છે. અગાઉ અજય બાંભણીયાને ઉમેદવારી પરત ખેંચી લેવાનું દબાણ કરાયું હતું તેવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે પરંતુ તાબે નહીં થનાર આપ ઉમેદવાર પર હુમલો કરાયો હતો તેવી કાન ફાડી નાખતી ચર્ચાઓ થઈ રહી છે પરંતુ આ વાતમાં વાસ્તવિકતા કેટલી છે તેવું હાલ કહી શકાય નહીં. ખરું સત્ય તો પોલિસ તપાસ બાદ જ સામે આવશે. ઉલ્લેખનીય છે કે, ધારાસભ્ય કે સી રાઠોડનું પણ હુમલા પ્રકરણમાં નાસમ ઉછળ્યું છે પણ તે અહેવાલને સમર્થન આપતો કોઈ નક્કર પુરાવો હાલના તબક્કે સામે આવ્યો નથી.

# માધાપર ચોકડી નજીક પાયલોટિંગ સાથે ટેમ્પોમાં દારૂ ભરીને આવતો ખેપિયો ઝડપાયો

## રૂ.૧.૫૧ લાખની કિંમતની ૫૭૬ બોટલ શરાબ અને માલ વાહક વાહન મળી ચાર લાખનો મુદ્દામાલ કબ્જે: પીસીબીની કાર્યવાહી



**અબતક,રાજકોટ**

શહેરની માધાપર ચોકડી નજીક પાયલોતિંગ સાથે માલ વાહક ટેમ્પો માંથી રૂ.૧.૫૧ લાખની કિંમતની વિદેશી દારૂની ૫૭૬ બોટલ મળી ચાર લાખના મુદ્દામાલ સાથે જીવન નગરમાં રહેતો ક્રિશ ભાલારા નામના ખેપીયાને પીસીબી ની ટીમે ઝડપી લીધો છે. જ્યારે દારૂનો જથ્થો મગાવનાર જંકશનના દિનેશ સિંધીની શોધ ખોળ હાથ ધરી છે.

શહેરમાં દારૂ અને જુગાર સહિતની બડીઓ નાબૂદ કરવા પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા એ આપેલી સૂચનાના પગલે, પીસીબી ની ટીમના એએસઆઈ સંતોષભાઈ મોરી, હરદેવસિંહ રાઠોડ, દેવરાજભાઈ કળોતરા અને હિતેન્દ્રસિંહ પરમાર માધાપર ચોકડી તરફ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, જી જે ૦૩ બી ડબલ્યુ ૬૧૩૭ નંબરના ટેમ્પોમાં વિદેશી દારૂના જથ્થા સાથે શખ્સ માધાપર ચોકડી બ્રિજ તરફ આવી રહ્યો છે.

પીસીબીની ટીમ માધાપર ચોકડીએ બ્રિજ પાસે વચમાં ગોઠવાઈ ગઈ હતી. જેવો બાતમી મળેલો ટેમ્પો નજીક આવતા તેને અટકાવી તલાસી લેતા તેમાંથી રૂ.૧.૫૧ લાખની કિંમતની ૫૭૬ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ અને માલ વાહક વાહન મળી ચાર લાખના મુદ્દામાલ સાથે

### દારૂનો જથ્થો મંગાવનાર જંકશનનો બુટલેગર દિનેશ સિંધીની શોધખોળ

હનુમાન મઢી ચોક નજીક આવેલી જીવન નગર શેરી નંબર ૦૨ માં રહેતો ક્રિશ કિશોરભાઈ ભાલારા નામના શખ્સને ઝડપી લીધો છે. પોલીસે દારૂ અંગે ક્રિશની પૂછપરછ કરતા તેને જંકશનમાં રહેતો દિનેશ સિંધીએ દારૂ ભરેલો ટેમ્પો તેને સોંપી દીધો હતો અને તે ટેમ્પો ની આગળ પાયલોટિંગ કરતો હોવાનું પોલીસને જણાવ્યું હતું. પોલીસે જકશનમાં રહેતો દિનેશ સિંધી વિરુદ્ધ ગુન્હો નોધી તેની શોધ ખોળ હાથ ધરી છે. દિનેશ સિંધી ઝડપાઈ પછી તેને દારૂ ક્યાંથી મંગાવ્યો હતો અને કોને આપવાનો હતો વગેરે બાબતની ખબર પડે. આ દરોડાની કામગીરી પીસીબી ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર કે જાડેજા, પી બી ત્રાજિયા, એ એસ આઈ સંતોષભાઈ મોરી , મયુરભાઈ પાલરિયા , હરદેવસિંહ રાઠોડ કોન્સ્ટેબલ દેવરાજભાઈ કળોતરા અને હિતેન્દ્રસિંહ પરમાર સહિતના સાથે કરી છે.

# ગુજસીટોકના ગુનાનો કુખ્યાત રમેશ રાણા હદપાર

## મેટોડા જીઆઈડીસી પોલીસે હદપારીના હુકમની બજવણી કરી મૂળ પડધરીના નાની અમરેલીના શખ્સ સામે કાર્યવાહી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ભાગોળે રોણકીની કરોડોની જમીન પચાવી પાડવા સહિતના ગુનામાં સંડોવાયેલા અને અગાઉ રાજકોટના તાલુકા પોલીસ મથકના ચોપડે ગુજસીટોકના ગુનામા ચડી ચૂકેલો કુખ્યાત રમેશ રાણાને તડીપાર કરી દેવા હુકમ થયો હતો. મેટોડા જીઆઈડીસી પોલીસે હુકમની બજવણી કરી આ શખસને તડીપાર કરી દીધો હતો.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વારંવાર ગુના આચરવાની ટેવ ધરાવતા શખસો સામે પાસા અને તડીપારની દરખાસ્ત કરવા સૂચના આપવામાં આવી છે. જેને લઈ ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ મેટોડા જીઆઈડીસી પીઆઈ એમ.જે.પરમારે મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં મહિલાને ડરાવી ધમકાવી ભય ફેલાવવાની અસામાજિક પ્રવૃત્તિ કરનાર કુખ્યાત રમેશ રાણાભાઈ મકવાણા વિરૂધ્ધ હદપારીની દરખાસ્ત તૈયાર કરી નાયબ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વિમલર્કિર્તી ચક્રવર્તીને મોકલતા તેમણે આરોપી સામે હદપારનો હુકમ કર્યો હતો. જે હુકમની મેટાડા જીઆઈડીસી પોલીસે બજવણી કરી આરોપી રમેશ રાણાભાઈ મકવાણા(રહે. હાલ કાલાવડ રોડ,નાનામવા આંબેડકનગર રાજકોટ, મૂળ નાની અમરેલી પડધરી) ને હદપાર કરી દેવાયો હતો. આરોપી રમેશ રાણાભાઈ મકવાણા સામે અગાઉ રાજકોટમાં પ્ર.નગર પોલીસ મથકમાં જમીન પચાવી પાડવા સહિતના ગંભીર ગુના નોંધાઈ ચૂકયા છે. આરોપી રમેશ રાણા અને તેના સાથીદારો સામે રાજકોટના તાલુકા પોલીસ મથકમાં ગુજસીટોક હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી. હદપારીના આ હુકમની બજવણીમાં મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એમ.જે.પરમારની રાહબરીમાં પીએસઆઈ એન.બી. ઝાલા, એઅસઆઈ મયુરસિંહ, હેડ કોન્સ. હિતેશભાઈ, જીતેન્દ્રસિંહ, કુપાલભાઈ, કોન્સ. સુભાષભાઈ, રાજદિપસિંહ, રવુભાઈ સાથે રહ્યા હતાં.

# સીએનસી મશીનના નામે રૂ. ૬૭.૨૬ લાખ પડાવી ઠગાઈ આચરનાર રાહુલ સાગઠીયા પકડાયો

## સાવરીયા કોર્પોરેશન પેઢીના પ્રોપાઈટર રાહુલે વેપારીને ફસાવી લાખો રૂપિયા પડાવી લીધા'તાં : આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે દબોચ્યો

**અબતક, રાજકોટ**

શહેરના વેપારી સાથે સીએનસી મશીનના નામે રૂ.૬૭.૨૬ લાખની છેતરપીંડી કરનાર રાહુલ સાગઠિયા ઝડપાયો છે. સાવરીયા કોર્પોરેશન નામની પેઢીના પ્રોપાઈટર રાહુલે વેપારીને ફસાવી લાખો રૂપિયા પડાવી લીધા હતાં. આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે કાર્યવાહી કરી હતી. જો કે તમામ રૂપીયા લઈ નાસી છૂટનાર બે સાગરીત હજુ પોલીસ પકડથી દૂર રહેતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો રાજકોટ ડીસીબી પોલીસ મથકમાં ગઈ તા. તા.૧૫ ના છેતરપીંડીનો ગુનો દાખલ થયેલ હતો. જેમા ફરીયાદીને પોતાના સોના ચાંદીના વેપાર માટે સીએનસી મશીન ખરીદવા માટે આરોપીઓની સાવરીયા કોર્પોરેશન નામની પેઢીના બેંક ખાતામાં પ્રથમ રૂ. ૧૭.૩૬ લાખ ત્યારબાદ ફરીયાદીએ લીધેલ લોનના રૂ. ૪૯.૯૦ લાખ મળી કુલ રૂ.૬૭.૨૬ લાખ આરટીજીએસ દ્વારા ટ્રાન્સફર કરેલ હોય ત્યારબાદ આરોપીઓએ આજ સુધી ફરીયાદીને કોઈ મશીન મોકલાવેલ ન હોય કે કોઈ રૂપીયા પણ પરત નહી આપી મોટી રકમનો આર્થિક લાભ મેળવી આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડી ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ હતી.

જે ગુન્હાના આરોપીને તાત્કાલી પડવા માટે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયાએ આરોપીને પકડવાની આપેલ સૂચનાથી આર્થિક ગુન્હા નિવારણ શાખાના પીઆઈ એ.એચ ચાવડા અને પીઆઈ આર.જી.પઢીયારની રાહબરીમાં એએસઆઈ ભગીરથસિંહ ખેર અને લક્કીરાજસિંહ ગોહીલ, પરેશભાઈ સોઢીયાએ હુમન સોર્સીસ તથા ટેકનીકલ એનાલીસીના આધારે મુખ્ય સૂત્રધાર રાહુલ લક્ષ્મણ સાગઠીયા (રહે. સરકારી ક્વાટર્સ, ગોવીંદ રત્ન બંગ્લો, બાલાજી હોલ પાસે, રાજકોટ, મુળ રહે.ગોરખડી ગામ જામજોધપુર) ને પકડી પાડી કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ અગાઉ તાલુકા પોલીસ મથકમાં મારામારીનો ગુનો પણ નોંધાયેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપી પોતે જ ફ્રોડ પેઢીનો પ્રોપાઈટર હતો. તેને ફરીયાદીને ફસાવી લાખો રૂપીયા પડાવ્યાં હતાં. જો કે, તે તમામ રૂપીયા જયદીપ ગીરીશ નનેરા અને જયદીપ પટેલ નામના શખ્સો લઈ નાસી છૂટ્યાની કબૂલાત આપતાં પોલીસે તે બંને શખ્સોની શોધખોળ આદરી છે.



### છેતરપિંડીથી મેળવેલા નાણાં લઈ ફરાર થઈ જનાર બે શખ્સોની શોધખોળ

# માલધારી ફાટક નજીક યુવાનના હાથમાંથી મોબાઈલની ચીલઝડપ: રોહિત પરમાર ઝડપાયો

## સાયકલ સવાર યુવક ફોન પર વાત કરતો'તો ત્યાં બેલડી મોબાઈલ આંચકી નાસી ગઈ'તી : શ્રમિકે મોબાઈના કવરમાં રાખેલી પાંચ હજારની રોકડ પણ ગુમાવી'તી

**અબતક,રાજકોટ**

શહેરના માલધારી ફાટક પાસે ચાલુ સાયકલે ફોન પર વાત કરી રહેલા યુવાનના હાથમાં ઝોંટ મારી બાઈક પર આવેલી સમડી મોબાઈલ ફોન આંચકી ગઈ હતી. રૂપિયા ૧૪૦૦૦ ની કિંમતનો મોબાઈલ અને મોબાઈલના કવરમાં રાખેલા રોકડ રૂપિયા ૫,૦૦૦ બાઈક પર આવેલી બેલડી ચીલઝડપ કરી ગયા અંગે યુવાને આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન પોલીસે ગણતરીની કલાકોમાં એક આરોપીને ઝડપી લઈ તેની પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રૂ.૫ હજાર ઉપરાંત બાઈક સહિત રૂ. ૬૯ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે તેના સાથીદારને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.મૂળ વઢવાણના બાળા ગામના વતની અને હાલ રાજકોટમાં ગુલાબનગર શેરી નંબર ૨૧ રોલેક્સ રોડ પર રહેતા સુબાન ભીખુભાઈ પરમાર (ઉ.વ.૧૮) નામના યુવાને આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, તે રાજકોટમાં માલધારી ફાટક પાસે સ્કાઈલેન્ટ એન્ટરપ્રાઈઝ નામની એજન્સીમાં મજૂરીકામ કરે છે.

ગઈકાલે બપોરના ૨:૦૦ વાગ્યા આસપાસ તે પોતાના ઘરેથી જમીને સાયકલ લઈ કામ પર જવા માટે નીકળ્યો હતો. માલધારી ફાટકથી આગળ રોડ પર જતા તેના મોબાઈલમાં કોલ આવતા ખિસ્સામાંથી ફોન કાઢી તે ફોન પર વાત કરતો હતો. દરમિયાન પાછળથી એક સપ્લેન્ડર જેમાં બે શખસો સવાર હતા તેણે યુવાન કંઈ સમજે તે પૂર્વે તેના હાથમાંથી મોબાઈલ ફોન ઝોંટ મારી આંચકી લીધો હતો. યુવાનના આ મોબાઈલની કિં.રૂ. ૧૪,૦૦૦ હોય તેમજ મોબાઈલ ફોનના કવરમાં રોકડ રૂપિયા ૫,૦૦૦ રાખ્યા હતા જે આ શખસો ચીલઝડપ કરી ગયા હતા. બાદમાં યુવાને બૂમાબૂમ કરતા અને લોકો એકત્ર થઈ ગયા હતા. પરંતુ ત્યાં સુધીમાં આ બંને શખસો બાઈક લઈ નાસી ગયા હતા. ત્યારબાદ યુવાને આ બાબતે આજીડેમ પોલીસ સ્ટેશનમાં બાઈક પર આવેલા બે અજાણ્યા શખસોએ તેના હાથમાં ઝોંટ મારી રૂ.૧૪,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન અને મોબાઈલના કવરમાં રાખેલ રૂપિયા ૫,૦૦૦ રોકડ ચીલઝડપ કરી ગયા અંગે ફરિયાદ નોંધાવી હતી.બનાવને લઈ આજીડેમ પોલીસ મથકના પીઆઇ એચ.એન.પટેલની રાહબરી હેઠળ પીએસઆઇ એસ.વી.ગોહિલ તથા ટીમે તપાસ શરૂ કરી હતી. દરમિયાન હેડ કોન્સ. તેજપાલસિંહ સરવૈયા, કોન્સ. ગોપાલભાઈ બોળીયા, હરપાલસિંહ જાડેજા, શકિતસિંહ મેહરીયાને મળેલી બાતમીના આધારે કોઠારીયા મેઈન રોડ પર જયનગર ઢાળીયા પાસેથી રોહિત મનસુખભાઈ પરમાર(ઉ.વ. ૨૦ રહે. લોઠડા મૂળ સુરી તા. ચોટીલા) ને ઝડપી લઈ તેની પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રૂ.૫ હજાર ઉપરાંત બાઈક સહિત રૂ. ૬૯ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીની પુછતાછ કરતા તેના સાથીદારનું નામ સુનીલ વઢીયારા(રહે. રીબડા તા. ગોંડલ) હોવાનું માલુમ પડયું છે. જે હાલમાં ઝડપાયેલા આરોપીનો પીતરાઈ ભાઈ છે અને તેણે જ યુવાનના હાથમાંથી મોબાઈલ આંચકી લીધો હતો.

જેથી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.



### આજીડેમ પોલીસની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે સમડીઓની ઓળખ કરી લોઠડાના શખ્સને દબોચી મોબાઈલ, રોકડ મળી ૬૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો : રીબડાના સુનિલ વઢીયારાની શોધખોળ

# આંબેડકરનગરમાં બે સગીરોને માર મારી માતાને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરાઈ

## છ વર્ષીય બાળકને માર માર્યો, ૧૭ વર્ષીય ભાઈને પાઈપ વડે ફટકાર્યો, સમજાવવા ગયેલી માતાને ધમકી આપી : વિશાલ બાબુતર વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના આંબેડકર નગર વિસ્તારના બે સગીરોને નજીકમાં જ રહેતા શખ્સે માર માર્યાની ઘટના સામે આવી છે. છ વર્ષીય તરુણને માર મારનાર શખ્સને ટપારવા ગયેલ ૧૭ વર્ષીય કિશોરને પણ માથાભારે શખ્સે પ્લાસ્ટિકના પાઈપ વડે ફટકાર્યો હતો. બાદમાં બન્ને સગીરોની માતાને વિશાલ બાબુતરે ગાળો ભાંડી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરતા માલવિયાનગર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોકડી નજીક આંબેડકર નગર શેરી નં. ૧૩/૧૪ કોર્નર પર રહેતા ૩૨ વર્ષીય ત્યક્તા રમીલાબેન નારણભાઈ ચાવડાએ આરોપી તરીકે નજીકમાં જ રહેતા વિશાલ રૂડાભાઈ બાબુતરનું નામ આપતા જણાવ્યુ હતું કે, મારા લગ્ન આશરે ૧૮ વર્ષ પહેલા શાસ્ત્રીનગર શેરી નં. ૫ ખાતે રહેતા ચંદ્રેશભાઈ ડાયાલાલ પરમાર સાથે થયેલ હતાં બાદ ચાર વર્ષ પૂર્વે મારા પતિ સાથે માથાકુટ થતાં મે છુટાછેડા લઈ લીધેલ હતાં. મારે સંતાનમાં બે દિકરા જેમાં મોટો દિકરો રોનક (ઉ.વ.૧૭) અને નાનો દિકરો (ઉ.વ.૬) છે.

મામલામાં ત્યક્તાએ જણાવ્યું હતું કે, ગત તા. ૨૦ના રોજ સાંજના ૫:૩૦ વાગ્યે મારો નાનો દિકરો નિરવ આઈસ્ક્રીમ લેવા માટે ઘરેથી નિકળ્યો હતો થોડા સમય બાદ પુત્ર રડતો રડતો ઘરે પરત ફર્યો હતો તેણે મને જણાવ્યું હતુ કે, મને ભરવાડના છોકરાએ માર્યો છે. જેથી મારો મોટો દિકરો રોનક ભરવાડના ઘરે સમજાવવા માટે જતાં ત્યાં વિશાલ રૂડાભાઈ બાબુતરે મારા મોટા દિકરા રોનકને ગાળો આપી પ્લાસ્ટિકના પાઈપ વડે માર માર્યો હતો. જે બાબતની મને જાણ થતાં હું ત્યાં જવા માટે નિકળી હતી દરમિયાન પુત્ર રોનક મને શેરીમાં સામે મળતા તેણે મને કહેલ કે, વિશાલ બાબુતરે મને પ્લાસ્ટિકના પાઈપથી માર્યો છે. જેથી હું મારા દિકરાને લઈને વિશાલના ઘરે ગયેલ હતી જ્યાં વિશાલ મને પણ ગાળો આપવા લાગેલ હતો. વિશાલે મને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો ઉચ્ચારી કહેલ કે મે જ તારા દિકરાને માર્યો છે. તમે અમારુ શું બગાડી લેવાના, તમારાથી થાય તે કરી લેજો. જેથી હું ત્યાંથી પુત્રને લઈ નિકળી ગયે હતી અને બાદ એમ્બ્યુલન્સ બોલાવી પુત્ર રોનકને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતી.

બનાવ અંગે ત્યક્તાએ ફરિયાદ આપતા માલવિયાનગર પોલીસની ટીમે બીએનએસની કલમ ૧૧૫ (૨), ૩૫૨ અને એટ્રોસીટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી વિશાલ રૂડાભાઈ બાબુતર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી આદરી હતી.


### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર શ્રી ગંગાબેન કરશનભાઈ જાદવ ધર્મે હિંદુ ઉવ.આ.૮૪ રહે.મોટી ચણોલ તા.પડધરી જી.રાજકોટઆ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમો ના પુત્રી શ્રી કંચનબેન કરશનભાઈ જાદવ નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૪ ના રોજ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના મોટી ચણોલ મુકામે થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અમો અમો એ અમારા પુત્રી શ્રી કંચનબેન કરશનભાઈ જાદવ નીજન્મ અંગે નો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ જન્મની નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે એકઝીકયુટીવ મેજીસ્ટેટ સાહેબશ્રી ની કચેરી પડધરી, પડધરી તાલુકા સેવા સદન તા.પડધરી જી.રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/ એડવોકેટ શ્રી અનિલ આર બાંભવા મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ મરણ નોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખિત આધાર પુરાવા સાથે એકઝીક્યુટીવ મેજીસ્ટેટ સાહેબશ્રી ની કચેરી પડધરી, પડધરી તાલુકા સેવા સદન તા.પડધરી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ–પડધરી**
**તા.૧૮-૦૪-૨૦૨૬**

### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર શ્રી ભરત ચનાભાઈ દલવાડીયા ધર્મે હિંદુ ઉવ.આ.૨૯ રહે. તરઘડી તા.પડધરી જી.રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમો ના પિતા શ્રી ચનાભાઈ ચકુભાઈ દલવાડીયાનું અવશાન તા.૦૭/૦૭/૨૦૨૧ ના રોજ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના તરઘડી મુકામે મરણ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અમો અમારા ગુજરનાર પિતા શ્રી ચનાભાઈ ચકુભાઈ દલવાડીયા ની મરણ અંગે નો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ /જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ મરણ નોંધણી કરી આપવા અંગે એકઝીકયુટીવ મેજીસ્ટેટ સાહેબશ્રી ની કચેરી પડધરી,તાલુકા સેવા સદન-પડધરી તા.પડધરી જી.રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/ એડવોકેટ શ્રી અનિલ આર બાંભવા.મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ મરણ નોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખિત આધાર પુરાવા સાથે એકઝીક્યુટીવ મેજીસ્ટેટ સાહેબશ્રી ની કચેરી પડધરી, તાલુકા સેવા સદન-પડધરી તા.પડધરી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ–પડધરી**
**તા.૧૮-૦૪-૨૦૨૬**

### જાહેર નિવિદા

શ્રી ધરતી કો-ઓપરેટીવ બેંક લી. - રાજકોટ મેનપાવર સપ્લાય કરતી એજન્સીઓ પાસેથી મેનપાવર (Skilled/unskilled/ Fresher/ Trainee) પુરા પાડવા માટેની કામગીરી કરાવવા માંગે છે. આ મેનપાવર સપ્લાય કરતી એજન્સી મેનપાવર પુરા પાડવાનો અનુભવ ધરાવતી હોવી જોઈએ. એજન્સી સરકારી કાયદાઓ પી.એફ., ઈ.એસ.આઈ., કોન્ટ્રાકટ લેબર, પ્રોફેશનલ ટેક્સ વગેરેમાં રજીસ્ટર થયેલ હોય તથા આ કાયદાઓનું પાલન કરતી હોવી જોઈએ. અમારી બેંકમાં મેનપાવર સપ્લાય કરવા ઈચ્છા ધરાવતી હોય તેવી એજન્સીને પોતાનું કવોટેશન અમારી બેંકમાં દિવસ-૧૦ માં રૂબરૂ / રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલાવવા જણાવવામાં આવે છે. એજન્સીએ પોતાની ટર્મ્સ કન્ડીશન અને પ્રતિ કર્મચારી દીઠ માસિક સર્વિસ ચાર્જ તેમજ અન્ય ચાર્જીસની સંપૂર્ણ જાણકારી સાથે સરકારી ખાતોઓમાં તેમના રજીસ્ટ્રેશનની માહિતી તેમના કવોટેશનમાં જણાવવી. એજન્સીએ સરકારી કાયદાઓ મુજબ વર્તવા તથા તે મુજબના રજીસ્ટર્સ અને ફોર્મની જાળવણી ફરજીયાત કરવાની રહેશે.

રાજકોટ. તા.૨૪-૦૪-૨૦૨૬

■ કવોટેશન મોકલવાનું સરનામું ■

જનરલ મેનેજર
શ્રી ધરતી કો-ઓપરેટીવ બેંક લી.
"કુબેર" કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ સામે, ઢેબર રોડ, રાજકોટ

shashi

### પશ્ચિમ રેલવે
### રાજકોટ મંડળ

**વિદ્યુત કાર્યો**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/2026-2027/04 અને 05 (EL) તા.: 23.04.2026 1. ટેન્ડર નં.: DRM/RJT/EL/2026-2027/04 (i) કામનું નામ:** રાજકોટ મંડળ – વિવિધ બનાવટ ના, પ્રકાર ના અને ક્ષમતા ધરાવતા રૂમ એર કન્ડિશનર અને રેફ્રિજરેટર માટે 3 વર્ષનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (AMC) **(ii) અંદાજિત કિંમત:** ₹1,24,98,170.7/- **(iii) ઈએમડી રકમ:** ₹2,50,000/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** 14.05.2026 ના રોજ 15:00 કલાક સુધી **2. ટેન્ડર નં.: DRM/RJT/EL/2026-2027/05 (i) કામનું નામ:** રાજકોટ મંડળ – લુણસરીયા – વાંકાનેર વચ્ચે કિ.મી. 698/1-2 પર આવેલ લેવલ ક્રોસિંગ નં. 92 ના બદલે LHS પ્રદાન કરવા માટે ઈલેક્ટ્રિકલ કામ. **(ii) અંદાજિત કિંમત:** ₹2,74,385/- **(iii) ઈએમડી રકમ:** ₹5,500/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** 14.05.2026 ના રોજ 15:00 કલાક સુધી **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360 001 **વેબસાઈટ વિગતો: www.ireps.gov.in**

RJT 002

અમને લાઈક કરો: facebook.com/WesternRly

તંત્રી લેખ

# ચૂંટણીમાં પ્રચાર પડઘમ શાંત, હવે મતદારો જ રાજા.!!

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી માટે રવિવારે મતદાન થવાનું છે ૧૫ મહાનગરપાલિકા ૮૪નગરપાલિકા ૩૪જિલ્લા પંચાયત અને ૨૦૭ તાલુકા પંચાયત માટે મતદાન આડી હવે જોવા જઈએ તો ગણતરીની કલાકો જ બાકી છે ત્યારે પ્રચાર ના પડઘમ શાંત થયા બાદ મતદારો જ સાચા રાજા ની ભૂમિકામાં આવી ગયા છે. મતદાન પૂર્વે ૪૮કલાક અગાઉ પ્રચાર પ્રસાર બંધ કરીને મતદારોને કોઈપણ જાતના ભ્રમ દબાણ કે લોભ લાલચ માં વર્ષ થયા વગર પાંચ વર્ષ માટે કયા જન પ્રતિનિને મત આપવો તેની ઠરેલી મતીથી વિચાર મતાધિકાર ના ઉપયોગ માટે મતદારો તૈયાર થઈ શકે તેવી ચૂંટણી પંચની વ્યવસ્થા આદર્શ બની રહી છે, પાંચ વર્ષ સુધી જન્મ પ્રતિનિધિઓને રાષ્ટ્ર સેવાની તક માટે લાયક બનાવવા માટેની અંતિમ સત્તા બંધારણે મતદારોના હાથમાં સોંપી છે, વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારતમાં જ નિષ્પક્ષ ચૂંટણીની વ્યવસ્થા છે અહીં કોઈપણ પ્રકારના દબાણ વગર મતદાર પોતાના જન પ્રતિનિધિથી લઈ પ્રધાન લોક સેવક સુધીની પસંદગી કરે છે. સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીમાં મતદારો માટે ઓળખીતા જાણીતા અને કામ કરે તેવા ઉમેદવાર ની સાથે સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટેની વિચારસરણીની કોઠાસૂઝ જરૂરી હોય છે, રવિવાર ના દિવસે સવારથી સાંજ સુધીમાં રાજ્યના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા માં જન પ્રતિનિધિતૂની નિમણૂક માટે મતદારો મતદાન કરશે આ વખતની ચૂંટણી વહીવટી રીતે પણ ઘણી મહત્વની બની રહી છે એસ આઈ આર ની કામગીરી દરમિયાન અનેક વણ જોઈતા નામો મતદાર યાદી માંથી દૂર થયા છે, અને હવે નક્કર નિશ્ચિત મતદાર ના નામ યાદીમાં રહ્યા છે ત્યારે મતદાનની ટકાવારીમાં પણ ફરક આવશે, મતદાનની ટકાવારી ઉંચી જશે, બંગાળ અને તામિલનાડુમાં વિક્રમ જનક મતદાન નોંધાયું છે આ ઊંચી ટકાવારી પણ એસ આઈ આર ની કામગીરીના પરિણામ સ્વરૂપે જોવામાં આવે છે, સ્થાનિક સ્વરાજ્ય પત્તાની ચૂંટણી માટે રવિવારે મતદાન થવાનું છે ત્યારે હવે મતદારો ની ખરા રાજા તરીકેની ભૂમિકા મહત્વની બની છે મતદારે પોતાના વિસ્તાર ના હક હિત ને ધ્યાને લઈને સારું અને સચોટ ઉમેદવાર ની પસંદગી કરીને લોકતંત્રને વધુ મજબૂત બનાવવું જોઈએ..

# લેન્સકાર્ટની વિવાદાસ્પદ માર્ગદર્શીકા સામે રાજકોટ ઓપ્ટિકલ એસો.ની બહિષ્કારની અપીલ

## સમાજમાં વિભાજનકારી વિચારધારા સામે એક બની વિરોધ કરવો જોઈએ: દિવ્યેશ સાકરિયા

**અબતક, રાજકોટ**

લેન્સકાર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા ના કારણે દેશભરના લોકોની લાગણીઓને ગંભીર રીતે ઠેસ પહોંચી છે. ભારત દેશ વિવિધ ધર્મો, સંસ્કૃતિઓ અને પરંપરાઓનો સંગમ છે, જ્યાં બધા લોકો વર્ષોથી ભાઈચારા, એકતા અને પરસ્પર સન્માન સાથે જીવન વ્યતીત કરે છે. આવી સ્થિતિમાં કોઈપણ એવી માર્ગદર્શિકા કે નીતિ, જે સમાજની એકતા અને ભાવનાઓને ઠેસ પહોંચાડે, તે સ્વીકાર્ય નથી, એમ રાજકોટ ઓપ્ટિકલ એસોસિએશન ના પ્રમુખ દિવ્યેશ સાકરીયા એ જણાવી લેન્સકાર્ટ માર્ગદર્શીકાના બહિષ્કારની અપીલ કરી છે.

દેશભરમાં લેન્સકાર્ટ સામે ભારે વિરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે અને રાજકોટ ઓપ્ટિકલ એસોસિએશન પણ આ લાગણી સાથે એકમત રહીને આ નિર્ણયનો કડક વિરોધ કરે પ્રમુખ દિવ્યેશ સાકરીયા દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આવી નીતિઓ સમાજના વિશ્વાસ અને એકતાને નુકસાન પહોંચાડે છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું.

રાજકોટ ઓપ્ટિકલ એસોસિએશન તરફથી જનતાને ભાવનાત્મક અપીલ કરવામાં આવે છે કે તેઓ સ્થાનિક ઓપ્ટિકલ વેપારીઓને સમર્થન આપે અને એવી કંપનીઓથી દૂર રહે, જે લોકોની લાગણીઓ અને દેશની એકતાને અવગણે છે.

રાજકોટ ઓપ્ટિકલ એસોસિએશન ના સદસ્યો એ ઉમેર્યું હતું કે આપણા શહેરના સ્થાનિક વેપારીઓ વર્ષોથી વિશ્વાસ, ગુણવત્તા અને માનવતાના મૂલ્યો સાથે સેવા આપી રહ્યા છે. આજે સમય છે કે આપણે સૌ સાથે મળી તેમને મજબૂત બનાવીએ અને આપણી એકતા દર્શાવીએ.

રાજકોટ ઓપ્ટિકલ એસોસિએશન ના તમામ હોદ્દેદારો પ્રમુખ શ્રી દિવ્યેશ સાકરીયા, સેક્રેટરી શ્રી અતુલ વાઘેલા, ખજાનચી શ્રી જીગ્નેશ જસમાની, કોર કમિટી ના સભ્યો શ્રી મનોજ પરમાર, શ્રી દીપેશ થાવરાની, શ્રી મહેશ બદ્રકિયા તથા શ્રી અરવિંદ ડોબા દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં છે કે તેઓ જાગૃત બનીને સમજદારીપૂર્વક નિર્ણય લે અને આવી નીતિઓ સામે શાંતિપૂર્ણ પરંતુ દ્રઢ રીતે પોતાનો અવાજ ઉઠાવે.

# અમૃતસરમાં ભાગવત કથા શ્રવણથી પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારીયા થયા ધન્ય



## વ્યાસપીઠ પરથી ભાઈશ્રીએ રાજ્યપાલનું કર્યું અભિવાદન

**અબતક, રાજકોટ**


પંજાબની પાવનભૂમિ અમૃતસરમાં ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા ના વ્યાસાસને શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞનો હજારો ભાવિકો ધર્મલાભ લઈ રહ્યા છે. આજે કથા શ્રવણ માટે હજારો ની મેદની અને રાજકીય સામાજિક આગેવાનો સાધુ સંતો અને ધર્માત્માઓની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારીયા કથા શ્રવણ માટે આવ્યા હતા. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા ના પરમ સ્નેહી મહા મહિમ રાજ્યપાલ ગુલાબચંદ કટારીયા નો ભાઈશ્રીએ વ્યાસપીઠ પર જ અભિવાદન કર્યું હતું.. રાજ્યપાલે કથા વ્યવસ્થા અને જ્ઞાનબોધ થી આત્મીય અનુભૂતિ ની પ્રીતિથી થયો હોવાનુ જણાવી કથા શ્રવણથી ધન્યતા અનુભવી હતી

# રણછોડદાસજી બાપુ આશ્રમ સંચાલિત રામજી મંદિરમાં રવિવારે પાટોત્સવ

## સમગ્ર દેશમાં દુર્લભ રાઘવેન્દ્ર યુગલ સરકારના દર્શન લાભ લેવા ભાવિકોને આહવાન


**અબતક, રાજકોટ**

રાજકોટના જાણીતા રણછોડદાસજી બાપુ આશ્રમ સંચાલિત રામજી મંદિર પોપટ પરા મંદિરમાં સીતારામજી ની મૂર્તિ પ્રતિષ્ઠા સ્વયમ સદગુરુ રણછોડદાસજી બાપુએ કરી હતી અને કહ્યું હતું કે જો લોગ ચિત્રકૂટ નહીં જા સકતે હો લોગ યહ આકર રાઘવેન્દ્ર યુગલ સરકાર કા દર્શન કરેંગે ઉસકો ચિત્રકૂટ અને કા સૌભાગ્ય પ્રાપ્ત હોગા.



રામજી મંદિર પોપટ પરા ખાતે તારીખ ૨૬/૪ રવિવારે યોજનારા પાટોત્સવનો પ્રારંભ સવારે ૬/૩૦ કલાકે યુગલ સરકાર સીતારામ ચંદ્ર જી ભગવાનનું અભિષેક પૂજન થી થશે, ૮ વાગે દેહશુધ્ધિ,૮/૩૦ વાગે સ્થાપન પૂજન, ૯/૩૦ લઘુરામ યજ્ઞ પ્રારંભ,૧૨/૧૫ વાગે બીડું હોમાશે,૧૨/૩૯ પાટોત્સવ આરતી, સાંજે ૫/૦૦ વાગે બટુક ભોજન રામજી મંદિર પોપટ પરા ખાતે યોજાય છે આ કાર્યક્રમમાં યુગના દર્શન કરવાને રાગવેન્દ્ર યુગલ સરકારના દર્શન કરવા ભાવિકોને સદગુરુ સદન ના સંચાલકોએ અનુરોધ કર્યો છે.

# શિવ કથાના એન્કર હાર્દિક સોરઠીયાનો આજે જન્મદિવસ



રાજકોટના યુવા મોટીવેટર અને સચિન તેંડુલકરની ફ્રેન્ડ બુકમાં સ્થાન અને અંગત પત્ર વ્યવહાર નો સંબંધ ધરાવતા શિવકથા રાજકોટના એન્કર હાર્દિક સોરઠીયાનો આજે જન્મદિવસ છે, સચિન ને રોલ મોડલ બનાવી કારકિર્દી આગળ વધારનાર હાર્દિક સોરઠીયા એ અનેક એવોર્ડ અને રાજકીય મહાનુભાવોના હાથે પુરસ્કાર જીતીને રાજકોટનું ગૌરવ વધાર્યું છે, બાળપણથી જ દરેક સ્પર્ધામાં ભાગ લઈ ઈનામ જીતનાર હાર્દિક સોરઠીયા અભ્યાસની સાથે સાથે આધ્યાત્મિક સામાજિક જ્ઞાન અને કોમ્પ્યુટર રિસર્ચ કાર્યક્રમમાં પુરુષાર્થ કરી નામના મેળવવામાં નાની વયે જ સફળ રહેવાનો શ્રેય ધરાવે છે રાજ્યપાલના હસ્તે એવોર્ડ સુધીની સિદ્ધિ પ્રાપ્ત હાર્દિક સોરઠીયા ને આજે જન્મદિવસે ૯૦૩૩૫૦૭૯૩૧ પર શુભેચ્છા અપાઈ રહી છે.

# કાલે વર્લ્ડ વેટરનરી ડે

# રાષ્ટ્રની મહાનતા અને પ્રગતિનો આધાર લોકોની પ્રાણીઓ સાથેની વર્તણુંક દ્વારા નક્કી થાય છે: મહાત્મા ગાંધીજી



**અબતક, રાજકોટ**

જેવી રીતે માણસ બીમાર થાય છે ત્યારે ડોક્ટર પાસે જાય છે એવી જ રીતે પ્રાણીઓ માટે જે ચિકિત્સા વ્યવસ્થા કરવામાં આવે છે તેને વેટરીનરી કહે છે. ઘવાયેલા કે બીમાર પશુ - પક્ષી, પ્રાણીઓની ચિકિત્સાને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષે વેટરીનરી ડે સેલીબ્રેટ કરવામાં આવે છે. જે ડોક્ટર્સ આ જીવોની ચિકિત્સા કરે છે તેમને વેટરનર્સ કહેવામાં આવે છે.

વિશ્વમાં જુદા જુદા સ્થાનો પર આવા વેટરનર્સને ટ્રેનિંગ આપવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટસ પણ છે. વેટરનર્સ દરરોજ કોઈ ને કોઈ નવી સમસ્યાઓનો સામનો કરતા રહે છે એ વાત સમજી શકાય એમ છે કે ટ્રીટમેન્ટમાં માણસ જેટલી શાંતિ અને સમજદારીથી સહયોગ કરે છે એટલી જ સહજતાથી પ્રાણીઓ સહયોગ કરી શકતા નથી માટે આ કાર્ય ઘણું અઘરું બની જાય છે. અહીં જ્યારે પેટ એનીમ્લ્સની વાત કરીએ તો એ ઘણા સમજદાર હોય છે. કોઈ પણ ફેમીલીમાં લોકો એમને એક ફેમીલી મેમ્બર તરીકે ટ્રીટ કરે છે, એક બાળકની જેમ પેટને મેનર્સથી લઈને બધી જ વસ્તુઓ શીખવવામાં આવે છે પરિણામે તે કોઈ પણ વસ્તુ સમજવા માટે વધુ સંવેદનશીલ બને છે છતા પણ એમનું ધ્યાન રાખવા માટે તો ઘણા લોકો હોય છે પરંતુ જે રસ્તે રઝળતા પ્રાણીઓ છે એમની સુરક્ષા કરવા હેતુ કોઈ નથી હોતું. વિશ્વ આખું જ્યારે મહામારીનો સામનો કરી રહ્યો છે, હોસ્પિટલની બહાર માણસનું જીવન બચાવવા માટે એમ્બુલન્સની લાઈનો લાગી છે, મનુષ્યનું જીવન બચાવવા માટે ઓક્સિજન ખૂટી પડ્યું છે ત્યારે આવી પરિસ્થિતિમાં પશુ - પક્ષીઓના જીવન વિશે તો કોણ વિચારે ? જો કે આ પરિસ્થિતિમાં પણ ઘણી નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે જે પશુ - પક્ષી રક્ષા સાથે સંકળાયેલી છે પરંતુ આટલું પુરતું નથી. જો માત્ર એક પ્રાણી, કુતરાની વાત કરીએ તો આજે શેરીએ શેરીએ કુતરા છે એક શેરીમાં આશરે ૫ કુતરાઓ હોય છે ત્યારે આવી તો કેટલી શેરી, કેટલા વિસ્તાર, કેટલા શહેર ઉપરાંત કેટલાય પ્રાણીઓ સર્વ નું રક્ષણ કરવા માટે આવી સંસ્થાઓ ખૂણે ખૂણે પહોચી શકતી નથી માટે ઈશ્વરની ભેટ સમા આ પશુ-પક્ષીઓ સ્વરૂપી કુદરતની રક્ષા કરવાની જવાબદારી આપણી પોતાની સમજીને તેમનું ધ્યાન રાખીએ.

# સ્વ.વિનુભાઈ શંભુભાઈ સૈયાગોરની વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે રવિવારે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**



અત્યારે ઉનાળાના સખત તાપમાં જયારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડની સખત અછત રહેતી હોય ત્યારે જરૂરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી, સ્વ. વિનુભાઈ શંભુભાઈ સૈયાગોરની વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે ૨૬-૪-૨૬ રવિવાર, સવારે ૮ થી ૧૨.૩૦ સુધી માધવ મેનપાવર સોલ્યુશન, એસ્ટ્રોન ચોક, કિંગ્સ પ્લાઝા બિલ્ડીંગ, ટાગોરરોડ, રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં મેહુલભાઈ વિનુભાઈ સૈયાગોર, સૈયાગોર પરિવાર, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવિલ હોસ્પિટલનાં એમ.ડી. પેથોલેજીસ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા વિનંતી.

આ કેમ્પમાં કુંડારીયા ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે સુગર, બી.પી. તેમજ હીમોગ્લોબીન ફ્રીમાં ચેક કરી આપવામાં આવશે. તેમજ હીમોગ્લોબીન ઓછુ હોય તેમને ફ્રીમાં દવા પણ આપવામાં આવશે.

# સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજ કાલાવડ રોડ ખાતે આજે સુંદરકાંડ પાઠ

**અબતક, રાજકોટ**



સંકલ્પસિધ્ધ હનુમાનજી મહારાજ, કાલાવડ રોડ ઉપર વિરાજમાન પવિત્ર ધામ ખાતે તા. ૨૫-૪-૨૦૨૬, શનિવારના રોજ રાત્રે ૯ થી ૧૨ કલાકે ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવેલ છે આ પાવન પ્રસંગે સદગુરૂ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા સંજયભાઈ ભટ્ટ અને સાથીવૃંદના સુમધુર કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠનો દિવ્ય લાભ પ્રાપ્ત થશે, આથી સર્વે ધર્મપ્રેમી ભક્તજનોને સ્થળ: સંકલ્પસિધ્ધ હનુમાનજી મંદિર, કાલાવડ રોડ, રાજકોટ. તારીખ: ૨૫-૪-૨૦૨૬, શનિવાર " સમય: રાત્રે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે આવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બીએસએનએલ પેન્શનર્સ એસો. દ્વારા મોઘવારી ભથ્થુ ચુકવવા માંગ

**અબતક, રાજકોટ**

કમિટી ઓફ બીએસએનએલ એસોસિએશન - ગુજરાતના બેનર હેઠળ ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝના તા.૨૭,૦૨,૨૦૨૬ના ઓર્ડર મુજબ તા.૦૧.૦૧.૨૦૨૬થી ચૂકવવાનું થતું મોંઘવારી ભથું જેડીએ, ડીઆર તાત્કાલીક ચુકવવા અને પહેલાં જે રીતે દર ત્રણ માસે ઓર્ડર મુજબ ચુકવવામાં આવતું તે રીતે સમયસર બીએસએનએલ પેન્શનર્સને ચુકવવાની માંગણી સાથે ભારતભરમાં અને ગુજરાતમાં સીસીએ ઓફીસ ખાનપુર અમદાવાદ ખાતે અને ગુજરાત ભરના જીલ્લા અને તાલુકા મથકોએ બીએસએનએલની ઓફીસ સામે તા.૧૬.૦૪.૨૦૨૬, પેન્શનર્સને દેખાવો અને સુત્રોચારનો કાર્યક્રમ યોજેલ.

જેમાં ગુજરાતમાં આવેલ બીએસએનએલના પેન્શનર્સ એસોસિએશન એશો. ના સર્કલ સેક્રેટરી અને સર્કલ પ્રેસિડેન્ટ સાથે રહી અમિત અગ્રવાલ સેક્રેટરી ડીપાર્ટમેન્ટ ઓફ ટીલીકોમને મોકવવા માટે જોઈન્ટ સીસીએ ગુજરાતને આવેદનપત્ર આપવામાં આવેલ. ઓર્ડર મળે નહી તો તા.૩૦.૦૪.૨૦૨૬ ના ધરણાંનો ગુજરાત ભરમાં સફળ કરવા માટે કમિટી ઓફ બીએસએનએલ-એમટીએનએલ પેન્શનર્સ એસોસિએશન ના આગેવાનો એન.એમ.પટેલ, એ.એન.પટેલ, આર.આર.વર્મા, એજી એસ.આર.મિશ્રા, ડી.ડી. મિસ્ત્રી, આર.એમ.બેલાણી, એ.એન.ભાવસાર, જે.બી.બ્રહ્મભટ્ટ, બી.જી.પટેલ, મનુભાઈ ચનિયારા વિગેરે આગેવાનોએ ગુર્જરાતભર બીએસએનએલના પેન્શનર્સને અપીલ કરેલ છે.

# મેમનગર સ્વામિનારાયણ ગુરુકુલના હરી સ્વરૂપદાસ અને છારોડીના બ્રહ્મસ્વામીનો અક્ષરવાસ


## બંને સંતોની અંતિમયાત્રામાં હજારો હરિભક્તો જોડાયા

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ સંપ્રદાયના લાખો ભાવિકો માટે વસમી ઘડી ની જેમ સંપ્રદાયના બે સંતો એ વસમી વિદાય લેતા હરિભક્તોમાં ભારે શોક છવાયો છે, મેમનગર સ્વામિનારાયણ ગુરુકુલના હરિસ્વરૂપદાસજી સ્વામી અને છારોડી ગુરુકુળના બ્રહ્મસ્વામી નું અવસાન થતાં સંતોએ ભારે હૃદયે બંનેને વિદાય આપી હતી.

મેમનગર સ્વામિનારાયણ ગુરુકુળ ના કથાકાર અને હજારો યુવાનોને પોતાના પ્રવચનથી સતમાર્ગ બતાવનાર હરિસ્વરૂપદાસજી સ્વામી તથા છારોડી ગુરુકુળના સ્વામી નું અવસાન થતા સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાપીઠ છારોડી ગુરુકુળના વડા શાસ્ત્રી માધવ પ્રિય દાસ સ્વામીએ અંતિમ પૂજન કરી આરતી ઉતારી બંને સંતોને વસમી વિદાય આપી હતી આ અંતિમયાત્રામાં હજારો હરિભકતો જોડાયા હતા

# પ્રાકૃતિક ખેતી કરી પૃથ્વીનું શોષણ અટકાવવા અનુરોધ કરતાં પૂ.મોરારિબાપુ



**અબતક, રાજકોટ**

પાલિતાણા પાસે સગાપરા ધાર કૈલાસ ટેકરી સ્થાનમાં ચાલતી રામકથામાં મોરારિબાપુએ પ્રાકૃતિક ખેતી કરવાં ખેડૂતોને અનુરોધ કર્યો.

ખેતીવાડીમાં ઝેરના ઉપયોગ સામે સાવધાની રાખવા જણાવ્યું અને પ્રાકૃતિક ખેતી કરી પૃથ્વીનું શોષણ અટકાવવા અનુરોધ કરતાં મોરારિબાપુએ ઉમેર્યું કે આપણી ભવિષ્યની પેઢી ઝેર ખાઈ રહી છે, જે સામે પ્રાકૃતિક ખેતી માટે કાર્યરત સંસ્થાઓનાં અભિયાનને બિરદાવી આ માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનાં અભિગમનો ઉલ્લેખ કરી, તેઓને બિરદાવ્યાં.

# લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા રવિવારે યુવક-યુવતિ પરિચય પસંદગી મેળો

**અબતક, રાજકોટ**

રાજકોટ લોહામા મહાજન પ્રેરીત શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટ દ્વારા તા. ૨૪-૫-૨૬ના રોજ રવિવારે શ્રી અટલબિહારી બાજપાઈ ઓડિટોરિયમ રાજકોટ ખાતે તમામ રઘુવંશી યુવક-યુવતિઓ માટે હાઈટેક પરિચય પસંદગી મેળાનું વિશાળ આયોજન યુવક-યુવતિઓના ફોટાબાયોડેટા સાથેની ડિરેકટરીનું વિમોચન કરી ઉપસ્થિત ઉમેદવારોને ડિરેકટરી આપવામાં આવશે. યુવક-યુવતિ સાથે બે વાલીઓને પણ પ્રવેશ અપાશે તમામ માટે ચા-પાણી સાંજે ડિનર-જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં વિનામુલ્યે મેરેજ બ્યુરોની પ્રવૃત્તિઓ કરનાર તમામ સંચાલકોને પણ આમંત્રિત કરવામાં આવશે તથા યુવક-યુવતિઓને પસંદગીના પાત્રો સાથે પર્સનલ કોન્ટેકટ-મીટીંગો કરાવવામાં આવશે. રઘુવંશી સમાજના ડોક્ટરો વકીલો, એન્જિનિયરો તથા ગ્રેજ્યુએટ-પોષ્ટ ગ્રેજ્યુએટ લેવલના તમામ યુવક-યુવતિઓ આ પરિચય મેળામાં સામેલ થઈ શકશે. યુવતિઓ માટે પરિચય પસંદગી મેળામાં એન્ટ્રી ડિરેકટરી ભોજન ચા-પામી વગેરે તદન નિઃશુલ્ક રહેશે સાથે બે વાલીઓને પણ પ્રવેશ નિઃશુલ્ક રહેસે. યુવક ઉમેદવારે સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમો અનુસાર ટોકન ફી ભરવાની રહેશે. તથા કલર ફોટા સાથેનો બાયોડેટા વોટ્સએપ નંબર પર મોકલવો ફરજિયાત રહેશે તે માટે વોટ્સએપ નંબર ૯૭૨૩૦ ૦૦૯૬૩ રાખવામાં આવેલ છે.

# બીએસએનએલ પેન્શનર્સ એસો. દ્વારા મોઘવારી ભથ્થુ ચુકવવા માંગ

**અબતક, રાજકોટ**

કમિટી ઓફ બીએસએનએલ એસોસિએશન - ગુજરાતના બેનર હેઠળ ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝના તા.૨૭,૦૨,૨૦૨૬ના ઓર્ડર મુજબ તા.૦૧.૦૧.૨૦૨૬થી ચૂકવવાનું થતું મોંઘવારી ભથું જેડીએ, ડીઆર તાત્કાલીક ચુકવવા અને પહેલાં જે રીતે દર ત્રણ માસે ઓર્ડર મુજબ ચુકવવામાં આવતું તે રીતે સમયસર બીએસએનએલ પેન્શનર્સને ચુકવવાની માંગણી સાથે ભારતભરમાં અને ગુજરાતમાં સીસીએ ઓફીસ ખાનપુર અમદાવાદ ખાતે અને ગુજરાત ભરના જીલ્લા અને તાલુકા મથકોએ બીએસએનએલની ઓફીસ સામે તા.૧૬.૦૪.૨૦૨૬, પેન્શનર્સને દેખાવો અને સુત્રોચારનો કાર્યક્રમ યોજેલ.

જેમાં ગુજરાતમાં આવેલ બીએસએનએલના પેન્શનર્સ એસોસિએશન એશો. ના સર્કલ સેક્રેટરી અને સર્કલ પ્રેસિડેન્ટ સાથે રહી અમિત અગ્રવાલ સેક્રેટરી ડીપાર્ટમેન્ટ ઓફ ટીલીકોમને મોકવવા માટે જોઈન્ટ સીસીએ ગુજરાતને આવેદનપત્ર આપવામાં આવેલ.

ઓર્ડર મળે નહી તો તા.૩૦.૦૪.૨૦૨૬ ના ધરણાંનો ગુજરાત ભરમાં સફળ કરવા માટે કમિટી ઓફ બીએસએનએલ-એમટીએનએલ પેન્શનર્સ એસોસિએશન ના આગેવાનો એન.એમ.પટેલ, એ.એન.પટેલ, આર.આર.વર્મા, એજી એસ.આર.મિશ્રા, ડી.ડી. મિસ્ત્રી, આર.એમ.બેલાણી, એ.એન.ભાવસાર, જે.બી.બ્રહ્મભટ્ટ, બી.જી.પટેલ, મનુભાઈ ચનિયારા વિગેરે આગેવાનોએ ગુર્જરાતભર બીએસએનએલના પેન્શનર્સને અપીલ કરેલ છે.

# ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ: પશ્ચિમ ભારતના છેડેથી દક્ષિણના દિવ્યધામ સુધીની સફર બની વધુ આરામદાયક

## વેકેશનમાં રામેશ્વરમની આધ્યાત્મિક યાત્રાનું આયોજન કરતા શ્રદ્ધાળુઓ માટે રેલવેની આ ટ્રેન બની શ્રેષ્ઠ પસંદગી; મુસાફરોને મળશે કુદરતી સૌંદર્ય અને સુવિધાનો સંગમ

**અબતક, રાજકોટ**

આ વેકેશનમાં જો તમે પણ પવિત્ર રામેશ્વરમ જ્યોતિર્લિંગના દર્શન કરવાનું વિચારી રહ્યા હોવ, તો તમારી મુસાફરીને યાદગાર બનાવવા માટે ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ એક ઉત્તમ માધ્યમ બની રહી છે. ગુજરાતના દરિયાકાંઠેથી શરૂ થતી આ ટ્રેન મુસાફરોને સીધા જ દક્ષિણ ભારતના આસ્થાના કેન્દ્ર સુધી પહોંચાડે છે. યાત્રા દરમિયાન મુસાફરોને પશ્ચિમથી દક્ષિણ ભારત સુધીના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ અને નયનરમ્ય કુદરતી દ્રશ્યો જોવાનો લ્હાવો મળે છે. લાંબા અંતરની આ સફરમાં મુસાફરોની સુવિધા અને આરામનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે, જેથી શ્રદ્ધાળુઓ થાક્યા વગર પોતાની મંજિલ સુધી પહોંચી શકે અને રામેશ્વરમના દિવ્ય વાતાવરણનો પૂરેપૂરો આનંદ માણી શકે. ટ્રાફિક અને મુસાફરીના અન્ય ટેન્શન છોડીને, ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસમાં બેસીને તમે તમારી આધ્યાત્મિક યાત્રાને ખરા અર્થમાં શાંતિપૂર્ણ બનાવી શકો છો. તમારી આ આગામી સફરને સુખદ બનાવવા માટે અત્યારથી જ બુકિંગ કરાવો અને મંજિલ જેવી જ સુંદર સફરનો અનુભવ કરો.

# ભાજપ-રાજકોટની જુગલ જોડીને કાયમ માટે અંકબંધ રાખવાની છે: હર્ષ સંઘવી

## નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ પ્રબુદ્ધ નાગરિકો સાથે સંમેલન યોજ્યું





**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની જીત હાંસલ કરવા ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ભારતીય જનતા પાર્ટીના યુવા ઉમેદવારના પ્રચાર માટે રાજકોટ પધારેલ હતા. આ તકે રાજકોટના સયાજી હોટલ ખાતે પ્રબુધ્ધ નાગરીકો સાથે સંમેલન યોજવામાં આવેલ. આ સંમેલનમાં રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, પ્રદેશ કારોબારી સભ્ય રાજુભાઈ ધ્રુવ, પ્રદેશ યુવા મોરચા મહામંત્રી દેવાંગીબેન મૈયડ, ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ પૂર્વ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ મહામંત્રી વિરેન્દ્રસીંહ ઝાલા સહિત રાજકોટ શહેર પૂર્વ પ્રમુખો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ સાંસદઓ, પૂર્વ શહેર મહામંત્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનને સંબોધન કરતાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદી ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન તરીકે કેન્દ્રમાં અને ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર દેશ અને ગુજરાત રાજયનો વણથંભ્યો વિકાસ થઈ રહ્યો છે અને લોકોની સુખાકારીમાં સતત વધારો થઈ રહ્યો છે.

ભાજપની સરકાર અને રાજકોટના નાગરિકોની જુગલ જોડીને આપણે કાયમ માટે અંકબંધ રાખવાની છે.

કોઈ પણ બીજી પાર્ટીની દોરવણીમાં આવીને એક પણ સીટમાં કોઈને ડીપોઝીટ ગુમાવવી પડે તેના કરતાં વધુ મત ન મળવા જોઈએ. તેના પાછળ કેન્દ્રની સરકાર કે રાજ્યની સરકારને સાથ અને સહકાર દેશના અને રાજયના વેપારી ભાઈઓ, સમાજના આગેવાનો, શૈક્ષણિક ક્ષેત્રના આગેવાનો, ઔદ્યોગિક ક્ષેત્રના આગેવાનો, રાજકોટ શાપર મેટોડા, લોધિકા, લોઠડાના વિવિધ વેપારીઓ, ઉધોગપતિઓ અને એન્જીનીયરીંગ એસોશીએશનના હોદ્દેદારો, બિલ્ડર એસોશીએશન, સેલ્ફ ફાયનાન્સ સ્કુલ મેનેજમેન્ટ એસોશીએશન, ભાજપ ડોકટર સેલ, ભાજપ લીગલ સેલ, ભાજપ સી.એ. સેલના પ્રતિનિધિઓ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ, બી.એન.આઈના પ્રતિનિધિઓ સહિત વિવિધ સંગઠનો અને એસોશીએશનના હોદ્દેદારો અને પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કોઠારીયા સોલવન્ટ પાસે રોડ ક્રોસ કરતા વૃદ્ધનુ બાઈકની ઠોકરે મોત

## પુત્રની પાનની કેબિને જતી વેળાએ નડ્યો અકસ્માત, પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં માર્ગ અકસ્માતની એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં રોડ ક્રોસ કરી પોતાના પુત્રની પાનની કેબિને જઈ રહેલા ૮૨ વર્ષીય વૃદ્ધને અજાણ્યા બાઈક ચાલકે હડફેટે લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવને પગલે કબર પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કોઠારીયા સોલ્વન્ટ પાસે આવેલ સૌરાષ્ટ્ર સોલ્વન્ટ મિલના ક્વાર્ટરમાં રહેતા હરજીભાઈ ભીમજીભાઈ કબર (ઉ.વ. ૮૨) ગઈકાલે સવારના સમયે પોતાના ઘરેથી ચાલીને રાજકોટ-ગોંડલ રોડ પર આવેલી તેમના પુત્રની પાનની કેબિને જઈ રહ્યા હતા. આ દરમિયાન માર્ગ પર પૂરપાટ ઝડપે ધસી આવેલા અજાણ્યા બાઈક ચાલકે હરજીભાઈને ટક્કર મારી હતી. બાઈકની ઠોકરે ચડેલા હરજીભાઈ રોડ પર ફંગોળાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના રાહદારીઓ તુરંત દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં વૃદ્ધને તાત્કાલિક હોસ્પિટલે ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું છે. આ બનાવની જાણ થતા જ આજીડેમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે. ૮૨ વર્ષીય પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો છે.

# હિમંત ગોલ્ડ પેઢીને રૂ.૧૫.૬૦ લાખનો ચુનો ચોંપડનાર ઠગ લાલજી જોગરાણા ઝડપાયો

## ગીરવે મુકેલા સોનાના દાગીના વેંચાણથી આપવાના નામે લાખોની રકમ મેળવી ડુપ્લીકેટ દાગીના ધાબડી છેતરપીંડી આચરી'તીઃ ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો

**અબતક, રાજકોટ**

સોનીબજારમાં આવેલી હિમંત ગોલ્ડ પેઢી સાથે રૂ.૧૫.૬૦ લાખની છેતરપીંડીના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી લાલજી જોગરાણાને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડ્યો હતો. છેતરપીંડી ઉપરાંત વ્યાજના ગુનામાં ફરાર શખ્સને દબોચી ગાંધીગ્રામ પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો સોનીબજારમાં આવેલી હિમંત ગોલ્ડ સેન્ટર નામની પેઢીમાં રૂ.૧૫.૬૦ લાખની કિંમતના સોનાના ઘરેણાં ગીરવે મુકવાના નામે લાલજી ખોડાભાઈ જોગરાણાએ અયોધ્યા ચોક નજીક ઓફિસ ધરાવતા પંકજભાઈ વાયા સાથે મળી છેતરપીંડી આચરી હતી. લાલજી જોગરાણાએ પંકજ વાયાની માલિકીની ક્રિષા ફાયનાન્સમાં ગીરવે મુકેલા દાગીના ત્યાંથી છોડાવી હિમંત ગોલ્ડ પેઢીને વેંચાણથી આપવાના નામે રૂ.૧૫.૬૦ લાખ ક્રિષા ફાયનાન્સમાં જમા કરાવી ૧૭૭ ગ્રામ સોનું હિમંત ગોલ્ડ પેઢીના કર્મચારીઓને આપી દીધું હતું બાદમાં સોનાના ટચ કઢાવતા તમામ દાગીના ડુપ્લીકેટ નીકળતા હિમંત ગોલ્ડ પેઢી દ્વારા ગાંધીગ્રામ પોલીસ મથકમાં રૂ.૧૫.૬૦ લાખની છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવાઈ હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ મિલકત સંબંધી ગુના આચરી ફરાર થઈ ગયેલા આરોપીઓને પકડી પાડવાની સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવના સીધા માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન.પરમારની ટીમના હેડ કોન્સ્ટેબલ મોહિલરાજસિંહ ગોહિલ, અર્જુનભાઈ ડવ અને કોન્સ્ટેબલ ગોપાલભાઈ પાટીલને મળેલી સંયુક્ત બાતમીના આધારે લાલજી ખોડાભાઈ જોગરાણા (ઉ.વ.૪૧ રહે.જીનપરા તાલુકા પંચાયત ઓફિસ પાસે, લીંબડી, સુરેન્દ્રનગર)ને પકડી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે પંકજ વાયા વિરૂધ્ધ નોંધાયેલ વ્યાજના ગુનામાં પણ લાલજી જોગરાણાનું નામ ખુલ્યું હતું. જે ગુનામાં પણ લાલજી જોગરાણા ફરાર હોય ક્રાઈમ બ્રાન્ચે આરોપીને પકડી બંને ગુનાની ખૂટતી કડીઓ મેળવી હતી.




# સિવિલમાં એમઆરઆઈ કરતી વખતે તરસાઈ ગામના મહિલાનું હાર્ટ બેસી ગયું

## પુત્રના ઘરે રોકાવા આવેલા માતા હોસ્પિટલમાં બેભાન થઈ જતા મોત નીપજ્યું, પરિવારમાં શોક

**અબતક રાજકોટ**

શહેરના સિવિલ હોસ્પિટલમાં જામજોધપુર પંથકના તરસાઈ ગામના વતની ૫૩ વર્ષીય પ્રૌઢાનું એમઆરઆઈ સ્કેનિંગ દરમિયાન જ હાર્ટ એટેક આવતા મોત નીપજતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવથી પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના તરસાઈ ગામે રહેતા રમાબેન ભગવાનજીભાઈ પરમાર (ઉ.વ. ૫૩) હાલ રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં સહનગર શેરી નં. ૪ માં રહેતા તેમના પુત્રના ઘરે રોકાવા આવ્યા હતા. ગઈકાલે તેમને પીઠમાં અસહ્ય દુખાવો થતા પરિવારજનો તેમની સારવાર માટે જી.ટી. શેઠ હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં ફરજ પરના તબીબે સચોટ નિદાન માટે રમાબેનનો એમઆરઆઈ રિપોર્ટ કરાવવાની સલાહ આપી હતી. તબીબની સલાહ મુજબ પરિવારજનો રમાબેનને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે એમઆરઆઈ કરાવવા લઈ ગયા હતા. એમઆરઆઈ કરવાની પ્રક્રિયા હજુ ચાલુ જ હતી તે દરમિયાન અચાનક રમાબેનને હાર્ટ એટેક આવતા તેઓ બેભાન થઈ ગયા હતા. ગભરાયેલા પરિવારજનો તેમને તાત્કાલિક ખાનગી એચસીજી હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ત્યાંના તબીબોએ રમાબેનને તપાસી મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રમાબેનને સંતાનમાં ત્રણ દીકરી અને એક દીકરો છે. પીઠના સામાન્ય દુખાવાની તપાસ કરાવવા ગયેલા પ્રોઢાનું મોત થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# શાપરઃ અગમ્ય કારણોસર આધેડનો ગળેફાંસો ખાઈ આપઘાત

## ત્રણ દિવસથી લાપતા હતાઃમિત્રની વાડીએ જીવન ટૂંકાવતા પરિવાર માં આક્રંદ

**અબતક રાજકોટ**

શાપર માં રહેતો હિતેશભાઈ રતુભાઈ પટેલ ઉંમર વર્ષ ૪૮ વર્ષીય આધેડે અરડોઈ ગામે મિત્રની વાડી એ ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા સારવાર મળે તે પહેલા તબીબે આધેડ મૃત કર્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ સાપર રહેતા હિતેશભાઈ રતુભાઈ ગજેરા ઉંમર વર્ષ ૪૮ વર્ષા આધેડ ત્રણ દિવસ પહેલા ઘરે નીકળી ગયેલ હોય આધેડે અરડોઈ ગામે પોતાનાં મિત્ર ની વાડી એ ઝાડ સાથે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખાતે ખસેડવામાં આવ્યા હતા ત્યાં તબીબે આધેડ ને મૃતજાહેર કરતા પરિવાર માં ગમગીની છવાઈ હતી આ અંગે મૃતક પોતે પાનની દુકાન ચલાવતા મૃતક નું આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે એક ભાઈ એક બેન માં મોટા અને સંતાન એક પુત્ર એક પુત્રી એ પિતાનાંની છત્રછાયા ગુમાવતા પરિવાર માં ગમગીની છવાઈ હતી આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# રૈયા રોડ પર મિલક્ત વિવાદમાં પૌત્રએ દાદીના મોટરસાઈકલ સાથે બાઈક અથડાવ્યુ

## દુકાન પડાવી લેવા બાબતે થયેલી ફરિયાદનો ખાર રાખી સોયલે અકસ્માત સર્જ્યો હોવાનો આક્ષેપ

**અબતક રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલ હીરામલ નગર પાસે પૌત્રએ જ પોતાની દાદીના બાઈક સાથે બાઈક અથડાવી પછાડી દેતા ચકચાર મચી ગઈ છે. દુકાન પચાવી પાડવા બાબતે થયેલી પોલીસ અરજીનો ખાર રાખી પૌત્રએ આ હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તબક્કે સામે આવ્યું છે. .પ્રાપ્ત વિગત મુજબ, રૈયા રોડ પર હનુમાન મઢી પાસે ન્યૂ રંગ ઉપવન સોસાયટીમાં રહેતા ફરીદાબેન ઈકબાલભાઈ બુખારી (ઉ.વ. ૫૫) મોટરસાઈકલ લઈને દૂધની ડેરીએ કામ અર્થે જઈ રહ્યા હતા. ત્યારે હીરામલ નગર પાસે તેમના પૌત્ર સોયલે પોતાનું મોટરસાઈકલ ફરીદાબેનના બાઈક સાથે જોરભેર અથડાવ્યું હતું. આ અકસ્માતમાં ફરીદાબેન રોડ પર પટકાતા તેમને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, ફરીદાબેનના પતિ ઈકબાલભાઈ ડિસ્ક કનેક્શનનું કામ કરે છે. તેમની દુકાન પૌત્ર સોયલે પડાવી લીધી હતી, જે બાબતે અગાઉ પોલીસમાં અરજી કરવામાં આવી હતી. આ અરજીનો ખાર રાખીને સોયલે જાણીજોઈને દાદીના બાઈકને ઠોકરે ચડાવ્યું હતું. બનાવની જાણ થતા સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત ફરીદાબેનને સંતાનમાં બે પુત્રો અને એક પુત્રી છે. હાલ પોલીસે આ મામલે મિલકત વિવાદ અને અકસ્માત સર્જી ઈજા પહોંચાડવા અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ફરી યુદ્ધના ભણકારાથી શેરબજાર ધ્રુજ્યું : સેન્સેક્સમાં ૯૦૦થી વધુ પોઈન્ટનો કડાકો

## નિફ્ટીમાં પણ ૨૫૦ પોઈન્ટથી વધુનો ઘટાડો : બુલિયન બજારમાં મિશ્ર માહોલ, રૂપિયો ૯૪.૨૭ની નીચલી સપાટીએ સરકી ગયો

**અબતક, રાજકોટ**

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી યુદ્ધના ભણકારા શરૂ થયા છે. જેના કારણે આજે સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજાર ફફડી ઉઠ્યું હતું. સેન્સેક્સ અને નિફ્ટી ઉંધા માથે પટકાયા હતાં. ડોલર સામે રૂપિયાનું ધોવાણ થઈ રહ્યું છે. આજે રૂપિયો ૯૪.૨૭ની નિચલી સપાટીએ સરકી ગયો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં કડાકા જોવા મળી રહ્યા છે. બુલિયન બજારમાં મિશ્ર માહોલ જોવા મળી રહ્યો છે.




આજે સપ્તાહના અંતિમ દિવસે મુંબઈ શેરબજારના બન્ને આગેવાન ઈન્ડેક્સ ઘટાડા સાથે ખુલ્યા હતાં. જેનું મુખ્ય કારણ એવું મનાઈ રહ્યું છે કે, એરિકાના રાષ્ટ્રપતિ ડ્રોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધ વિરામ અંગે આપેલા નેગેટીવ નિવેદનની અસર બજાર પર પડી છે. આજે સેન્સેક્સે ફરી એકવાર ૭૭ હજારની સપાટી તોડી હતી. ૭૬,૪૦૪ સુધી સરકી ગયો હતો. જ્યારે ઉપલી સપાટી ૭૭,૭૧૦ રહેવા પામી હતી. નિફ્ટીમાં પણ જોરદાર ગાબડા પડ્યા હતાં. નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી તોડી હતી અને એક તબક્કે ૨૩,૮૧૪ સુધી સરકી હતી. ઉપલી સપાટી ૨૪,૨૦૪ રહેવા પામી હતી. આ લખાય રહ્યું છે.

ત્યારે સેન્સેક્સ ૯૪૪ પોઈન્ટના કડાકા સાથે ૭૬,૭૨૪, નિફ્ટી ૨૫૫ પોઈન્ટના કડાકા સાથે ૨૩,૯૧૮ પર કામકાજ કરી રહ્યા છે. જ્યારે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૧૫ પૈસાના ઘટાડા સાથે ૯૪.૨૭ પર ટ્રેડ કરી રહ્યો છે.

# દેશપ્રેમ, શિસ્ત અને ઉજ્જવળ ભવિષ્ય ઘડવામાં એનસીસી ઉત્તમ પાઠશાળા

## પોલીસ ભરતીમાં બોનસ માર્ક્સ, રિલાયન્સ-ટાટા જેવી કંપનીઓમાં એનસીસીને પ્રાધાન્ય

**સંકલનઃ**
**ક્રાઈસ્ટ કોલેજના લેફ્ટનન્ટ ડો. દિવ્યરાજસિંહ જાડેજા**

અબતક રાજકોટ

શહેરમાં વિદ્યાર્થી અવસ્થામાં શિસ્ત, સાહસ અને દેશપ્રેમના ગુણો કેળવાય તે હેતુથી નેશનલ કેડેટ કોપ્ર્સ એક શ્રેષ્ઠ માધ્યમ બની રહ્યું છે. ક્રાઈસ્ટ કોલેજ, રાજકોટના માઈક્રોબાયોલોજી વિભાગના સહાયક પ્રોફેસર અને એસોસિયેટ એનસીસી ઓફિસર લેફ્ટનન્ટ ડો. દિવ્યરાજસિંહ જાડેજાએ એનસીસી મહત્વ અને તેનાથી થતા ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું છે કે, એનસીસી માત્ર લશ્કરી તાલીમ નથી, પરંતુ તે એક શ્રેષ્ઠ નાગરિક બનવાની પાઠશાળા છે.

એનસીસીનું પૂરું નામ 'નેશનલ કેડેટ કોપ્ર્સ' છે, જેનું સૂત્ર ''એકતા અને શિસ્ત'' છે. તેની સ્થાપના ૧૫ જુલાઈ, ૧૯૪૮ના રોજ પંડિત એચ.એન. કુંઝરુ સમિતિની ભલામણથી કરવામાં આવી હતી. આ સંસ્થા હાઈસ્કૂલ અને કોલેજ સ્તરે વિદ્યાર્થીઓને શસ્ત્રો અને પરેડની મૂળભૂત તાલીમ આપી દેશની સુરક્ષા દળો માટે તૈયાર કરે છે. એનસીસીમાં ૧૩ વર્ષની ઉંમરથી જુનિયર ડિવિઝન (ધોરણ ૮ થી ૧૦) અને ૧૧માં ધોરણથી ૨૬ વર્ષ સુધી સિનિયર ડિવિઝનમાં જોડાઈ શકાય છે. જેમાં ત્રણ પ્રકારના પ્રમાણપત્રો હોય છે, અ પ્રમાણપત્ર જુનિયર ડિવિઝનના વિદ્યાર્થીઓ માટે. ઈ' પ્રમાણપત્ર સિનિયર ડિવિઝનના બીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે. જ્યારે ઈ ' પ્રમાણપત્ર એનસીસીનું સર્વોચ્ચ પ્રમાણપત્ર છે જે 'ઈ' સર્ટિફિકેટ બાદ મેળવી શકાય છે. ડો. જાડેજાએ જણાવ્યું હતું કે એનસીસી કેડેટ્સને સરકારી અને ખાનગી ક્ષેત્રમાં અનેક લાભો મળે છે, જેમાં પ્રમાણપત્ર ધારક વિદ્યાર્થીઓ યૂપીએસસીની લેખિત પરીક્ષા આપ્યા વગર સીધા જ એસએસબી ઈન્ટરવ્યુમાં જઈ શકે છે. આ ઉપરાંત ઈન્ડિયન મિલિટરી એકેડમી અને વાયુસેનામાં કેડેટ્સ માટે ખાસ બેઠકો અનામત હોય છે. સિઆરપીએફ , બીસીએફ , સીઆઈએસએફ અને પોલીસ ભરતીમાં ૫ થી ૧૫ ગુણ સુધીના બોનસ માર્ક્સ મળે છે. રિલાયન્સ, ટાટા અને ઓએનજી જેવી મોટી કંપનીઓ સુરક્ષા અને મેનેજમેન્ટની ભૂમિકાઓ માટે એનસીસી કેડેટ્સને પ્રાધાન્ય આપે છે. અનેક યુનિવર્સિટીઓ પ્રવેશ પ્રક્રિયામાં એનસીસી કેડેટ્સને વધારાના ગુણનો લાભ આપે છે. આમ, શારીરિક તંદુરસ્તી અને આત્મવિશ્વાસ વધારવાની સાથે સાથે દેશસેવા માટે સજ્જ થવા માંગતા યુવાનો માટે એનસીસીએ શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે.

# વાવડી ગામે જીનિંગ મિલના પતરા સાફ કરતી વેળાએ પટકાયેલા યુવકનું મોત

## યુવાનના મોતથી સગર્ભા પત્ની પર જાણે આભ ફાટયુ તેવા દ્રશ્ય સર્જાયા


**અબતક રાજકોટ**

વાવડી ગામે રહેતા શ્રમિક કામ કરતો યુવક શુભ જીનિંગ મિલના પતરા સાફ કરવા ગયેલ યુવક નીચે પટકાતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડ્યા બાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડતા આજે તેમનું મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ હતી

આ અંગે મળતી માહિતી મુજબ વાવડી ગામે શુભ જીનિંગ મિલમાં શ્રમિક કામ કરતો રાકેશ સકરામ દાવત ઉમર વર્ષ ૨૩ વર્ષીય યુવાન આશરે બે માસ માસ પહેલા પોતે જીનિંગ મિલ ના પતરાં ઉપર સાફ કરવા ગયેલ કોઈ કારણોસર નીચે પટકાયો હતો તેને ગત તા ૧૬ ના રોજ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો અને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું આજે સવારે મોત નીપજતા ઘટના સ્થળે ધોરાજી પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડાવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે એમ.પી.નો વતની હોય અને મૃતકની પત્ની વતન ડિલ્વરી કરવા ગયેલ હોય બે ભાઈ બે બેન માં નાનો અને સંતાન બે દીકરી પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી

# સનાતન ધર્મના સાત સ્તંભો બ્રહ્મ, સત્ય અને સાધુ એજ સનાતન સપ્તકઃ પૂ. મોરારિબાપુ

## પાલિતાણાના સગાપરા ધાર ક્ષેત્રમાં 'માનસ શિવ સંકલ્પ' રામકથાનો સંતો-મહંતો અને ભાવિકોની હાજરીમાં ભક્તિમય પ્રવાહ



**અબતક, અંકુર મહેતા, પાલિતાણા**

ગોહિલવાડની પવિત્ર ભૂમિ પાલિતાણાના શત્રુંજય વિસ્તારમાં આવેલ શ્રી કૈલાસ ટેકરી સગાપરા ધાર ક્ષેત્રમાં શ્રી મોરારિબાપુના વ્યાસપીઠે 'માનસ શિવ સંકલ્પ' રામકથાની અમૃતધારા વહી રહી છે. લાલગીરીબાપુના સાનિધ્યમાં યોજાયેલી આ કથાના છઠ્ઠા દિવસે બાપુએ સનાતન ધર્મના ગૂઢ રહસ્યો સમજાવતા 'સનાતન સપ્તક'નો મહિમા રજૂ કર્યો હતો. મોરારિબાપુએ કથાગાન દરમિયાન સમજાવ્યું હતું કે બ્રહ્મ, પુરુષ, જીવ, ધર્મ, સ્વભાવ, સત્ય અને સાધુ એ સાત તત્વો સનાતન સપ્તક છે. આ સપ્તકમાં



'સા' એટલે 'સાધુ' હોવાનું જણાવી બાપુએ ઉમેર્યું કે સનાતન ધર્મના આ સપ્તકમાં સાધુ એ જ સાક્ષાત શંકર છે. સાંપ્રત સમયની વૈશ્વિક પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે, આજે વિશ્વને વિનાશક અણુશસ્ત્રોની નહીં પરંતુ અણુવ્રતની જરૂર છે. આ તકે તેમણે જૈન સાધના અને ભક્તિ પદ્ધતિનો પણ સાદર ઉલ્લેખ કર્યો હતો. કથાના મુખ્ય પ્રસંગોમાં બાપુએ શિવ ચરિત્ર અંતર્ગત દક્ષ યજ્ઞ અને સતી પ્રસંગનું ભાવપૂર્ણ વર્ણન કર્યું હતું. તેમણે શ્રોતાઓને શીખ આપી હતી કે સાધના એ જીવનથી અલગ નથી, પરંતુ સંસારીઓ માટે પોતાનું જીવન જ એક અનુષ્ઠાન છે તેમ સમજીને જીવવું જોઈએ.

આ ધાર્મિક મહોત્સવમાં જાનકીદાસ મહારાજ, લહેરગિરી મહારાજ સહિતના અનેક સંતો-મહંતો અને કથાકારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સાહિત્યકાર નીતિનભાઈ વડગામા, વક્તા જયભાઈ વસાવડા અને અગ્રણી દિલીપભાઈ સખિયા સહિતના મહાનુભાવોએ કથાનું શ્રવણ કર્યું હતું. કાર્યક્રમનું પ્રારંભિક સંચાલન શ્રી દિલીપભાઈ રાજ્યગુરુએ કર્યું હતું, જ્યારે મુકેશગિરિ મહારાજ અને સ્થાનિક સેવાભાવી કાર્યકર્તાઓની ટીમે સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

# મોરબી સિરામીક ઉદ્યોગને પુન ધમધમતો કરવા ગેસના ભાવ વ્યાજબી કરી પુરવઠો જાળવવા ગુજરાત ગેસ લિમિટેડ પ્રતિબદ્ધ

## મોરબી સિરામિક ઉદ્યોગમાં ગેસ અછતનું સંકટ ટુક સમયમાં જ દુર થશે

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયલ અમેરિકા યુદ્ધના પગલે ગેસની અછતની મોરબી સિરામીક ઉદ્યોગ પર આવી પડેલ સંકટના વાદળો હટાવી સિરામીક ઉદ્યોગને પુનઃ ધમધમતો કરવા ગેસનો ભાવ વ્યાજબી કરી પુરવઠો જાળવવા ગુજરાત ગેસ લિમીટેડ પ્રતિબદ્ધ બની છે.

ગુજરાત ગેસ લિમિટેડે (મોરબીમાં પાઈપ્ડ નેચરલ ગેસના અધિકૃત સપ્લાયર) તાજેતરના ભૂ-રાજકીય વિક્ષેપોની વચ્ચે અવિરત ગેસ પુરવઠો અને ભાવોની સ્થિરતા સુનિશ્ચિત કરીને મોરબીના સિરામિક ઉદ્યોગ પ્રત્યેની પ્રતિબદ્ધતા ફરી એકવાર મજબૂત રીતે સાબિત કરી છે.

ગુજરાત ગેસ દ્વારા મોરબી સિરામિક વિસ્તારની ગેસની જરૂરિયાતને સંપૂર્ણતઃ પૂરી કરી શકે એ માટે વ્યાપક ગેસ નેટવર્ક ઉભું કર્યું છે. તાજેતરના ભૂ-રાજકીય સંકટ દરમિયાન, કંપનીએ અવિરત પુરવઠો જાળવવા માટે, મધ્ય પૂર્વ સિવાયના બજારોમાંથી બજાર ભાવે ગેસની ખરીદી કરી હતી અને ભારત સરકારના નિર્દેશો અનુસાર ગેસનો પુરવઠો અવિરત ચાલુ રાખ્યો હતો.

આ સંકટના પરિણામે કાચા માલના ખર્ચમાં વધારો, પ્રોપેનના ઔદ્યોગિક ઉપયોગ પર મૂકવવામાં આવેલ કાપ અને વધેલા પરિવહન ખર્ચને કારણે મોરબીના અનેક સિરામિક એકમોએ માર્ચ ૨૦૨૬ના બીજા પખવાડિયાથી સ્વૈચ્છિક રીતે કામગીરી બંધ કરી દીધી હતી, જેના કારણે ૨ લાખથી વધુ કામદારોની રોજીરોટી પર અસર પડી હતી.

આ પરિસ્થિતિમાં, ગુજરાત ગેસનું મુખ્ય ધ્યેય ઉદ્યોગોને તેમની જરૂરિયાત મુજબ ગેસનો પુરવઠો, સ્પર્ધાત્મક પરંતુ સ્થિર ભાવે ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા પર હતુ. ગુજરાત ગેસની સ્થાનિક તેમજ કોર્પોરેટ ટીમોએ મોરબીના સિરામિક એસોસિએશન સહિતના ઉદ્યોગકારો સાથે વ્યાપક રીતે સંકલન કરીને ઉદ્યોગોની કામગીરી ફરી શરૂ થાય એ માટે સહાય કરી.

આ સંયુક્ત અને સકારાત્મક પ્રયાસોના પરિણામો હવે દેખાવા લાગ્યા છે, અને એપ્રિલ ૨૦૨૬ દરમિયાન મોરબીમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ ધીમે ધીમે પુનઃ શરૂ થઈ રહી છે. માર્ચ ૩૧ની તારીખે ગેસનો દૈનિક વપરાશ ૩.૬ લાખ ક્યુબિક મીટર હતો (૮૩ વપરાશકર્તા ગ્રાહકો) જે વધીને અત્યારે દૈનિક ૨૭ લાખ ક્યુબિક મીટર (૨૯૦ વપરાશકર્તા ગ્રાહકો) સુધી પહોચ્યો છે. જે નીચેના ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે.

ગુજરાત ગેસે, ગેસની ઉપલબ્ધતા, ભાવ અને ગ્રાહકોની જરૂરિયાત જેવા મુદ્દાઓ બાબતે ઉદ્યોગની ચિંતાઓનું અસરકારક નિરાકરણ કર્યું છે અને સિરામિક એકમો સાથે ગેસ સેલ્સ એગ્રીમેન્ટ્સ સાઈન કર્યા છે. પરિણામે કાર્યરત એકમો હાલના અંદાજે ૨૭૦થી વધીને મે ૨૦૨૬ સુધીમાં લગભગ ૬૭૫ થી ૭૦૦ સુધી પહોંચવાની શક્યતા છે જેનો કુલ વપરાશ દૈનિક ૬૦-૭૦ લાખ ક્યુબિક મીટર સુધી રહેવાનો અંદાજ છે. ગુજરાત ગેસ મોરબી સિરામિક ઉદ્યોગને આ પડકારજનક પરિસ્થિતિમાં સંપૂર્ણ સહકાર આપવાની તેની પ્રતિબદ્ધતા પુનઃ વ્યક્ત કરે છે. સંયુક્ત પ્રયત્નો અને પરસ્પર સહકાર દ્વારા અમે આ પડકારોને પાર કરી ભવિષ્યના વિકાસ તરફ આગળ વધવા માટેનો વિશ્વાસ વ્યકત કરી છે.

# રાંઢીયામાં જળસંચયનો હુંકારઃ ગીરગંગા દ્વારા જળસંચય જાગૃતિ બેઠક મળી

**અબતક,રાજકોટ**

અમરેલી તાલુકાના રાંઢીયા ગામે જળસંચયના ઉમદા હેતુ સાથે તાજેતરમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય જાગૃતિ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે ગ્રામજનોને જળશક્તિનું મહત્વ સમજાવવા અને આગામી સમયમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાયાની ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ ગ્રામજનોને જણાવ્યું હતું કે, એ માત્ર કુદરતી સંપત્તિ નથી, પણ આપણી આવનારી પેઢીનું ભવિષ્ય છે. જો આપણે આજે 'ગામનું પાણી ગામે અને સીમનું પાણી સીમમાં રોકવાનો સંકલ્પ નહીં કરીએ, તો ભવિષ્યમાં ખેતી અને પશુપાલન માટે ગંભીર સંકટ ઉભું થશે.

દિલીપભાઈ સખીયાએ નિર્દેશ કર્યો હતો કે, વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે ખેત તલાવડી, બોર રિચાર્જ અને ચેકડેમ જેવા માધ્યમો અપનાવવા અનિવાર્ય છે. જમીનમાં પાણીના તળ ઊંચા આવશે, ત્યારે જ સૌરાષ્ટ્ર અને ગુજરાત સાચા અર્થમાં સમૃદ્ધ બનશે. જળસંચય એ કોઈ વ્યક્તિગત કાર્ય નથી, પણ એક સામાજિક જવાબદારી છે અને સમૂહશક્તિ દ્વારા જ આપણે આ જળક્રાંતિને સફળ બનાવી શકીશું.

આ બેઠકમાં ગામના અગ્રણીઓ સર્વશ્રી કુકાવાવ તાલુકા કમિટીના પ્રમુખ અરવિંદભાઈ ડોબરિયા, રમેશભાઈ ધાનાણી સરપંચ અરવિંદભાઈ કાકડિયા, કેશુભાઈ રોડ, લાલભાઈ રોકડ, કલ્યાણભાઈ માંડાણી સહિતના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોમાં જળસંચય પ્રત્યે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને સૌએ સાથે મળીને પાણી બચાવવા તેમજ જમીનમાં ઉતારવા માટેના પ્રયત્નોમાં સહભાગી થવાનો કોલ આપ્યો હતો.

# ગોંડલ નજીક એક્ટિવા પુલ નીચે ખાબકતા વૃધ્ધનું મોત

## કેરીની ખરીદી કરી પાટીદળ જઈ ગામે જઈ રહ્યા હતા ત્યારે સર્જાયો અકસ્માતઃ પટેલ પરિવારમાં શોક

**અબતક જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલનાં ગુંદાળા પાટીદળ વચ્ચે એકટીવા પુલ નીચે ખાબકતા ચાલક વૃધ્ધ નું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું.વૃધ્ધ ગોંડલ થી કેરી ખરીદી પાટીદડ જઈ રહ્યા હતા.ત્યારે અકસ્માત સર્જાયો હતો.બનાવ નાં પગલે શિવમ સાર્વજનિક ટ્રસ્ટ ની ટીમ એમ્બ્યુલન્સ સાથે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહ ને પીએમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો.પ્રાપ્ત વિગત મુજબ સવારનાં અગીયારનાં સુમારે પાટીદડ રામજી મંદિર પાસે રહેતા વેકરીયા ગોપાલભાઈ ઉકાભાઈ ઉ.૭૦ એકટીવા લઈ ગોંડલ કેરી સહીત ની ખરીદી કરી પાટીદડ જઈ રહ્યા હતા.ત્યારે ગુંદાળા થી પાટીદડ વચ્ચે પેટ્રોલ પંપ નજીક પુલ પરથી પસાર થઈ રહ્યા હતા.ત્યારે અચાનક બેલેન્સ ગુમાવતા એકટીવા સહિત પુલ નીચે ખાબકતા ગંભીર ઈજાઓ ને કારણે ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માત સ્થળે કેરીની બે પેટીઓ વિખરાયેલી નજરે પડતી હતી.

મૃતક ગોપાલભાઈ ખેતીકામ કરતા હતાં. સંતાનમાં બે પુત્રો છે.જે બન્ને પરણિત છે.અકસ્માત ની જાણ પાટીદડ ખાતે પરીવાર ને થતા શોકમગ્ન બન્યો હતો.બનાવ અંગે તાલુકા પોલીસ નાં મયુરસિહ રાણાએ તપાસ હાથ ધરી છે.

# રૂ.૧૭૪ કરોડના સાયબર ફ્રોડના દેશ વ્યાપી નેટવર્કનાં તાર ખોલ્યા

## આરોપીઓ પકડવા રાજકોટ, સુરત અને ભાવનગર સુધી ટીમોની સર્જીકલ સ્ટ્રાઈક મુકેશ મેર અને ફરદીનખાન પઠાણની સઘન પૂછપરછ

**અબતક,રાજકોટ**

ગુજરાત, સૌરાષ્ટ્ર સહિત દેશના વિવિધ રાજ્યોમાં સાયબર ફ્રોડની ગેંગના આરોપીઓ દ્વારા વિવિધ લોકો, પેઢીઓના બેક એકાઉન્ટ્સ ભાડે કમિશનથી મેળવી કરોડો રૂપિયાના ફ્રોડના જેમના પર આરોધો છે તેવી ગેગના સભ્યોને ખાસ બનાવાયેલા સાયબર સેન્ટર ઓફ એક્સલેન્સી વિભાગ દ્વારા ટેકિનકલ સર્વેલેન્સ, ચોક્કસ બાતમી આધારે ૧૭૪ કરોડથી વધુ રકમના આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ ગેંગનો પર્દાફાશ કર્યો હોવાનું પોલીસ ઈન્સ્પેકટર આર આર સોલંકીએ અકિલા સાથેની વાતચીતમાં જણાવ્યું છે. અત્રે એ યાદ રહે કે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા સાયબર છોડના વધતા જતા અપરાધ સામે અધિજનબદ્ધ રીતે મુકાબલો કરવા રાજ્યના મુખ્ય પોલીસ વડા અને સીઆઈડી વડા ડો કે એલ સેન. રાવ સાથે ચર્ચા કરી. ૧૩ બિપીન આહિરેના માર્ગદર્શન હેઠળ મહત્વની જવાબદારી એસપી રાજદીપસિંહ ઝાલા જેવા અનુભવી શાત ને સુકાન સોપેલ છે. આ ટીમ વધુ સક્ષમ બનાવવા માટે બેસપી સજય કુમાર કેશવાલ અને એસપી વિવેક ભેડા વિગેરેને પણ મહત્વની જવાબદારી આવો છે. આરોપીઓ દ્વારા ગુના કામે ઉપયોગમાં લેવામાં આવેલ બેંક એકાઉન્ટની વિગતો ગઈઈછ્ઝ પોર્ટલ પર ચેક કરતા સમગ્ર દેશમાં ૧૮૧ સાયબર કોડની અરજીઓ નોંધાયેલ છે. અને અલગ-અલગ રાજ્યોમાં કુલ-૮૧ એફ આઈ આર. નોંધાયેલ હોવાનું જણાઈ આવેલ છે જેમાં અંદાજે રૂ.૧૭૪ કરોડથી વધુની સાથબર હગાઈ થયેલ હોવાનું જણાઈ આવેલ છે. મોબાઈલ ફોન નંગ-૦૪, લેપટોપ નગ-૦૧, આરોપીના લેપટોપ/ ફોનમાથી ૧૨૫ પેઢીઓની વિગતો મળી આવેલ છે. ૬૫ અલગ અલગ વ્યક્તીઓના આઈ.ડી. મળેલ છે. ૮૬૮ બનાવટી ઈનવોઈસ મળેલ છે. તેમ વિશેષમાં પોલીશ ઈન્સ્પેકટર આર આર સોલંકી જણાવે છેડી.પો.ઈન્સ. આર.આર. સોલંકી, ડી.પો.ઈન્સ. પી.એમ.જુડાલ ડી.પો.ઈન્સ આર.બી.વિહોલ, ડી.પો.ઈન્સ. બી.પી.મેગલાતર વા.પો.ઈન્સ.વી.એમ. જોટાણીયા, વા.પો.ઈન્સ.કે.બેસ.પરમારે કામગીરી બજાવી હતી.

(ત્રીજા પાનાનું ચાલુ)

**ભાજપ સત્તા જાળવી રાખશે...**

ઉમેદવારો ઉભા રાખવા અને છેલ્લી ઘડી સુધી તેને મક્કમ રાખવા તે કોંગ્રેસની સૌથી મોટી જીત મનાઈ રહી છે. પ્રમુખ રાજદીપસિંહ જાડેજા આ બાબત કરવામાં સફળ રહ્યા છે. શહેરના કેટલાક વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવારો ભાજપને બરાબરની ફાઈટ આપી રહ્યા છે. જો આપના ઉમેદવાર પંજાના મતો નહીં તોડે તો એક વાત નિશ્ચિત છે કે, કોંગ્રેસ આ વખતે બે અંકોમાં બેઠક જીતી લેશે હાલ તેવો માહોલ દેખાઈ રહ્યો છે. જો કોંગ્રેસ આઠથી વધુ બેઠક જીતવામાં સફળ રહેશે તો તેને માન્ય વિરોધ પક્ષનો દરજ્જો મળી જશે. આમ આદમી પાર્ટી માટે તો વકરો એટલો નફો જેવો માહોલ જોવા મળી રહ્યો છે. કારણ કે, રાજકોટવાસીઓએ ક્યારેય ત્રીજા મોરચાને સ્વીકાર્યો નથી. કોર્પોરેશનના ૫૩ વર્ષના ઈતિહાસમાં ક્યારેય ભાજપ કે, કોંગ્રેસ સિવાય ત્રીજી પાર્ટીના કે અપક્ષ ઉમેદવારની જીત થઈ નથી. આ વખતે એવું લાગી રહ્યું છે કે, આપની કોર્પોરેશનમાં એન્ટ્રી થાય હાલ મતદાનના આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે. ત્યારે હવે આજે સાંજથી જ છેલ્લી ઘડીના ખેલ પડશે. જેમાં મોટા પાયે મતદારોને પોતાની તરફ આકર્ષીત કરવા માટે ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અને રાજકીય પક્ષના નેતાઓ એડીચોટીનું જોર લગાવશે.

(ચોથા પાનાનું ચાલું)

**હર્ષ સંઘવી...**

સ્વાગત કરવામાં આવ્યું હતું.

રોડ-શોમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની સાથે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા, રાજકોટ મહાનગર ભાજપા અધ્યક્ષ ડો. માધવભાઈ દવે તેમજ સ્થાનિક ધારાસભ્યો અને પક્ષના વરિષ્ઠ આગેવાનો જોડાયા હતા. ખુલ્લી જીપમાં સવાર નેતાઓએ જનતાનું અભિવાદન ઝીલ્યું હતું.

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગના જણાવ્યા અનુસાર, રોડ-શો દરમિયાન વાતાવરણ સંપૂર્ણપણે ભાજપામય બની ગયું હતું. દેશભક્તિના ગીતો અને ભાજપના પ્રચાર ગીતો વચ્ચે કાર્યકર્તાઓ કેસરીયા ટોપી અને ઝંડા સાથે ઝૂમી ઉઠ્યા હતા. નાયબ મુખ્યમંત્રીની આ મુલાકાત અને જનતાનો જે પ્રકારે પ્રતિસાદ મળ્યો છે, તે આગામી સમયમાં ભાજપના પ્રચંડ વિજયની પ્રતીતિ કરાવી રહ્યો છે. લોકજુવાળ અને કાર્યકર્તાઓના થનગનાટે સાબિત કર્યું છે કે રાજકોટ ભાજપનો અજેય ગઢ રહ્યો છે અને રહેશે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની જીત હાંસલ કરવા ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ભારતીય જનતા પાર્ટીના યુવા ઉમેદવારના પ્રચાર માટે તેમજ ગુજરાતના યુવા નેતાને મળવા અને વધાવવા રાજકોટ પધારેલ હતા. આ તકે ભારતીય જનતા પાર્ટીના સમર્થકોનો માનવ મહેરામણ ઉમટી પડયો હતો. શ્રી હર્ષભાઈ સંઘવીએ ત્રિકોણબાગ ચોકમાં ઢેબરભાઈ ની પ્રતિમાએ પુષ્પાંજલિ કરી રોડ શો નો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ રાજકોટ નાં રાજવી સર લાખાજીરાજજી ની પ્રતિમાએ નમન કરવા ગયાં હતાં ત્યાં રાજકોટનાં હાલનાં રાજવી માંધાતાસિંહજી એ સ્વાગત અને અભિવાદન કરેલ હતું. રોડ શો દરમ્યાન સોની બજાર સ્થિત માંડવી ચોક દેરાસરના દર્શન કર્યા, ભૂપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિરે પણ આશિર્વાદ લીધા હતા, અંતે બાલાજી દાદાનાં દરબારમાં શીશ ઝુકાવી આશિર્વાદ સાથે રોડ શો નું સમાપન કરેલ હતું. રાજકોટ શહેરના મુખ્ય બજારોમાં ખુલ્લા વાહનમાં સૌ લોકોનું અભિવાદન કરતાં હતાં, આ તકે રોડ શો માં રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, પ્રદેશ કારોબારી સભ્ય રાજુભાઈ ધ્રુવ, પ્રદેશ યુવા મોરચા મહામંત્રી દેવાંગીબેન મૈયડ, ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ પૂર્વ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ મહામંત્રી વિરેન્દ્રસીંહ ઝાલા સહિત રાજકોટ શહેર પૂર્વ પ્રમુખો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ સાંસદશ્રીઓ, પૂર્વ શહેર મહામંત્રીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ રોડ શો દરમ્યાન મુખ્ય બજારોના વેપારી ભાઈઓ અને અગ્રણી ભાઈઓ દ્વારા શ્રી હર્ષભાઈ સંઘવીને સાફા, પાઘડી, પુષ્પ ગુચ્છ, ત્રિશુલ, ફરશી ભેટ સ્વરૂપે આપી શુભેચ્છારૂપી આર્શિવાદ પાઠવવામાં આવ્યા હતા. રાજકોટ શહેરના સમગ્ર રોડ શો દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં સાફા અને કેસરીયા ખેસ તથા ભાજપનાં ઝંડાઓથી સમગ્ર વાતાવરણ કેસરી બન્યું હતું, અને મોદી સાહેબ, ભુપેન્દ્રભાઈ પટેલ અને જયશ્રી રામના જયઘોષથી રાજકોટની બજારો ગુંજી ઉઠી હતી.

આ તકે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની રાજકોટ શહેરની મુલાકાત, રોડ શો સહિતના કાર્યક્રમોમાં ''ન ભૂતો ન ભવિષ્યતે'' એવો અભૂતપૂર્વ પ્રતિસાદ આપી સફળ બનાવવા બદલ રાજકોટની જનતા અને ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તા ભાઈઓ - બહેનોનો હ્રદયથી આભાર માન્યો હતો.

(છેલ્લા પાનાનું ચાલુ)

**પ્રચારના ભુંગળા...**

બેઠકોનો ધમધમાટ ચાલશે. મહાજંગ પૂર્વે મોટા ઓપરેશન પાર પાડવામાં આવશે.

મતદારો શાંત મને મતદાન અંગે વિચારી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા નિયમ બનાવવામાં આવ્યો છે કે, મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચારના ભુંગળા બંધ કરી દેવાના રહે છે. આગામી રવિવારના રોજ સાંજના ૬ વાગ્યા સુધી મતદાન ચાલવાનું હોય આજે સાંજે ૬ કલાકે ડોર ટુ ડોર પ્રચાર, લોકસંપર્ક સહિતનો પ્રચાર બંધ થઈ જશે. પ્રચારના અંતિમ દિવસે તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડી રહેલા ઉમેદવારો સવારથી એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. પ્રચારના અંતિમ કલાકોમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ મોટા નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે. આવતીકાલે આખો દિવસ બંધ બારણે બેઠકોનો ધમધમાટ ચાલશે. સમાજના આગેવાનો સાથે ગુપ્ત બેઠક યોજી એક મોટા સમૂહને પોતાની તરફ વાળવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે. પોતાના મજબૂત પોકેટમાંથી શક્ય તેટલું વધુ મતદાન થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ ઉપરાંત પોતાના વિરોધી મતદારો મતદાનથી વંચિત કેવી રીતે રહે તેની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોય છે. આવા મતદારોને યાત્રા પ્રવાસે પણ મોકલી દેવામાં આવતા હોય છે. મત વિસ્તારમાં બહારથી આવેલા લોકોને પણ મતદાન છોડી દેવાના રહેશે.

આગામી રવિવારે સવારે ૭ થી ૬ કલાક દરમિયાન મતદાન ચાલશે. જો ક્યાંય પુનઃ મતદાન કરવાની ફરજ જણાશે તો સોમવારે પુનઃ મતદાન કરવામાં આવશે. જ્યારે મંગળવારે સવારથી મત ગણતરી હાથ ધરવામાં આવશે.

આ વખતે મતદારોને ચૂંટણી પ્રચાર માટે ખૂબ જ ઓછા દિવસો મળ્યા હતા. જેના કારણે મતદારોના મન કળવા ઉમેદવારો માટે મુશ્કેલ બની ગયા હતા. મતદારોના મનમાં શું ચાલી રહ્યું છે તે નક્કી થઈ શકતું નથી.

**ઉમરેઠ વિધાનસભા...**

તેમાં પણ ખાસ કરીને જેમની પાસે મતદાર માહિતી સ્લિપ ન હોય તેમના માટે ફાયદાકારક હતી. ૧૦૧ જેટલા ૮૫થી વધુ વયના અને દિવ્યાંગ મતદારોને પોસ્ટલ બેલેટ દ્વારા ઘરે મતદાન કરવાની સુવિધા આપવામાં આવી હતી, જેના માટે ખાસ સમર્પિત ટીમો દ્વારા ઉમેદવારોના પ્રતિનિધિઓની હાજરીમાં મતદાનની પ્રક્રિયા ધરવામાં આવી હતી. મતદાનની સુલભતા સુનિશ્ચિત કરવા માટે ૨૧૮ જેટલી વ્હીલચેરની સુવિધા રખાઈ હતી, જ્યારે નાગરિકોને મદદરૂપ થવા માટે ૩૬૧ સ્વયંસેવકો પણ ખડેપગે રહ્યા હતા. સાથોસાથ ૮૫+ના વરિષ્ઠ મતદારો અને દિવ્યાંગ મતદારોને બૂથ સુધીની નિઃશુલ્ક મુસાફરી હેતુ ૬ વાહનો પણ આરક્ષિત રાખવામાં હતા. તદુપરાંત ગરમીને ધ્યાને રાખીને તમામ કેન્દ્રો પર ઓરઆરએસ, મંડપ/શેડ સહિતની સુવિધા પણ ઉભી કરવામાં આવી હતી. કેન્દ્ર પર મતદારોને જરૂરી તમામ માહિતી પૂરી પાડવા માટે વોટર આસિસ્ટન્સ બૂથ પણ તૈયાર કરાયા હતા જ્યાં મતદારોના મોબાઈલની જાળવણી માટે પણ સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના દિવસે રવિવારે તાપમાનનો પારો ૪૩ ડિગ્રી આસપાસ રહેશે. જેમા મતદાનની ટકાવારી ૫૦થી ૫૫ ટકા આસપાસ રહેવાની ધારણા છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** ઔદીચ્ય ગુજરાતી સાડાચારસો બ્રાહ્મણ જ્ઞાતિના સ્વ.ભાર્ગવ મહેશભાઈ શુકલ (ઉ.વ.૪૮) તે મહેશભાઈ જયંતિલાલ શુકલના પુત્ર તેમજ કિશોરભાઈ રાજેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ અને શૈલેષભાઈના ભત્રીજા તે કલ્પેશભાઈના નાના ભાઈ પૂજાબેનના પતિ તેમજ પાર્થ અને ધ્યેયના પિતા અને યોગેશભાઈ કાંતિલાલ પંચોલી (ચેન્નાઈ)ના જમાઈનું તારીખ ૨૨/૪/૨૦૨૬ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું ૨૫/૪/૨૦૨૬ને શનિવાર, સાંજે ૫:૦૦ થી ૬:૩૦, શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, સાધુ વાસવાણી રોડ, ગંગોત્રી ડેરી વાળી શેરી રાજકોટ ખાતે રાખેલ છે.



**જેતલસર :** જેતલસર જંકશન નિવાસી બ્લોચ નૂરમહમદભાઈ ઉમરભાઈ (ઉ.૬૯) તે ઉમરભાઈ નજરમહમદભાઈ બ્લોચના પુત્ર, નિવૃત લોકો પાયલોટ ઈબ્રાહિમભાઈ, અબ્દુલભાઈ, રાજુભાઈ, માજી સરપંચ હનીફભાઈના મોટાભાઈનું તા.૨૩ના અવસાન થયું છે. તેમની જિયારત તા. ૨૫ ને શનિવારે, પુરુષોની જુમ્મા મસ્જિદ, કટકા વિસ્તાર તેમજ મહિલાઓની તેમના નિવાસસ્થાને રાખી છે. દરેક ધર્મના લોકો માટેનું બેસણું તા. ૨૫ ના સાંજે ૪થી૬, બાલકેશ્વર નગર, ઈબ્રાહીમભાઈ બ્લોચના નિવાસસ્થાને રાખ્યું છે.

**રાજકોટ :** કારડિયા રાજપૂત સ્વ. લાલસીંગભાઈ અભેસીંગભાઈ સોલંકીના પત્ની સ્વ. જયાબેન લાલસીંગભાઈ સોલંકી તે તેજસભાઈ તથા નિશાંતભાઈ સોલંકીના માતા, તખ્તસીંહ સોલંકીના ભાભી, તેજસભાઈ નકુમ, શૈલેષભાઈ બારડ તથા જીતેન્દ્રભાઈ પરમારના સાસુમાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા. ૨૫ના રોજ શનિવારે સાંજે ૪થી ૬ રાષ્ટ્રીયશાળા પ્રાર્થનાસભા હોલ ખાતે રાખેલ છે.

**જેતપુર :** જેતપુર નિવાસી બ્રહ્મક્ષત્રિય સ્વ.દેવકરણ મુલચંદભાઈ આશરા(કાલાવડ વાળા)ના પુત્રવધુ ગં.સ્વ.મુક્તાગૌરી હેમતલાલ આશરા ઉ.વ.૮૨ તે સ્વ.હિતેશ, દિલીપ, ઉમેશ તથા ચારૂલતાબેન વિજયકુમાર જોગી-ગોંડલના માતુશ્રી તથા જસ્મિન, રૂપલ, દિવ્યાના દાદી તથા સ્વ.વૃજલાલના નાનાભાઈના પત્ની, તથા સ્વ.નંદલાલ, સ્વ.કિશોરચંદ્ર, સ્વ.નગીનદાસ, જગદીશચંદ્રના ભાભી તથા પરમાણંદભાઈ વૃજલાલ બોસમીયા ભાવનગરના બહેન તા.૨૩/૦૪/૨૦૨૬ને ગુરૂવારના અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા.૨૫/૦૪/૨૦૨૬ને શનિવાર સાંજે ૪:૩૦ થી ૬:૦૦ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી, ફુલવાડી ભાદર રોડ, જેતપુર ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# આ વખતે માત્ર ચૂંટણી નથી રાજકોટનું ભવિષ્ય નક્કી કરવાની ઐતિહાસીક તકઃ ડો. રાજદીપસિંહ જાડેજા

## કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલો મેનિફેસ્ટો માત્ર એક દસ્તાવેજ નથી પરંતુ રાજકોટના સર્વાંગી વિકાસ માટેની સ્પષ્ટ જવાબદારી અને દ્રષ્ટિપૂર્ણ રોડમેપ છેઃ કોંગ્રેસ પ્રમુખ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર આજે એક મહત્વપૂર્ણ મંચ પર ઊભું છે જ્યાં લેવામાં આવનાર નિર્ણયો આવનારા વર્ષોમાં શહેરની દિશા અને દશા બંને નક્કી કરશે. આવા સંજોગોમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે, આ વખત માત્ર ચૂંટણી નથી, પરંતુ રાજકોટના ભવિષ્યનો માર્ગ નક્કી કરવાની ઐતિહાસિક તક છે. કોંગ્રેસ પાર્ટી શહેરના દરેક વર્ગને સાથે લઈને વિકાસનો નવો અધ્યાય શરૂ કરવા માટે પ્રતિબદ્ધ છે. આવા સમયમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા રજૂ કરાયેલ ''કમિટમેન્ટ કોંગ્રેસનું - રાજકોટ માટે'' મેનિફેસ્ટો માત્ર એક દસ્તાવેજ નથી, પરંતુ રાજકોટના સર્વાંગી વિકાસ માટેનો સ્પષ્ટ, જવાબદાર અને દ્રષ્ટિપૂર્ણ રોડમેપ છે.

આ મેનિફેસ્ટોમાં શહેરના દરેક વર્ગને ધ્યાનમાં રાખીને વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. નવા સમાવેશ કરાયેલા વિસ્તારો માટે વિશેષ વિકાસ પેકેજની જાહેરાત સાથે ત્યાંના મૂળભૂત સુવિધાઓનો અભાવ દૂર કરવાનો દ્દઢ નિશ્ચય વ્યક્ત કરવામાં આવ્યો છે. ૭૦ વાર સુધીના મકાનો પર ઘરવેરો માફી અને અન્ય રહેણાંક માટે રાહતો આપવાનો નિર્ણય સામાન્ય અને મધ્યમવર્ગના પરિવારો માટે સીધી રાહત સાબિત થશે. ડિમોલેશનથી અસરગ્રસ્ત



લોકોને આવાસમાં પ્રાથમિકતા આપવામાં આવશે. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા અંગેની સમસ્યા લાંબા સમયથી રાજકોટના નાગરિકો માટે ચિંતાનો વિષય રહી છે. શહેરના અનેક વિસ્તારોમાં ભૂગર્ભ ગટર લાઈનનું પાણી પીવાના પાણી સાથે મિક્સ થવાની ફરિયાદો સામે આવી છે, જેના કારણે નાગરિકોને ગંદુ અને અસ્વચ્છ પાણી મળતું હોય છે - જે સીધો આરોગ્ય માટે ખતરો ઉભો કરે છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા પાણી પુરવઠામાં વધારો, સ્વચ્છ અને સુવિધાસભર વિતરણ, તેમજ ગટર અને પાણી માટે સંપૂર્ણપણે અલગ અને આધુનિક લાઈન સિસ્ટમ ઉભી કરીને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે.આ સાથે જ આરોગ્ય ક્ષેત્રે સિનિયર સિટીઝન્સ માટે વાર્ષિક ફુલ બોડી ચેકઅપ, ડાયાબિટીસ અને બીપીની મફત દવાઓ તથા ૨૪કલાક સેવા સાથે નવા આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે, જેથી દરેક નાગરિકને સમયસર અને સસ્તી સારવાર ઉપલબ્ધ થાય.

શિક્ષણ ક્ષેત્રે દરેક વોર્ડમાં આધુનિક ડિજિટલ શાળાઓ વાઈફાઈ ઝોન અને ગુણવત્તાસભર કોચિંગ સેન્ટરો ઉભા કરીને આગામી પેઢીને મજબૂત બનાવવામાં આવશે.

પરિવહન અને શહેરી સુવિધાઓમાં સુધારાના ભાગરૂપે સિટી બસ સેવાનું વિસ્તરણ કરવામાં આવશે અને સોસાયટીઓ તથા નવા વિસ્તારો સુધી પહોંચાડવામાં આવશે. મહિલાઓ, વિધાર્થીઓ તથા વરિષ્ઠ નાગરિકો માટે વિનામૂલ્યે સિટી બસ સેવા આપવામાં આવશે. ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને દરેક ઝોનમાં ફ્રી પાર્કિંગની સુવિધા આપવામાં આવશે તેમજ ફૂટપાથોને ફરી ચાલવા લાયક બનાવવામાં આવશે.

મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ માટે ફીમેલ જીમ, મહિલાઓ માટે ફ્રી લાયબ્રેરી મેમ્બરશિપ અને તમામ ઝોનમાં સ્વચ્છ અને સુરક્ષિત પિંક ટોયલેટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. યુવાનો માટે આધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગાર માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં આવશે. સફાઈ, ગ્રીન કવર વધારવા અને પ્રદૂષણ ઘટાડવા માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા ચોક્કસ પગલાં લેવામાં આવશે, જેથી રાજકોટને રાજકોટને સ્વચ્ય સ્વચ્છ, હરિયાળું અને આરોગ્યપ્રદ શહેર તરીકે વિકસાવવામાં આવે.

કોંગ્રેસ પર વિશ્વાસ તેના ઈતિહાસમાં સમાયેલો છે. માહિતીનો અધિકાર કાયદો આરટીઆઈ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના મનરેગા ખાધ સુરક્ષા કાયદો અને શિક્ષણનો અધિકાર કાયદા જેવા ઐતિહાસિક નિર્ણયો કોંગ્રેસની જનહિત પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આ મેનિફેસ્ટો માત્ર વચનોનો સંગ્રહ નથી, પરંતુ રાજકોટના દરેક નાગરિક સાથેનો એક કટિબદ્ધ સંકલ્પ છે.આ ઉપરાંત ડો. રાજદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે, ચૂંટણીના હવે માત્ર ૨ દિવસ બાકી છે. છેલ્લા કેટલાક દિવસોમાં રાજકોટની જનતાએ કોંગ્રેસ પ્રત્યે જે પ્રેમ, વિશ્વાસ અને સમર્થન દર્શાવ્યું છે, તે બદલ હું દિલથી આભારી છું. આ વિશ્વાસ જ અમારી સૌથી મોટી શક્તિ છે. હવે સમય આવી ગયો છે કે આપણે એકજૂટ થઈને રાજકોટના ભવિષ્ય માટે યોગ્ય નિર્ણય લઈએ. દરેક મત મહત્વનો છે - અને દરેક મત દ્વારા આપણે શહેરમાં સકારાત્મક પરિવર્તન લાવી શકીએ છીએ. હું રાજકોટની જનતાને અપીલ કરું છું કે તેઓ તા. ૨૬ના રોજ કોંગ્રેસને સમર્થન આપીને વિકાસ, પારદર્શિતા અને જનહિતની દિશામાં મતદાન કરે.

## ગુનાહિત ઈતિહાસ ધરાવતા લોકોની ચૂંટણી એજન્ટ તરીકે નિયુક્ત કરી શકાશે



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજવામાં આવતી સ્વાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ માટે ઉમેદવાર વતી મતદાન મથકે/ મતગણતરી કેન્દ્રમાં હાજર રહેવા ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટે મતદાન એજન્ટ/મતગણતરી એજન્ટની નિમણૂક કરવા અંગેની વિગતવાર સૂચનાઓ સંદર્ભના આયોગના પરિપત્રથી આપવામાં આવેલી છે. સ્થાનિક સ્વરાજ્યની સરથાઓની સામાન્ય મધ્યસત્ર/ પેટા ચૂંટણી માટે નિયુક્ત થનાર મતદાન એજન્ટ તે જ મતદાન મથક અથવા વધુમાં વધુ પડોશી મતદાન મથકના મતદાર અને સામાન્ય રીતે નિવાસી હોય તેવા સ્થાનિક વ્યક્તિને મતદાન એજન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવે તે અપેક્ષિત અને ઈચ્છનીય છે. આ મુજબ મતદાન એજન્ટોની નિમણુક કરવામાં કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં હવે નગરપાલિકા/ મહાનગરપાલિકાની ચૂંટણી માટે જે તે નગરપાલિકા/ મહાનગરપાલિકાના જે તે વોર્ડના કોઈપણ મતદારમાંથી મતદાન એજન્ટની નિમણૂક કરી શકાશે. જ્યારે તાલુકા પંચાયત/જિલ્લા પંચાયત માટે જે તે પંચાયતના જે તે મતદાર મંડળના કોઈપણ મતદારની મતદાન એજન્ટ તરીકે નિમણૂક કરી શકાશે. તે જ પ્રમાણે મતગણતરી એજન્ટ નગરપાલિકા/ મહાનગરપાલિકાના કિસ્સામાં ચૂંટણી હેઠળના જે તે વોર્ડનો મતદાર હોવો જોઈશે. તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતની ચૂંટણીના કિસ્સામાં ચૂંટણી હેઠળના જે તે મતદાર મંડળનો મતદાર હોવો જોઈશે.

વધુમાં, સદર્ભના આયોગના પરિપત્રની નિયુક્ત કરવામાં આવનાર ચૂંટણી એજન્ટ મતદાન એજન્ટ મતગણતરી એજન્ટ પર કોઈપણ જાતનો ગુનો નોંધાયેલ ન હોવો જોઈએ કે ગુનાહિત ઈતિહાસ ધરાવતો ન હોવો જોઈએ - જોગવાઈ આથી રદ કરવામાં આવે છે. મતદાન એજન્ટ/મતગણતરી એજન્ટની નિમણૂક, લાયકાત, ગેરલાયકાતો અંગેની સંદર્ભના પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

### કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચના નિર્ણયની આલોચના

ચૂંટણી પંચના આનિર્ણયની કોંગ્રેસની અગ્રણીઓ ડો. હેમાંગભાઈ વસાવડા, મહેશભાઈ રાજપુત, રાજદીપસિંહ જાડેજા, સહિતના ઓએ આકરી આલોચના કરી હતી

# તમામ ચૂંટણી સ્ટાફ કાલે બપોરે મતદાન મથકનો ચાર્જ સંભાળી લેશે

## સ્ટાફની સાથે જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ જે તે બૂથ પર તૈનાત કરી દેવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા અનેક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.ચૂંટણીના સુચારૂ સંચાલન માટે નક્કી કરવામાં આવ્યું છે કે તમામ ચૂંટણી સ્ટાફ મતદાનના એક દિવસ પહેલા જ ફાળવવામાં આવેલા મતદાન મથકો પર એટલે કે કાલે જ પહોંચી જશે. આ વ્યવસ્થા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે અંતિમ સમયે કોઈ અરાજકતા ન સર્જાય અને સ્ટાફ પોતાના કાર્યક્ષેત્રથી પરિચિત થઈ જાય.પ્રિસાઈડિંગ ઓફિસર અને અન્ય સ્ટાફે નિયત કરેલા સેન્ટર પરથી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને અન્ય ચૂંટણી સામગ્રી મેળવી લીધી છે.એક દિવસ વહેલા પહોંચવાથી સ્ટાફ મતદાન મથક પર પાયાની સુવિધાઓ જેવી કે લાઈટ, પાણી, અને બેઠક વ્યવસ્થાની ચકાસણી કરી શકશે. મતદાનના દિવસે વહેલી સવારે થનારા મોક પોલની પૂર્વ તૈયારીઓ પણ અગાઉથી કરી લેવામાં આવશે.સ્ટાફની સાથે જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ જે તે બૂથ પર તૈનાત કરી દેવામાં આવશે. સ્ટાફને લાવવા-લઈ જવા માટે એસ.ટી. બસો અને અન્ય ખાનગી વાહનોનું લિસ્ટ તૈયાર કરી દેવામાં આવ્યું છે.રાજકોટના જે વિસ્તારો સંવેદનશીલ જાહેર કરાયા છે, ત્યાં વધારાની ફોર્સ અને વેબકાસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.તંત્ર દ્વારા મતદારોને અપીલ કરવામાં આવી છે કે તેઓ શાંતિપૂર્ણ રીતે મતદાન કરે. સ્ટાફ વહેલી તકે મથકોનો હવાલો સંભાળી લેશે, જેથી મતદાનના દિવસે સવારે નિર્ધારિત સમયે જ મતદાન પ્રક્રિયા શરૂ કરી શકાય.

રાજકોટ શહેરમાં અંદાજે ૯.૮૫ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જ્યારે ગ્રામીણ વિસ્તારો (જિલ્લા/તાલુકા પંચાયત)માં કુલ ૯.૫૬ લાખ જેટલા મતદારો નોંધાયા છે. તમામ નાગરિકોને અપીલ કરીએ છીએ કે તેઓ વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી બને.

### ગરમીને જોતા વિશેષ વ્યવસ્થા

વધતી જતી ગરમીને ધ્યાનમાં રાખીને કલેકટર દ્વારા મતદારો અને સ્ટાફ માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. તમામ મતદાન મથકો પર પીવાનું પાણી, છાંયડો, વીજળી, પ્રાથમિક સારવારની કીટ સહિત) અને ફર્નિચર જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. મતદારો વહેલી તકે મતદાન કરી શકે તે માટે ચૂંટણી પ્રક્રિયા સવારે ૭:૦૦ વાગ્યાથી શરૂ કરી દેવામાં આવશે.

# સુર્યનારાયણ બન્યાં અગનગોળોઃ રાજકોટ સૌથી ગરમ

## ૪૨.૭ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેરઃ રાજ્યના આઠ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સુર્યનારાયણ જાણે અગનગોળો બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. આગામી સાત દિવસ હીટવેવની આગાહી આપવામાં આવી છે. યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના સાત શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. બપોરના સમયે કામ વિના ઘરની બહાર ન નિકળવા પણ તાકીદ કરવામાં આવી છે.

હીટવેવના પગલે રવિવારે મતદાનના દિવસે મતદાન મથકો પર ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ૧૦૮ એમ્બ્યુલન્સ પણ તૈનાત રાખવામાં આવશે.

હવામાન વિભાગના રેકોર્ડ પર ગુરૂવારે રાજકોટ ૪૨.૭ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ ઉપરાંત અમરેલીનું તાપમાન ૪૨.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨.૧ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૭ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૯ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૬ ડિગ્રી, દિવનું તાપમાન ૩૫ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૯.૩ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૪૧.૫ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૨ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૦.૧ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, ભુજનું તાપમાન ૪૧.૨ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૬.૯ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૪૨ ડિગ્રી નોંધાયું હતું. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનના દિવસે એટલે કે રવિવારે મહત્તમ તાપમાનનો પારો ૪૩ ડિગ્રી રહેશે. તેવી શક્યતા રહેલી છે.

આજે સવારથી કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીએ આંબી જશે. હીટવેવના કારણે જન જીવન ત્રાહિમામ પોકારી ગયું છે.

### ક્યાં શહેરનું કેટલુ તાપમાન

| | |
|---|---|
| રાજકોટ | ૪૨.૭ ડિગ્રી |
| અમરેલી | ૪૨.૫ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૨.૧ ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | ૪૨ ડિગ્રી |
| અમદાવાદ | ૪૧.૫ ડિગ્રી |
| વલ્લભ વિદ્યાનગર | ૪૦.૧ ડિગ્રી |
| ગાંધીનગર | ૪૦ ડિગ્રી |
| ભૂજ | ૪૧.૨ ડિગ્રી |

### સાત દિવસ હીટવેવની આગાહીઃ યલો એલર્ટ જાહેરઃ મતદાનના દિવસે તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ આંબશે

# વિશ્વ પૃથ્વી દિવસ નિમિતે લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પૃથ્વી સંરક્ષણ અને પર્યાવરણલક્ષી સંકલ્પ લેવાયા



**અબતક,રાજકોટ**

રાજકોટ મહનગરપાલિકા અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન (SEF) ટ્રસ્ટ દ્વારા સ્થાપીત અને સંચાલીત શ્રી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રાજકોટ ખાતે તા. ૨૨ એપ્રિલને બુધવારનાં રોજ વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day) નિમિત્તે લોક વિજ્ઞાન કેન્દ્ર સાથે સંકળાયેલ વિવિધ સંસ્થાઓનાં પ્રતિનીધીઓ દ્વારા પૃથ્વી સંરક્ષણ અને પર્યાવરણલક્ષી કાર્યક્રમો માટે સંકલ્પ કરવામાં આવ્યો.

વિશ્વ પૃથ્વી દિવસ દર વર્ષે ૨૨ એપ્રિલના રોજ પર્યાવરણ સંરક્ષણ માટે લોકોને જાગૃત કરવાના પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સભાન બનાવવા અને પૃથ્વીની રક્ષા માટે પ્રતિબદ્ધ થવાના હેતુથી વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. ૧૯૬૯માં સંયુકત રાષ્ટ્રનાં યુનેસ્કોની પરિષદમાં સૌપ્રથમવાર શાંતિ કાર્યકર્તા જ્હોન મેકકોનેલે પૃથ્વી દિવસની ઉજવણીનો પ્રસ્તાવ મૂક્યો હતો. પૃથ્વી દિવસ સૌ પ્રથમ વખત ૨૨ એપ્રિલ, ૧૯૭૦ના રોજ અમેરિકામાં ઉજવવામાં આવ્યો હતો. આ પછી ડેનિસ હેઝે ૧૯૯૦ માં વૈશ્વિક સ્તરે તેની ઉજવણી કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. દર વર્ષે પૃથ્વી દિવસની ઉજવણી માટે થીમ પસંદ કરવામાં આવે છે. ૨૦૨૬ની આ વર્ષની થીમ 'આપણી શક્તિ, આપણો ગ્રહ' છે. જે પર્યાવરણીય સંરક્ષણ, કલાઈમેન્ટ એકશન અને ટકાઉ જીવનશૈલીનો પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૪૩મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

તરુણાબેન કિર્તીભાઈ શાહનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણા થી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયુ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૪૩ ચક્ષુદાન થયેલ છે. એપ્રિલ ૨૦૨૬ માં પાંચમું (૫) ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન-સ્કીન ડોનેશન- દેહદાનની વધુ માહિત માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યુ છે.

# પ્રભુ મહાવીરસ્વામીનો રવિવારે કેવળ જ્ઞાન કલ્યાણક મહોત્સવ દિવસ

## સોમવારે વૈશાખ સુદ અગિયારસ જિન શાસનનો ૨૫૮૨મો સ્થાપના દિવસ


**અબતક, રાજકોટ**

પ્રભુ મહાવીર સ્વામીની ૩૦ વર્ષની વયે ક્ષત્રિય કુંડ નગરમાં દીક્ષા થયાબાદ તરત કુમાર ગામ તરફ વિહાર,સાડા બાર વર્ષ પ્રાય : મૌન રહ્યાં,કોઈ પૂછે કે તમે કોણ છો ? હું ભિક્ષુક છું,શ્રમણ છું,સાધુ છું એમ કહેતા.અદીનભાવે ભિક્ષાના સ્થળે સ્વયં ગોચરી માટે જતાં.ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાનમાં લીન રહેતાં.અનેક પ્રકારના ઉપસર્ગો હસતાં મુખે સહન કર્યા,પરિષહોને જીતી પારગામી થયા, ૪૨ મા વર્ષે કેળજ્ઞાન - કેવળ દર્શન પ્રાપ્ત થયું.

વૈશાખ સુદ અગિયારસ એટલે જિન શાસનનો ૨૫૮૨ મો સ્થાપના દિવસ અને ગણધર ભગવંતોનો દીક્ષા દિવસ..

જૈન દર્શનમાં જે જે તીર્થંકરો થાય છે તે નવું તીર્થ ઊભું નથી કરતાં પણ માત્ર તીર્થનો પુનરુધ્ધાર કરે છે. પ્રભુ મહાવીર પણ અનંતા તીર્થંકરોની પરંપરાને અનુસર્યા. મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે અત્યારે વિશ્વમાં મહાવીરના નામે અનેક લોકો પંથ,વાડા અને પોતાનો અલગ ચોકો જમાવવાનો પ્રયત્ન કરે છે તે દરેક માટે આ વાત ખૂબ જ મનનીય છે.

જે ઉપદેશ આ ચોવીસીના પ્રથમ તીર્થંકર આદીનાથ ઋષભદેવ ભગવાને આપેલો તે જ ઉપદેશ ચોવીસમાં તીર્થંકર પ્રભુ મહાવીર આપે છે એટલું જ નહીં પરંતુ આવતી ચોવીસીના દરેક તીર્થંકર પરમાત્મા પણ આ જ ઉપદેશ આપશે એટલે જ જિનવાણીને ત્રિકાલાબાધિત કહેવાય છે.



અનંત ઉપકારી ચરમ અને પરમ ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્મા પ્રભુ મહાવીર સ્વામીએ ૩૦ માં વર્ષે દીક્ષા અંગીકાર કરી.સાડા બાર વર્ષ અને એક પખવાડીયુ પ્રભુ મૌન રહી આર્ય તેમજ અનાર્ય ક્ષેત્રોમાં વિચરણ કરી અજબ - ગજબની સાધના - આરાધના કરી.

કડાઝૂડ અને કઠોર સાધનાની ફલશ્રુતિ રૂપે શ્યામક ગાથાપતિની સુથાર શાળામાં ઋજુવાલિકા નદીના ઉત્તર તટ પર ગોદુ આસને વૈશાખ સુદ દશમના પ્રભુને કેવળજ્ઞાન અને કેવળ દર્શનની પ્રાપ્તિ થઈ ત્યારે ધર્મ દેશના અર્થાત ઉપદેશ આપવાનું ચાલુ કર્યું પરંતુ પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ કારણકે માત્ર દેવોની જ ઉપસ્થિતિ હતી. અવ્રતી હોવાને કારણે કોઈ જીવાત્માએ વ્રત - પચ્ચખાણ અંગીકાર કર્યા નહીં,જેને અભાવિત પરિષદ કહેવાય છે.આ ઘટના જૈન દર્શનમાં આશ્ચર્યકારક ઘટના એટલે કે શાસ્ત્રની પરીભાષામાં અચ્છેરા તરીકે નોંધાણું.

બીજે દિવસે વૈશાખ સુદ અગીયારસના પાવન દિવસે પ્રભુએ ધર્મ દેશના - સદ્દબોધ આપ્યો.

પાવાપુરીના પુનિત પ્રાંગણે પ્રભુની વાણીથી પ્રભાવિત થઈ ઈન્દ્રભુતિ આદિ અગિયાર બ્રાહ્મણો પોતાના શિષ્ય પરિવાર સાથે દીક્ષિત થયા.અનેક આત્માઓએ બાર વ્રત અંગીકાર કર્યા. આ જ દિવસે તારક તીર્થંકર પ્રભુએ તીર્થની સ્થાપના કરી એટલે કે સાધુ,સાધ્વી,શ્રાવક અને શ્રાવિકા.

પ્રભુના શાસનમાં ૧૪૦૦૦ શ્રમણો,


૩૬૦૦૦ શ્રમણીઓ,

૧૫૯૦૦૦ શ્રાવકો તથા

૩૧૮૦૦૦ શ્રાવિકાઓ હતી.

પ્રભુ મહાવીરે પોતાની પ્રથમ દેશના શ્રી આચારાંગ સૂત્રમાં ખૂબ સુંદર વાત કરી કે જગતના દરેક જીવો સાથે પોતાના આત્મા સમાન વ્યવહાર રાખવો,જેવી રીતે અનંતા તીર્થંકર ભગવંતો રાખતા હતા.ગૌતમ ગણધર હોય કે ગોશાલક,ચંદન બાળા હોય કે પછી ચંડ કૌશીક સર્પ હોય.

પ્રભુએ ફરમાવ્યુ કે...અર્થાત પ્રત્યેક જીવને સુખ પ્રિય છે. એટલે કે દરેક જીવોને જીવન પ્રિય છે,મરવુ



કોઈને ગમતું નથી.

ગણધર ભગવંતોએ પ્રભુની આગમરૂપી અમૃતવાણીની ગૂંથણી કરી આગમ - શાસ્ત્રો રૂપે આપણા સુધી પહોંચાડી અનંત ઉપકાર કર્યો.

જૈન ધર્મમાં આગમ - શાસ્ત્રોનું અનેરુ સ્થાન છે.

આગમ એ અરિહંત તીર્થંકર પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે.એટલે જ કહેવાય છે આગમ એટલે જ અરિહંત.

પ્રભુની અનંતી કૃપાથી જ વર્તમાનમાં આપણી પાસે આગમ અને અણગાર,સંતો અને શાસ્ત્રો રૂપી મહામૂલી મોંઘેરી મૂડી છે.

વૈશાખ સુદ અગિયારસના જિન શાસનનો ૨૫૮૨ મો સ્થાપના દિવસ છે તથા ઉપકારી ૧૧ ગણધર ભગવંતોનો દિક્ષા દિવસ પણ છે.પ્રભુ મહાવીર નિર્વાણ પધાર્યા ને ૨૫૫૨ વર્ષ થયા, હજુ પંચમ આરાના ૧૮૪૪૮ વર્ષ આ જિન શાસન ઝગમગતું, ઝળહળતું, વિજયવંતુ, જયવંતુ રહેવાનું છે.

**- સંકલન : મનોજ ડેલીવાળા**

# ૧૦થી વધુ અમેરિકન વૈજ્ઞાનિકોનું રહસ્યમય મૃત્યુ કે ગુમસુદા?: શા માટે આવા સંજોગો સર્જાય છે?

## ભારતમાં માત્ર ૪ વર્ષના ગાળામાં ૧૧ પરમાણુ વૈજ્ઞાનિકોના અકુદરતી સંજોગોમાં મોત થયા હતા

**અબતક, રાજકોટ**

વિજ્ઞાનની દુનિયામાં જ્યારે બુદ્ધિશાળી મગજ શાંત થઈ જાય, ત્યારે આખી દુનિયામાં તેની ગુંજ સંભળાય છે. છેલ્લા કેટલાક સમયથી દુનિયાના નકશા પર એક એવી ભેદી પેટર્ન દેખાઈ રહી છે, જે સામાન્ય અકસ્માત નહીં પણ કોઈ ઊંડા ષડયંત્ર તરફ ઈશારો કરે છે. અમેરિકાથી લઈને ભારત સુધી, પરમાણુ અને સંરક્ષણ ક્ષેત્રના ટોચના વિજ્ઞાનીઓ રહસ્યમય રીતે ગાયબ થઈ રહ્યા છે અથવા તેમના મોતના સમાચાર આવી રહ્યા છે. શું આ માત્ર એક સંયોગ છે, કે પછી પડદા પાછળ કોઈ 'અદ્રશ્ય યુદ્ધ' ખેલાઈ રહ્યું છે? આવો જાણીએ વિજ્ઞાનીઓના આ ભેદી મોત પાછળનું આખું સત્ય.

### શું આ માત્ર અમેરિકા પૂરતું મર્યાદિત છે? ના, આવું અન્ય દેશોમાં પણ બન્યું છે

૧. ભારત (૨૦૦૯-૨૦૧૩) : ભારતના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા ૧૧ વિજ્ઞાનીઓના શંકાસ્પદ રીતે મોત થયા હતા, જેને 'બિન-કુદરતી' ગણાવવામાં આવ્યા હતા.

૨. બ્રિટન (૧૯૮૦નો દાયકો) : સંરક્ષણ ક્ષેત્રના ૨૦ થી વધુ વિજ્ઞાનીઓના અકસ્માત કે આત્મહત્યામાં મોત થયા હતા.

૩. ઈરાન : ઈરાનના ટોચના પરમાણુ વિજ્ઞાનીઓની જાહેરમાં હત્યા કરવામાં આવી છે, જેની પાછળ ઈઝરાયેલ અને અમેરિકાનો હાથ હોવાનો ઈરાન દાવો કરે છે.

મુખ્ય કિસ્સાઓ જેણે દુનિયાને ચોંકાવી દીધી. અમેરિકામાં ૨૦૨૩ થી ૨૦૨૬ દરમિયાન ૧૦ થી વધુ મહત્વના વિજ્ઞાનીઓ સાથે અઘટિત ઘટનાઓ બની છે. નૂનો લોરેરોની બોસ્ટનમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી. કાર્લ ગ્રિલમેયર પોતાના ઘરના આંગણે જ તેમની હત્યા થઈ. જેસન થોમસ નોવાર્ટિસના આ સંશોધક ગુમ થયા બાદ તેમનો મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો. એન્થોની ચાવેઝ અને મેલિસા કાસિયાસ લોસ એલામોસ નેશનલ લેબોરેટરીના આ કર્મચારીઓ રહસ્યમય રીતે ગુમ થયા છે, જેમનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. મેજર જનરલ વિલિયમ મેકકાસલેન્ડ જે યુએફઓ પર સંશોધન કરી રહેલા આ અધિકારી ફેબ્રુઆરીથી ગુમ છે.

### ભારતમાં વર્ષ ૨૦૦૯થી ૨૦૧૩ સુધીની વૈજ્ઞાનિકોના રહસ્યમય મોતની ઘટનાઓ

ભારતના પરમાણુ ઉર્જા વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, માત્ર ૪ વર્ષના ગાળામાં ૧૧ પરમાણુ વૈજ્ઞાનિકોના અકુદરતી સંજોગોમાં મોત થયા હતા. મુખ્યત્વે ભાભા એટમિક રિસર્ચ સેન્ટર , રાવતભાટા (રાજસ્થાન), કૈગા (કર્ણાટક) અને કલ્પક્કમ (તમિલનાડુ) જેવા મહત્વના ન્યુક્લિયર સેન્ટરોમાં આ કિસ્સાઓ નોંધાયા હતા. સરકારી રેકોર્ડ મુજબ, આમાંથી ઘણા મોતને 'આત્મહત્યા' અથવા 'અકસ્માત' ગણાવવામાં આવ્યા હતા. ટ્રોમ્બેમાં બે વૈજ્ઞાનિકો લેબમાં લાગેલી આગમાં મૃત્યુ પામ્યા. કૈગામાં એક વૈજ્ઞાનિકનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો. મુંબઈમાં એક ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિકની તેમના ઘરે ગળું દબાવીને હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી હતી.

શું ચીન, રશિયા કે અન્ય દેશો વિજ્ઞાનીઓને નિશાન બનાવી રહ્યા છે? આ પ્રશ્ન અત્યારે વિશ્વભરની ગુપ્તચર એજન્સીઓ માટે ચિંતાનો વિષય છે. આ માત્ર છૂટાછવાયા કિસ્સા નથી, પરંતુ એક એવો સિલસિલો છે જે રાષ્ટ્રીય સુરક્ષા અને વિજ્ઞાનની દુનિયામાં એક પ્રકારનો ભય પેદા કરી રહ્યો છે.

# ભારતીય પાસપોર્ટ ધારકોને ફ્રાન્સથી બીજા દેશ જવા માટે ટ્રાન્ઝિટ વિઝાની જરૂર નહીં રે

## મોટી સંખ્યામાં ભારતીયો અમેરિકા કે કેનેડા જવા માટે ફ્રાન્સના રૂટનો ઉપયોગ કરે છે, આ નિર્ણયથી લાખો મુસાફરોને સીધો ફાયદો થશે

**અબતક રાજકોટ**

ભારતીય પાસપોર્ટ ધરાવતા લોકો માટે ફ્રાન્સ સરકારે એક મોટો અને રાહતભર્યો નિર્ણય લીધો છે. હવે જો તમારે ફ્રાન્સ થઈને બીજા કોઈ દેશમાં જવું હોય, તો તમારે એરપોર્ટ પર રોકાણ કરવા માટે અલગથી 'એરપોર્ટ ટ્રાન્ઝિટ વિઝા' લેવાની જરૂર રહેશે નહીં. આ નિયમ ૧૦ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવી ગયો છે.

એવા ભારતીયો જેઓ ફ્રાન્સના એરપોર્ટ પર માત્ર ફ્લાઈટ બદલવા માટે રોકાય છે અને એરપોર્ટની બહાર નીકળવાના નથી. આ નવો કાયદો ૯ એપ્રિલના રોજ ફ્રેન્ચ ગેઝેટમાં પ્રકાશિત થયો અને ૧૦ એપ્રિલથી લાગુ થઈ ગયો છે. આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે ફેબ્રુઆરીમાં થયેલી વાતચીત બાદ



લેવામાં આવ્યો છે.

મોટી સંખ્યામાં ભારતીયો અમેરિકા કે કેનેડા જવા માટે ફ્રાન્સ (પેરિસ)ના રૂટનો ઉપયોગ કરે છે. આ નિર્ણયથી લાખો મુસાફરોને સીધો ફાયદો થશે. ટ્રાન્ઝિટ વિઝા મેળવવાની દોડધામ અને તેની ફી હવે ભરવી નહીં પડે. આ સમાચાર ભારતની વધતી જતી આંતરરાષ્ટ્રીય શક્તિ અને ભારતીય પાસપોર્ટની મજબૂતી દર્શાવે છે. જો તમે એરપોર્ટની બહાર નીકળીને ફ્રાન્સ ફરવા માંગતા હોવ, તો હજુ પણ ટુરિસ્ટ વિઝાની જરૂર પડશે. આ છૂટ માત્ર એરપોર્ટની અંદર 'ટ્રાન્ઝિટ' કરવા માટે જ છે.

# ૮૪ હજાર બેઠકો માટે અઢી લાખ લોકોએ અરજી કરી

## ગયા વર્ષની સરખામણીએ આ વખતે ૧૧ હજારથી વધુ ફોર્મ વધારે આવ્યા છે, જ્યારે બેઠકોમાં ૯ હજારનો ઘટાડો થયો છે

**અબતક અમદાવાદ**

ગુજરાતમાં ખાનગી શાળાઓમાં મફત શિક્ષણ મેળવવા માટેની અરજી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે કુલ ૮૪,૦૦૦ બેઠકો ઉપલબ્ધ છે,

જેની સામે આશરે ૨.૫ લાખ વાલીઓએ ફોર્મ ભર્યા છે. ગયા વર્ષની સરખામણીએ આ વખતે ૧૧,૦૦૦ થી વધુ ફોર્મ વધારે આવ્યા છે, જ્યારે બેઠકોમાં ૯,૦૦૦નો ઘટાડો થયો છે. પહેલા છેલ્લી તારીખ ૧૭ એપ્રિલ હતી, પણ વાલીઓની માંગણીને કારણે તે વધારીને ૨૩ એપ્રિલ કરવામાં આવી હતી.

આ વધારાના ૬ દિવસમાં જ નવા ૪૪,૦૦૦ ફોર્મ ભરાયા. જેમના ફોર્મમાં ભૂલ હશે અથવા ડોક્યુમેન્ટ ખૂટતા હશે, તેમને સુધારવા માટે ૨૭ થી ૨૯ એપ્રિલ સુધીનો સમય આપવામાં આવશે. એડમિશનનો પ્રથમ રાઉન્ડ ૪ મે ના રોજ જાહેર કરવામાં આવશે.રાજ્યમાં શિક્ષણના અધિકાર પ્રત્યે લોકોમાં કેટલી જાગૃતિ છે

અને સરકારી સહાયની કેટલી જરૂર છે તે સમજવા માટે. બેઠકો ઘટવી અને અરજીઓ વધવી એ શિક્ષણ વિભાગ માટે ચિંતાનો અને ચર્ચાનો વિષય છે, જે સમાજને અસર કરે છે.

# મ્યુનિસિપાલ કોર્પોરેશનના ૧૪૫ કરોડ સગેવગે કરવાને લઈ કોટક બેન્કના અધિકારી પર ઈડીની તવાઈ

## ઈડીએ ચંદીગઢ, પંચકુલા ઉપરાંત પંજાબના જીરકપુર, ડેરાબસી અને રાજપુરામાં ૧૨ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું

**અબતક, રાજકોટ**

પંજાબ અને હરિયાણામાં મ્યુનિસિપલ ફંડ સાથે સંકળાયેલા ₹૧૪૫ કરોડના 'ફિક્સ્ડ ડિપોઝિટ કૌભાંડ' મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મોટી કાર્યવાહી કરી છે. પંચકુલા મ્યુનિસિપલ કોર્પોરેશનના નાણાંની હેરાફેરીના આ કેસમાં ઈડીએ કુલ ૧૨ સ્થળોએ દરોડા પાડ્યા છે.ઈડીએ ચંદીગઢ, પંચકુલા (હરિયાણા) ઉપરાંત પંજાબના જીરકપુર, ડેરાબસી અને રાજપુરામાં ૧૨ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરોડા કોટક મહિન્દ્રા બેંકના તત્કાલીન ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ પુષ્પિન્દર સિંહ, પૂર્વ રિલેશનશિપ મેનેજર દિલીપ કુમાર રાઘવ અને મ્યુનિસિપલ




કોર્પોરેશનના પૂર્વ એકાઉન્ટ્સ ઓફિસર વિકાસ કૌશિકના રહેઠાણો અને કચેરીઓ પર કરવામાં આવ્યા હતા.દરોડા દરમિયાન મની લોન્ડરિંગને લગતા વાંધાજનક દસ્તાવેજો, પ્રોપર્ટીના વેચાણ-ખરીદીના કરારો અને અન્ય પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે.કોર્પોરેશનના અસલી ખાતામાંથી નાણાં નકલી ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ માટે બોગસ ઈમેઈલ આઈડીનો ઉપયોગ કરીને બેંકિંગ સિસ્ટમમાં મંજૂરી મેળવવામાં આવી હતી.મ્યુનિસિપલ કોર્પોરેશનને અંધારામાં રાખવા માટે આરોપીઓએ ₹૧૪૫.૦૩ કરોડના રોકાણની ૧૬ નકલી એફડી રસીદો આપી હતી, જેની પાકતી મુદતની કિંમત ₹૧૫૮.૦૨ કરોડ દર્શાવવામાં આવી હતી.તપાસમાં બહાર આવ્યું છે કે આ નાણાં વિવિધ ફાયનાન્સર્સ, રિયલ એસ્ટેટ ફર્મ્સ અને ખાનગી વ્યક્તિઓના ખાતામાં ફેરવવામાં આવ્યા હતા અને અંતે મુખ્ય આરોપીઓ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

# દ્વારકાના ગોપી ચંદનને જીઆઈ ટેગ અપાશે

દ્વારકાથી આશરે ૨૦ કિલોમીટર દૂર આવેલા ગોપી તળાવની વિશિષ્ટ પીળાશ પડતી માટી 'ગોપી ચંદન' તરીકે ઓળખાય છે વૃંદાવનની ગોપીઓ ભગવાન કૃષ્ણને મળવા દ્વારકા આવી હતી અને અંતે આ જમીનની માટીમાં ભળી ગઈ હોવાની માન્યતા

## આસ્થા અને પરંપરાના પ્રતીક સમાન ગોપી ચંદન માટે કેન્દ્ર સરકારના રજિસ્ટ્રી વિભાગમાં અરજી કરાઈ

**અબતક, ગાંધીનગર**




દ્વારકાથી આશરે ૨૦ કિલોમીટર દૂર આવેલા ગોપી તળાવની વિશિષ્ટ પીળાશ પડતી માટી 'ગોપી ચંદન' તરીકે ઓળખાય છે, જે ભગવાન કૃષ્ણના ભક્તો માટે સદીઓથી આસ્થાનું કેન્દ્ર છે. પૌરાણિક માન્યતા મુજબ, વૃંદાવનની ગોપીઓ ભગવાન કૃષ્ણને મળવા દ્વારકા આવી હતી અને અંતે આ જમીનની માટીમાં ભળી ગઈ હતી, જેનાથી આ માટી કાયમ માટે પવિત્ર બની ગઈ. હવે આ પવિત્ર માટીને ઔપચારિક માન્યતા અપાવવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આ અઠવાડિયે ગોપી ચંદન માટે જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ મેળવવા અરજી કરવામાં આવી છે. આ અરજી કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ હેઠળ આવતી જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન્સ રજિસ્ટ્રીમાં દાખલ કરાઈ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્યની આ પ્રથમ એવી ધાર્મિક-સામાજિક પ્રોડક્ટ છે જેના માટે ગુજકોસ્ટે ટેગ મેળવવાની પ્રક્રિયા હાથ ધરી છે.

આ અગાઉ ગુજકોસ્ટ સંખેડાનું લાકડાનું ફર્નિચર, વલસાડી ચીકુ, ખંભાતનો અકીક અને કચ્છી ભરતકામ સહિતની વસ્તુઓ માટે જીઆઈ ટેગ મેળવી ચૂક્યું છે. ગોપી ચંદન માટેની અરજીમાં પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણ જેવા પ્રાચીન ગ્રંથોના સંદર્ભો પણ ટાંકવામાં આવ્યા છે, જેમાં દ્વારકાના ગોપી ચંદનને પવિત્ર ગણાવવામાં આવ્યું છે. દર વર્ષે ટનબંધ ગોપી ચંદન પર પ્રક્રિયા કરીને વિશ્વભરના વૈષ્ણવોને વેચવામાં આવે છે, જેઓ તેને ભગવાન કૃષ્ણની મૂર્તિઓ પર લગાવે છે અને પોતાના કપાળ પર તિલક તરીકે ધારણ કરે છે.અરજીમાં જણાવાયું છે કે આ માટીમાં ડોલોમાઈટ, ક્વાર્ટ્ઝ, કાઓલિનાઈટ અને મસ્કોવાઈટ જેવા ખનિજો રહેલા છે, જે તેને એક અનોખી રાસાયણિક ઓળખ આપે છે. આ પ્રોડક્ટ ચોક્કસ સ્થળ એટલે કે ગોપી તળાવ સાથે જોડાયેલી છે, કુદરતી રીતે મળે છે, રોગનિવારક ગુણો ધરાવે છે અને સદીઓ જૂની ભક્તિ પરંપરા સાથે તેનો અતૂટ નાતો છે. આશરે ૨૦ જેટલા સ્થાનિક કારીગરોના પરિવારો આ પ્રક્રિયા સાથે જોડાયેલા છે અને તેઓ આ પરંપરાગત જ્ઞાનના વાહક છે.

આર્થિક દ્રષ્ટિએ જોઈએ તો, વાર્ષિક આશરે ૧૦ મેટ્રિક ટન ગોપી ચંદનનું ઉત્પાદન થાય છે અને તેનું અંદાજિત ટર્નઓવર ૨ કરોડથી ૫ કરોડ રૂપિયા જેટલું છે. લાખો ભક્તો ગોપી ચંદન ખરીદે છે, જે મંદિરો, યાત્રાધામો અને સ્થાનિક બજારો મારફતે પહોંચાડવામાં આવે છે. ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહૂએ જણાવ્યું હતું કે આ પહેલ સમાજ માટે વિજ્ઞાન, પરંપરા અને નવીનતાનો સંગમ છે.

### પૌરાણિક ગ્રંથોમાં પણ છેઉલ્લેખ

પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણ જેવા પ્રાચીન ગ્રંથોમાં પણ ગોપી ચંદનની પવિત્રતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દ્વારકા આવતા યાત્રાળુઓ માટે આ માત્ર એક વસ્તુ નથી, પરંતુ તે ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઓળખનું પ્રતીક છે, જે ભારતની જીવંત પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાને વધુ મજબૂત બનાવે છે.

### નિર્માણની પરંપરાગત પ્રક્રિયા

ગોપી ચંદન બનાવવાની પ્રક્રિયામાં ચાળવું, પલાળવું, ગૂંદવું, આકાર આપવો અને સૂર્યપ્રકાશમાં સૂકવવું જેવી સદીઓ જૂની હાથથી થતી પદ્ધતિઓ સામેલ છે. આજે પણ સ્થાનિક ૨૦ પરિવારો આ પરંપરાગત પદ્ધતિઓને જાળવી રાખીને ચંદન તૈયાર કરવાની કામગીરી સાથે જોડાયેલા છે.

### વિજ્ઞાન અને પરંપરાનો અનોખો સંગમ

ડૉ. નરોત્તમ સાહૂના મતે ગોપી ચંદન એ આસ્થા, પરંપરા, વિજ્ઞાન અને આજીવિકાનો દુર્લભ સંગમ છે. આ પવિત્ર વારસાને ટેગ મળવાથી માત્ર કાનૂની માન્યતા જ નહીં મળે, પરંતુ તે સામાજિક-આર્થિક સશક્તિકરણની દિશામાં પણ એક મોટું પગલું બની રહેશે અને આત્મનિર્ભર ભારત તરફની ગતિ વધારશે.

# ટેટની પરીક્ષામાં નાપાસ થયેલા ઉમેદવારો પણ શિક્ષક ભરતીમાં ભાગ લઈ શકશે

## ઉમેદવારોએ ફરિયાદ કરી કે ટેટ પરીક્ષાના પ્રશ્નપત્રોમાં છાપકામની ભૂલો હતી, અલગ-અલગ ભાષાના પેપરોમાં વિસંગતતા હતી અને આન્સર-કીમાં પણ ખામીઓ હતી

**અબતક અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે ગુરુવારે એક મહત્વનો વચગાળાનો આદેશ આપ્યો છે. જે ઉમેદવારો છેલ્લી ટેટમાં નાપાસ થયા હતા, તેઓને અત્યારે ચાલી રહેલી ૧૧,૦૦૦ પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં ફોર્મ ભરવાની મંજૂરી આપવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ આજે ૨૪ એપ્રિલ હોવાથી, કોર્ટે ડાયરેક્ટર ઓફ પ્રાયમરી એજ્યુકેશનને આ ઉમેદવારોના ફોર્મ રૂબરૂ સ્વીકારવા આદેશ આપ્યો છે. કોર્ટે માન્યું કે



જો આ ૭૫૦ ઉમેદવારો ભવિષ્યમાં કેસ જીતી જાય, પણ અત્યારે ભરતી પ્રક્રિયા પૂરી થઈ ગઈ હોય, તો તેમને મોટું નુકસાન થઈ શકે.

ઉમેદવારોએ કોર્ટમાં ફરિયાદ કરી હતી કે ટેટ પરીક્ષાના પ્રશ્નપત્રોમાં છાપકામની ભૂલો હતી, અલગ-અલગ ભાષાના પેપરોમાં વિસંગતતા હતી અને આન્સર-કીમાં પણ ખામીઓ હતી. આ ઉમેદવારોએ એક સોગંદનામું આપવું પડશે કે આ ભરતીમાં સામેલ થવાથી તેમનો નોકરી પર કોઈ સીધો હક બની જતો નથી. જો તેઓ કોર્ટમાં કેસ જીતશે, તો જ તેમની નિમણૂક અંગે વિચારવામાં આવશે. જે ઉમેદવારો સિસ્ટમની ભૂલ (પેપરમાં ભૂલો) ને કારણે અન્યાયનો સામનો કરી રહ્યા છે, તેમના માટે આ એક આશાનું કિરણ છે. આ મંજૂરી માત્ર એવા ઉમેદવારો માટે છે જેમણે હાઈકોર્ટમાં અરજી કરી છે અને જેઓ નિશ્ચિત શરતોનું પાલન કરે છે.

# સીબીએસઈ ધો. ૧૦ ઓછા ગુણ આવ્યા છે તો બધું ગુણ માટે આગામી ૧૫મી મે થી પરીક્ષા આપી શકશે

## આ વર્ષે ૪૫,૧૦૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧,૫૩૧ વિદ્યાર્થીઓ આ બીજી તકનો લાભ લઈ શકશે

**અબતક અમદાવાદ**

સીબીએસી બોર્ડ દ્વારા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે 'બે તબક્કાની પરીક્ષા નીતિ' હેઠળ બીજા ફેઝનું શિડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. જે વિદ્યાર્થીઓ પોતાના પરિણામથી સંતુષ્ટ નથી અથવા નાપાસ થયા છે, તેઓ ૧૫ મે થી ફરી પરીક્ષા આપી શકશે. જે વિદ્યાર્થીઓ ઓછા માર્કસને કારણે પોતાનું પરિણામ સુધારવા માંગે છે (વધુમાં વધુ ૩ વિષયમાં) અથવા જેઓ નાપાસ (કમ્પાર્ટમેન્ટ) થયા છે. જો કોઈ વિદ્યાર્થીએ પહેલા 'સ્ટાન્ડર્ડ મેથ્સ' રાખ્યું હોય અને હવે તેને અઘરું લાગતું હોય, તો તે બીજી ટ્રાયલમાં 'બેઝિક મેથ્સ' પસંદ કરી શકે છે. ગુજરાતમાં આ વર્ષે ૪૫,૧૦૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧,૫૩૧ વિદ્યાર્થીઓ આ બીજી તકનો લાભ લઈ શકશે. ઘણા વાલીઓ અને વિદ્યાર્થીઓ હજુ પણ 'બે બોર્ડ પરીક્ષા'ની નવી પદ્ધતિથી અજાણ હોય છે. તેમને સમયસર માહિતી મળે તે જરૂરી છે.

૧.૫૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે, તેમના માટે આ સમાચાર આશાનું કિરણ છે કે તેઓ મે મહિનામાં જ પરીક્ષા આપીને આગળ વધી શકે છે. ગણિતના વિષયમાં જે ફેરફાર કરવાની છૂટ આપી છે, તે વિદ્યાર્થીઓને કારકિર્દીના ખોટા ટેન્શનમાંથી મુક્તિ અપાવવા માટે ખૂબ જ મહત્વની છે.

# રિલાયન્સ સાથેની ભાગીદારીમાં ટાઈમ પ્રથમ વખત ટાઈમ-૧૦૦ નેક્સ્ટ કરશે લોન્ચ

## પ્રથમ ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ઈન્ડિયા ડિસેમ્બર ૨૦૨૬માં એક એડિટોરિયલ લિસ્ટ સાથે ભવ્ય સમારંભમાં વિવિધ ક્ષેત્રોના ૧૦૦ ઉભરતા ભારતીય આગેવાનોને સન્માનિત કરાશે

**અબતક, રાજકોટ**

રિલાયન્સ સાથેની ભાગીદારીમાં ટાઈમ તેના ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ફ્રેન્ચાઈઝીની નવી આવૃત્તિ ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ઈન્ડીયા લોન્ચ કરશે. આ પહેલ ભવિષ્યને આકાર આપી રહેલા કાર્યો કરતા અને વિઝન ધરાવતા ભારતીય લીડર્સની આગામી પેઢીને સન્માનિત કરશે. ગુરુવારે ન્યૂયોર્કમાં આયોજિત વાર્ષિક ટાઈમ ૧૦૦સમારંભ દરમિયાન સ્ટેજ પરથી ટાઈમના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જેસિકા સિબલી અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક તથા ચેરપર્સન નીતા મુકેશ અંબાણી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ઈન્ડીયાની યાદી ટાઈમના સંપાદકો દ્વારા તૈયાર કરવામાં આવશે જેમાં કળા, વિજ્ઞાન, બિઝનેસ, સ્પોર્ટ્સ, એડવોકેસી અને અન્ય ક્ષેત્રોમાં ભારતનું ભવિષ્ય ઘડી રહેલા ભારત અને વિદેશમાં વસતા ભારતીયોના ૧૦૦ ઉભરતા આગેવાનોને સ્થાન આપવામાં આવશે. આ યાદી ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવશે અને ડિસેમ્બર ૨૦૨૬માં મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ઈન્ડીયામાં તેની ઉજવણી કરવામાં આવશે.

''અમે પહેલીવાર ટાઈમ ૧૦૦ નેક્સ્ટને ભારત રજૂ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ,'' તેમ ટાઈમના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જેસિકા સિબલીએ જણાવ્યું હતું. ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ઈન્ડીયા વિવિધ ઉદ્યોગો અને સમગ્ર વિશ્વમાં પ્રગતિ કરી રહેલા આગામી પેઢીના આગેવાનોને સન્માનિત અને એકત્રિત કરવા માટેની અમારી સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રયાસને સાકાર કરવામાં રિલાયન્સની ભાગીદારી બદલ અમે આભારી છીએ.''

''રિલાયન્સમાં અમે પ્રતિભા, વિચારો અને નેતૃત્વની આગામી પેઢીને સશક્ત બનાવીને ભારતના ભવિષ્યના નિર્માણ માટે પ્રતિબદ્ધ છીએ,'' તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના



સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું. ''ભારતમાં પ્રથમ વખત મુંબઈના નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ઈન્ડીયા લાવવા માટે અમે ટાઈમ સાથે ભાગીદારી કરતા ખૂબ જ ઉત્સાહિત છીએ. વિશ્વના શ્રેષ્ઠને ભારતમાં લાવવું અને ભારતના શ્રેષ્ઠને વિશ્વ સમક્ષ રજૂ કરવું એ હંમેશા અમારું વિઝન રહ્યું છે.''

ટાઈમ ૧૦૦ નેક્સ્ટ એવા નેતાઓને સન્માનિત કરવા માટેનું એક અત્યંત શકિતશાળી પ્લેટફોર્મ બની ગયું છે જેઓ આગામી દાયકાઓનું ઘડતર કરશે. ભારતમાં આનો વિસ્તાર કરવાથી અમને એક મહત્વપૂર્ણ વળાંક પર ઉભરતી પ્રતિભાઓની અસાધારણ પેઢીને ઉજાગર કરવાની અને તેમની કહાની વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચાડવાની તક મળે છે,'' તેમ ટાઈમના ચીફ સ્ટ્રેટેજી ઓફિસર અને એક્ઝિક્યુટિવ એડિટર ડેન મેકસાઈએ જણાવ્યું હતું, જેઓ ટાઈમ૧૦૦ ફ્રેન્ચાઈઝીનું નેતૃત્વ કરે છે.

પ્રથમ ટાઈમ ૧૦૦ નેક્સ્ટ ઈન્ડીયા લિસ્ટ અને ગાલા સમારોહ વિશેની વધારાની વિગતો આગામી મહિનાઓમાં જાહેર કરવામાં આવશે.

નવડી કમળ માટે સદાકાળ શુકનવંતી

# વોર્ડ નં.૯માં ભાજપનું વાવાઝોડું: વિકાસને વધુ વેગવાન બનાવવા મતદારો મક્કમ

**ભાજપના ચારેય ઉમેદવાર જયસુખભાઈ કાથરોટીયા, રાજુભાઈ અઘેરા, જાનકીબેન કાટોળિયા અને દક્ષાબેન વસાણીને વિજેતા બનાવવા માટે મતદારોમાં થનગનાટ: પ્રચારમાં પ્રચંડ જન સમર્થન**

**કોંગ્રેસના ઉમેદવારોએ તો મતદાન પહેલા જ કારમી હાર માની લીધી હોય તેમ હથીયાર હેઠા મૂકી દીધા**

## શહેરમાં માળખાગત સુવિધાઓ અને આધુનિકીકરણ માટે ભાજપ સદા કટીબધ્ધ: વોર્ડ પ્રભારી કુલદીપસિંહ જાડેજાનું વચન

**રાજકોટ**

શહેરના વોર્ડ નં.૯ માં સંપૂર્ણપણે ભાજપ તરફથી વાતાવરણ બની ગયું છે. કમળના પ્રતિક પરથી કોર્પોરેશનની ચૂંટણી લડી રહેલા વોર્ડ નં.૯ના ભાજપના ચારેય ઉમેદવાર સર્વેશ્રી જયસુખભાઈ કાથરોટીયા, રાજુભાઈ અઘેરા,દક્ષાબેન વસાણી અને જાનકીબેન જીતુભાઈ કાટોળિયાને ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રચંડ જન સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે.રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મિરાણી અને સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન પુષ્કરભાઈ પટેલે વોર્ડને આધુનિક સુવિધાઓથી સજ્જ અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ, પ્રમુખસ્વામી ઓડિટોરિયમ, આધુનિક લાઈબ્રેરી અને મહિલા સ્વિમિંગ પૂલ સહિત અનેક બેનમૂન વિકાસ કામોની ભેટ આપી છે. હવે ભાજપના તમામ પૂર્વ કોર્પોરેટરના વિકાસ કામોની હારમાળાને વધુ વેગવંતી બનાવવા માટે ચારેય ભાવિ કોર્પોરેટરોએ સંકલ્પ લીધા છે. વોર્ડમાં સંપૂર્ણપણે એક તરફી અર્થાત ભાજપનો જ માહોલ જોવા મળી રહ્યો છે.આવામાં કેસરિયા માહોલ મતદાન પૂર્વે જ કોંગ્રેસ છે કારમી હાર માની લીધી હોય તેમ હથિયાર હેઠા મૂકી દીધા છે. વોર્ડ નં.૯ના સંગઠન પ્રભારી કુલદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, શહેરમાં અને ખાસ કરીને વોર્ડ નં.૯માં માળખાગત સુવિધાઓ અને આધુનિકીકરણ માટે ભાજપ હંમેશા કટિબદ્ધ છે. અને રહેશે. પૂર્વ કોર્પોરેટર અને હાલના ઉમેદવાર દક્ષાબેન વસાણીએ જણાવ્યું હતું કે સેવા એજ અમારો લક્ષ્ય એટલે જ વિજય ભાજપનો પક્ષ છે.આ વોર્ડ નં.૯ વર્ષોથી ભાજપનો ગઢ માનવામાં આવે છે. વોર્ડમાં ભાજપના ચારેય ઉમેદવારોને ફરીથી જંગી લીડ સાથે વિજેતા બનાવવા કમલેશભાઈ મિરાણી, પુષ્કરભાઈ પટેલ, કુલદીપસિંહ જાડેજા, વિક્રમભાઈ પુજારા હિરેનભાઈ સાપરિયા,દેવ ગજેરા અને જીતુભાઈ કાટોળિયાએ મતદારોને આહવાન કર્યું છે.

વોર્ડમાં ભાજપ સામે હરિફ ઉમેદવારોની ડિપોઝિટ પણ ન બચે અને કમળના કિલ્લા સમા આ વોર્ડમાં ભાજપ સામે કોઈ રાજકીય પક્ષ કે અપક્ષ હિમંત પણ ન કરે તે માટે સંગઠનના પાયાના પથ્થર સમા આગેવાનો સર્વેશ્રી ગૌતમભાઈ ધમસાણીયા, મુકેશભાઈ દોશી, પરેશભાઈ દવે, હેમલભાઈ પટેલ, જીતેન્દ્ર ઉપાધ્યાય, એલિસ ડઢાણીયા, લીનેશભાઈ માવાણી, મોહિત કાટોળિયા,ઉદયભાઈ ભુત, કરમશીભાઈ પનારા,આશિષભાઈ ભટ્ટ, સંજયભાઈ ભાલોડીયા પાર્થભાઈ માણસોનીયા, કિશોરસિંહ ખેર, શાંતિલાલ ડઢાણીયા, દિપક પટણી, દામજીભાઈ વાંસજાળીયા, પી.એમ. પટેલ, રક્ષાબેન વાયડા મનિષાબેન માકડીયા, ધારાબેન જોષી, માધવીબેન જોગીયા અને



### સેવા એજ અમારો લક્ષ્ય એટલે જ વિજય ભાજપનો પક્ષદક્ષાબેન વસાણીનો અડીખમ વિજય વિશ્વાસ

અરુણાબેન પરમાર સહિતના કાર્યકરો પરિશ્રમને પરાકાષ્ટા સર્જી રહ્યા છે.

વોર્ડમાં આવતી વિવિધ સોસાયટીના લોકોએ ભાજપના ઉમેદવારોને સમર્થન જાહેર કર્યું છે. જેમાં વસંત વિહારના આર.સી. પટેલ,નંદ વિલેજના અશ્વિનભાઈ ભુવા, નંદગાવના ચુનીભાઈ પટેલ, , નંદ હાઈટ્સના તુષારભાઈ બોડા, અનંતા વિવાન્તાના શૈલેષભાઈ કલોલા,શિલ્પન આઈકોનના સતિષભાઈ અંદીપરા ,શિલ્પન ઓનેક્સના મનોજભાઈ પટેલ, નંદભૂમિના અલ્પેશભાઈ ભાલોડી, શ્યામલ વાટિકાના રમેશભાઈ ગોધાણી, બ્લુ ડાયમંડના ગીરીશભાઈ હાંસલીયા, રાજ પેલેસના હર્ષદભાઈ ભીમાણી, બેકબોન પ્લેટિનમના નીલભાઈ ગોવાણી, જનકપુરી સોસાયટીના પી.ડી.કાલરીયા,અજંતા પાર્કના વિઠ્ઠલભાઈ મુંગરા, સોમનાથ સોસાયટીના પ્રવીણભાઈ મારુ અને સાંઈ દર્શન સોસાયટીના બાલુભાઈ ટીલવાએ ભાજપના ચારેય ઉમેદવારોના તરફેણમાં તોતીંગ મતદાન કરાવવા માટેનું અભય વચન આપ્યું છે.

### રાજુભાઈ વાલજીભાઈ અઘેરા



રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રામાણિક અને નિષ્ઠાવાન તેમજ શિક્ષિત (ટી.વાય.બી.એ.) બિલ્ડર એન્ડ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલા અને વોર્ડ નં. જુના-૪ તથા વોર્ડ નં.૮ ના કોર્પોરેટર રાજુભાઈ અઘેરાની વોર્ડ નં.-૯ ના ઉમેદવાર તરીકે પસંદગી થયેલ છે. સેવા અને સામાજીક જવાબદારીઓની સ્વીકૃતિ સહજ રીતે તેમના સ્વભાવમાં જોડાયેલ છે. એક સમર્પિત કાર્યકર્તા તરીકે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા છે. પાર્ટી તથા સમાજમાં તમામ નાના-મોટા કાર્યકર્તાઓને આગળ કરી સૌને સાથે લઈ ચાલવું તેવો તેમનો સહજ સ્વભાવ છે, તેથી જ કાર્યકર્તાઓના હૃદયમાં આગવું સ્થાન ધરાવે છે.

રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા રાજુભાઈ અઘેરા ખુબ નાની વયથી સમાજસેવાના ક્ષેત્રે જોડાયેલા છે. ભારતીય જનતા પાર્ટીના વોર્ડ કક્ષાના અનેકવિધ હોદ્દાઓથી માંડીને પ્રદેશ કક્ષાના હોદ્દાઓ પર જવાબદારી પૂર્વક નિભાવેલ છે. અનેકવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈ શ્રેષ્ઠ કામગીરી બજાવીને યુવા નિડર આગેવાન તરીકે નામના મેળવી છે. સમરસતાના હિમાયત એવા રાજુભાઈ અઘેરા લોક પ્રશ્નોને વાચા આપવા તથા તેના ઉકેલ માટે સતત સંઘર્ષ કરતા રહ્યા છે.

### જયસુખભાઈ મગનભાઈ કાથરોટીયા



ખૂબ જ નાની ઉંમરે રાષ્ટ્રવાદના રંગે રંગાઈ અને લોકો માટે લોકોની વચ્ચે રહીને સમાજ સેવા મારો ધર્મ છે. આ સમાજે મને આપ્યું છે અને આ સમાજ માટે મારે કઈક કરી છુટવાની ભાવના સાથે ખૂબ જ નાની ઉંમરે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ છેલ્લા ૩૦ વર્ષથી વોર્ડમાં એક સૈનિક કાર્યકર્તા તરીકે કામ કરે છે. હંમેશા હું નહી તું ની ભાવનાથી તમામ કાર્યકર્તા તેમજ વોર્ડ નં.-૯ના મતદારો માં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આઈ ટી આઈ ડ્રાફ્ટમેન મેકેનીકલ તરીકે અભ્યાસ કરેલ છે. વ્યવસાયે બિલ્ડર છે, ૧૯૯૦ થી ગોમટા ગામથી પાર્ટી સાથે જોડાઈ જુના વોર્ડ નં.-૨૩માં ઉપપ્રમુખ, મહામંત્રી વોર્ડ નં.-૯માં પ્રમુખ જેવા સંગઠન ના હોદ્દાઓ સુપેરે નિભાવી વોર્ડ નં.-૯ના સંગઠનને ખૂબ જ મજબૂત કરેલ છે. ઉમિયા પરિવાર સંગઠન સમિતિ વોર્ડ નં.-૯માં પ્રમુખ -૨૦૧૬ થી ઉમિયા પરિવાર સંગઠન સમિતિ શહેર મંત્રી તરીકે જવાબદારી નિભાવે છે. કડવા પાટીદાર સમાજ ને મજબૂત સંગઠીત કરવાના પ્રયાસ કરે છે. શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટી - સીદસર જયંતી મહોત્સવ, શ્રી ઉમિયા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ -રાજકોટ કલબ, યુ.વી. સમિતી - રાજકોટ વોર્ડ નં.-૯માં જનકપુરી માં આવેલ લોકોના શ્રધ્ધાનું કેન્દ્ર એવું ચંદ્રમોલોશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવે છે.

### દક્ષાબેન ભરતભાઈ વસાણી



અત્યંત લાગણીશીલ,પોતાના વિસ્તારના સામાન્યથી લઈ સુખી સંપન્ન લોકોના દુઃખને પોતાનું જ દુખ સમજી રાત દિવસ જોયા વગર કોઈપણ જાતની અપેક્ષા વગર સતત દોડતા રહેતા દક્ષાબેન વસાણી ઉપર ભાજપે ફરીવાર ઉમેદવારીનો કળશ ઢોળ્યો છે એ જ તેમની સેવાનો બોલતો પુરાવો છે વોર્ડ નંબર ૯ ના તમામ સમાજના લોકો સાથે સરળ સ્વભાવથી દક્ષાબેન વસાણી આમ જનતાની વચ્ચે રહી તેમની સમસ્યાઓ દૂર કરવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે પોતાના વિસ્તારમાં ૧૦૮ ની છાપ ધરાવતા દક્ષાબેન વસાણી ૨૪ કલાક હોસ્પિટલના કામે ખડે પગે રહી લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુખી જેવી પરોપકારી વૃત્તિ ધરાવે છે. મહિલાઓ ને પડતી સમસ્યાઓ દૂર કરવા, સામાન્ય પરિવારના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે સ્કૂલના એડમિશનથી લઇ પુસ્તકો સહિત બાળકોને બીજી જરૂરિયાત મુજબની સહાય કરવા માટે તેઓ હંમેશા તત્પર હોય છે અનેકવિધ સામાજિક, સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈ સતત સેવાકીય કાર્યો કરે છે.

### જાનકીબેન જીતુભાઈ કાટોળીયા



ખૂબ જ સરળ અને માયાળુ સ્વભાવના નૂરાનીપરા, શિવપરા કે જ્યાં અતિશય ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની વચ્ચે રહી હરહંમેશ તેમના દુઃખમાં સહભાગી થનાર જાનકીબેન તેઓના દુઃખ અને સુખને પોતાનું દુઃખ-સુખ સમજી સતત તેમની સાથે રહીને તેમના દિલમાં સ્થાન બનાવ્યું છે. પોતાના પતિ જીતુભાઈ કાટોળીયા જેઓ ખૂબ જ નાની વયે છેલ્લા ૩૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલ, ભારતીય જનતા પાર્ટીના મધ્યમ વર્ગના લોકો વચ્ચે રહી લોકોના સુખ દુઃખમાં સાથે રહી લોકોની પીડા અને વેદનાને સમજી તેના દુઃખમાં સહભાગી થવાના પ્રયત્નો કરે છે. રાજકોટ માલધારી સેલના પ્રમુખ તેમજ જય શ્રી મોમાઇ ગરબી મંડળ હનુમાનમઢી ચોક ખાતે ચલાવે છે. સમુહ લગ્ન, બ્લડ ડોનેશન કેમ્પ, ક્રિકેટ ટુર્નામેન્ટ, કીટ વિતરણ વગેરે જેવા સામાજીક કાર્યો કરે છે. તેમજ સુપ્રસિધ્ધ જગ્યા તથા રણુજા (કાલાવડ) મંદિર ના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપે છે. રૈયા નગર પાલિકામાં ૧૯૯૭માં કાઉન્સીલર તરીકે સેવા આપેલ છે. છેલ્લા પાંચ વર્ષ થી તેઓ ૧૦૮ની જેમ પોતાના વોર્ડ નં.-૯માં સતત સક્રિય રહેલ છે. કોરોના જેવી મહામારી માં પણ બંન્ને દંપતિઓએ લોકોની વચ્ચે રહી સેવાઓના કાર્યો કરેલ છે.

**રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મિરાણી અને સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન પુષ્કરભાઈ પટેલે વોર્ડમાં વિકાસની હારમાળા સર્જી હવે ભાવિ કોર્પોરેટરોએ વિકાસને વધુ મજબૂત બનાવવાના લીધા સંકલ્પ**

# ભાજપ તરફી ધીંગુ મતદાન કરી ગુજરાતીઓને અભણ કહેનાર કોંગ્રેસને કરારો જવાબ આપો: પરસોત્તમ રૂપાલા

**વોર્ડ નં. ૮ ના ભાજપના ઉમેદવાર મનીષભાઈ ભટ્ટ, પ્રવિણભાઈ સેગલિયા, કિરણબેન માકડિયા અને રીટાબેન સખિયાના સમર્થનમાં વિશાળ જન સંમેલન યોજાયું**

**ભાજપના ગઢ એવા વોર્ડ નં. ૮ માં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ડિપોઝીટ પણ ન બચે તે રીતે એક તરફી તોતીંગ મતદાન કરવા વોર્ડવાસીઓમાં ભારે ઉત્સાહ**

**અબતક, રાજકોટ**

શહેરનો વોર્ડ નં. ૮ વર્ષોથી ભાજપનો અડીખમ ગઢ મનાઈ રહ્યો છે. વોર્ડના ભાજપના ઉમેદવાર મનીષભાઈ ભટ્ટ, પ્રવિણભાઈ સેગલિયા, કિરણબેન મહેશભાઈ માકડિયા અને રિટાબેન મનજીભાઈ સખિયાના જનસમર્થનમાં વિશાળ જનસંમેલન યોજાયું હતું. જેમાં બહોળી સંખ્યામાં વોર્ડના નાગરિકો ઉમટી પડ્યા હતાં. સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ ભાજપના ચારેય ઉમેદવારોના સમર્થનમાં ધીંગુ મતદાન કરવા માટે અપીલ કરી હતી.

વિશાળ જનસમર્થનને સંબોધતા સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતુ કે, ભાજપ તરફી તોતીંગ મતદાન કરી ગુજરાતની જનતાને અભણ કહેનારા કોંગ્રેસીઓને કરારો જવાબ આપવા મતદારોને આહવાન કર્યુ હતું. તેઓએ વધુમાં ઉમેર્યુ હતું કે, વોર્ડ નં. ૮ વર્ષોથી ભાજપનો ગઢ મનાઈ રહ્યો છે. આ વખતે ભાજપના ઉમેદવારોની તરફેણમાં એવુ મતદાન કરજો કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ડિપોઝીટ પણ ન બચે. તેઓએ વધુમાં ઉમેર્યુ હતું કે, વોર્ડ નં. ૮ માં ભાજપના ચારેય ઉમેદવારોને તમામ વર્ગના લોકો આવકારી રહ્યા છે. તે જોતા એવુ સ્પષ્ટ થઈ ગયું છે કે, વોર્ડમાં સંપૂર્ણપણે ભગવો માહોલ બની ગયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ ભાજપને જીત અપાવી વિકાસને વેગવાન બનાવવા માટે તેઓએ હાકલ કરી હતી. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર તેઓએ આકરા પ્રહાર કર્યા હતાં. ભાજપ હંમેશા જનતાની વચ્ચે રહેનારી પાર્ટી છે. જ્યારે અમુક રાજકીય પાર્ટી માત્ર ચુંટણી સમયે જ દેખાય છે.

વોર્ડ નં. ૮ માં ભાજપના ચારેય ઉમેદવારોના સમર્થનમાં યોજાયેલા



વિશાળ જન સંમેલનમાં લોકસભાના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા ઉપરાંત રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા, રાજ્ય સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી ઉમેશભાઈ રાજ્યગુરૂએ પણ હાજરી આપી ઉમેદવારો, કાર્યકરો અને ભાજપના સમર્થકોનો ઉત્સાહ વધાર્યો હતો.

વોર્ડમાં સંપૂર્ણ પણે કેસરિયો માહોલ છવાઈ જાય તે માટે વોર્ડ પ્રભારી સંજયભાઈ દવે, વોર્ડ પ્રમુખ દેવકરણભાઈ જોગરાણા, વોર્ડ મહામંત્રી નિલેશભાઈ ભટ્ટ, રવિભાઈ ચાંગેલા, પૂર્વ પ્રમુખ જયસુખભાઈ મારવિયા ઉપરાંત રમેશભાઈ ચાવડિયા, પ્રદેશ યુવા ભાજપના મહામંત્રી દેવાંગીબેન મૈયડ, રઘુભાઈ ધોળકિયા, મહેશભાઈ રાઠોડ, મયુરભાઈ પાંભર, પ્રદેશ યુવા ભાજપના મંત્રી જયભાઈ શાહ, પરિશ્રમની પરાકાષ્ટા સર્જી રહ્યા છે. પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, બિપીનભાઈ બેરા, ડો. દર્શનાબેન પંડ્યા અને પ્રીતિબેન દેસાઈએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વોર્ડમાં કરેલા વિકાસ કામોની મતદારો સરાહના કરી રહ્યા છે. વોર્ડ સંપૂર્ણ સુવિધાથી સજ્જ છે. ચૂંટણી પ્રચારમાં ભાજપના ચારેય ઉમેદવારોને પ્રચંડ જનસમર્થન મળી રહ્યું છે.

વોર્ડ નં. ૮ ના ભાજપના ચારેય ઉમેદવારો અને ભાવી કોર્પોરેટરોએ આગામી દિવસોમાં વોર્ડ નં. ૮ ને શહેરના તમામ ૧૮ વોર્ડમાં સર્વશ્રેષ્ઠ વોર્ડ બનાવવાનો સંકલ્પ લીધો છે. મતદારોને તેઓના એક એક મતની કિંમત જનસેવાના કાર્ય કરી ચુકવવામાં આવશે તેવું પણ અભયવચન આપ્યું છે.

### વિકાસમાં મતદારો માટે આશાનું કિરણ એટલે કિરણબેન માકડિયા (ક્રમાંક નં. ૧)



વોર્ડ નં. ૮ના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર કિરણબેન મહેશભાઈ માકડિયા ઘણા વર્ષો થી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ પાર્ટીની પંચનિષ્ઠા ને મારા જીવન નો મંત્ર બનાવી ને છેવાડાના માનવી નો વિકાસ થાય અને સામાજિક સમરસતાનું સ્થાપન થાય તે માટે બી.એ. વીથ પોલીટીકલ સાઈન્સનો અભ્યાસ કરી, નાની વયેથી જ એક પ્રબળ રાષ્ટ્રભાવના ને સાર્થક કરવાનો પ્રયાસ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક સંભાળી તેમાં ખાસ કરી શિક્ષણ સમિતિ ના સદસ્ય તરીકે રહી સરકાર શાળા માં અભ્યાસ કરતા બાળકો માં શિક્ષણ નું સ્તર વધે અને આવનારા સમય માં યુવાનો શિક્ષિત અને દીક્ષિત બને તે માટે સતત પ્રયત્નશીલ રહીશું. મહિલા મોરચા ના પ્રમુખ તરીકે રહી મહિલાઓ પગભર થાય તે માટે પાર્ટીના માધ્યમ થી વિવિધ સેમિનારો અને મહિલાઓ પણ રાજકીય, સામાજિક, શૈક્ષણિક, રોજગાર ક્ષેત્રે આગળ વધે અને ખરા અર્થમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી થાય તે માટે સેમિનારો નું આયોજન કરી એક મહિલા ક્ષેત્રે ક્રાંતિ સર્જાઈ તે દિશામાં સતત પ્રયત્ન કર્યા છે. ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ સંભાળી આજે વોર્ડ નં.૮ માં ભાજપ ના ઉમેદવાર તરીકે મને ચૂંટણી લડવાની તક મળી છે ત્યારે હું આપને વિશ્વાસપૂર્વક જણાવું છું કે એક નગરસેવક તરીકે હું આપના વોર્ડ ના વિકાસ કાર્યો ને આગળ ધપાવવા માટે હું આપનુ માધ્યમ બની રહીશ.

### મહિલાઓની તમામ સમસ્યાઓને વાચા આપનારૂ વ્યક્તિત્વ એટલે રિટાબેન સખિયા (ક્રમાંક નં. ૧૨)



વોર્ડ નં. ૮માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે હંમેશા મહિલાઓના પ્રશ્નોને વાચા આપનાર તથા સેવાકીય ક્ષેત્રોમાં અગ્રેસર હોય તેવા શિક્ષિત રીટાબેન સખિયાની પસંદગી થઈ છે. રીટાબેન સખીયા સંયોજક શક્તિ કેન્દ્ર વોર્ડ નંબર - ૮, મહિલા મોરચાના પ્રમુખ વોર્ડ નંબર - ૮, પોલીસ મહિલા સુરક્ષા સમિતિના સભ્ય - રાજકોટ શહેર, કારોબારી ના સભ્ય રાજકોટ શહેર, મહિલા મોરચાના પ્રમુખ વોર્ડ નંબર - ૮માં નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવે છે.તદુપરાંત ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક સંભાળી તેમાં ખાસ કરી શિક્ષણ સમિતિ ના સદસ્ય તરીકે રહી સરકાર શાળા માં અભ્યાસ કરતા બાળકો માં શિક્ષણ નું સ્તર વધે અને આવનારા સમય માં યુવાનો શિક્ષિત અને દીક્ષિત બને તે માટે સતત પ્રયત્નશીલ રહીશું. મહિલા મોરચા ના પ્રમુખ તરીકે રહી મહિલાઓ પગભર થાય તે માટે પાર્ટીના માધ્યમ થી વિવિધ સેમિનારો અને મહિલાઓ પણ રાજકીય, સામાજિક, શૈક્ષણિક, રોજગાર ક્ષેત્રે આગળ વધે અને ખરા અર્થમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી થાય તે માટે સેમિનારો નું આયોજન કરી એક મહિલા ક્ષેત્રે ક્રાંતિ સર્જાઈ તે દિશામાં સતત પ્રયત્ન કર્યા છે. ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ સંભાળી આજે વોર્ડ નં.૮ માં ભાજપ ના ઉમેદવાર તરીકે મને ચૂંટણી લડવાની તક મળી છે ત્યારે હું આપને વિશ્વાસપૂર્વક જણાવું છું કે એક નગરસેવક તરીકે હું આપના વોર્ડ ના વિકાસ કાર્યો ને આગળ ધપાવવા માટે હું આપનુ માધ્યમ બની રહીશ. સામાજિક ક્ષેત્રે અને સંસ્થાકીય ક્ષેત્રે જોડાઈ શહેર માં ઉજવવામાં આવતા તહેવારો જેમા જન્માષ્ટમી, રામનવમી, નવરાત્રિ મહોત્સવ માં જોડાય પ્રાચીન સંસ્કૃતિ ને ઘર ઘર સુધી પહોંચાડવા વાહક બનશે.

### ૨૪ કલાકનો જાગતો પ્રહરી એટલે પ્રવિણ સેગલિયા (ક્રમાંક નં. ૬)



રાજકોટ મહાનગરપાલિકાની આગામી તા. ૨૬/૦૪/૨૦૨૬, રવિવારના રોજ યોજાનાર ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રામાણિક અને નિષ્ઠાવાન તેમજ શિક્ષિત (એચ.એસ.સી.) ખેતી, વેપાર એન્ડ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલા પ્રવીણ સેગલીયાની વોર્ડ નં.-૮ ના ઉમેદવાર તરીકે પસંદગી થયેલ છે. સેવા અને સામાજીક જવાબદારીઓની સ્વીકૃત સહજ રીતે તેમના સ્વભાવમાં જોડાયેલ છે. એક સમર્પિત કાર્યકર્તા તરીકે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા છે. પાર્ટી તથા સમાજમાં તમામ નાના-મોટા કાર્યકર્તાઓને આગળ કરી સૌને સાથે લઈ ચાલવું તેવો તેમનો સહજ સ્વભાવ છે, રાજકીય કારકિદીમાં બુથ પ્રમુખ તથા રાજકોટ તાલુકા યુવા ભાજપ પ્રમુખ, રાજકોટ શહેર ભાજપમાં યુવા ઉપપ્રમુખ તથા મહામંત્રી શહેર ભાજપ વોર્ડ નં ૯ના (બે ટર્મથી) સંગઠનને ખુબ જ મજબુત કરેલ છે. તેથી જ કાર્યકર્તાઓના હૃદયમાં આગવું સ્થાન ધરાવે છે. રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા પ્રવીણ સેગલીયા ખુબ નાની વયથી સમાજસેવાના ક્ષેત્રે જોડાયેલા છે. ભારતીય જનતા પાર્ટીના વોર્ડ કક્ષાના અનેકવિધ હોદ્દાઓથી માંડીને પ્રદેશ કક્ષાના હોદ્દાઓ પર જવાબદારી પૂર્વક નિભાવેલ છે. અનેકવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈ શ્રેષ્ઠ કામગીરી બજાવીને યુવા નિડર આગેવાન તરીકે નામના મેળવી છે. સમરસતાના હિમાયત એવા પ્રવીણભાઈ સેગલીયા લોક પ્રશ્નોને વાચા આપવા તથા તેના ઉકેલ માટે સતત સંઘર્ષ કરતા રહ્યા છે. રાજકોટનો વિકાસ એ ઘરઆંગણાના હાજરા હજુર ઉમેદવાર પ્રવીણ સેગલીયાનું સ્વપન રહ્યું છે, ત્યારે રાજકોટના દીર્ઘદ્રષ્ટા એવા પ્રવીણ સેગલીયાને જંગી મતથી વિજય બનાવી રાજકોટને - એક રાજકોટ, શ્રેષ્ઠ રાજકોટનું નિર્માણ કરવાની દિશામાં આગળ વધારીએ અને રાજકોટ શહેરને સ્માર્ટસીટી બનાવવા આગળ વધીએ.

### ખમીરી, ખુમારી, ખંત, ખેવના, ખુશ મિજાજનું પંચામૃત એટલે અગ્રણી મનીષ ભટ્ટ (ક્રમાંક નં. ૮)



ગુજરાતનાં જાહેર જીવનનાં અગ્રણી, રાજકોટ શહેર ભાજપનાં પૂર્વ ઉપાધ્યક્ષ, બાલ્યાવસ્થાથી જ રાષ્ટ્રવાદી વિચારધારાને આધારીત રાજનીતી, સેવાક્ષેત્રને વરેલા છે. મનીષ ભટ્ટ - રાજકોટ શહેર યુવા ભાજપનાં મંત્રી, ઉપાધ્યક્ષ ડ અને ગુજરાત પ્રદેશ યુવા ભાજપના મંત્રી તરીકે યશસ્વી જવાબદારી વહન કરી ચુક્યા છે. અસ્મિતા ફાઉન્ડેશન સંસ્થાના ફાઉન્ડર પ્રમુખ મનીષ ભટ્ટ યુ.એસ.એ.માં યોજાતા "ચાલો ગુજરાત" ચાલો ઈન્ડિયા આઈના સંસ્થાના એકઝીક્યુટીવ કમિટીના સભ્ય તરીકે કાર્યરત છે. તેમજ એનિમલ હેલ્પલાઈન, શ્રીજી ગૌશાળા સહિતની અનેક સંસ્થાઓમાં તન મન ધનથી સક્રિય છે. અનેકવિધ નેશનલ ઈવેન્ટસ/કાર્યક્રમોનું સફળ સંચાલન કરી ચૂકેલા મનીષ ભટ્ટ નવી પેઢીના પ્રભાવી વકતા અને વ્યવસાયે એડવોકેટ અને કોર્પોરેટ કન્સલટન્ટ છે. શબ્દોને લાગણીમાં ઝબોળી એક અનોખું ભાવજગત, એક સદભાવ જગત ખડું કરવાની તેમજ મિત્રો કમાવાની અને મિત્રતા સાચવવાની આવડત એ મનીષ ભટ્ટના આગવા વ્યક્તિત્વનું જમા પાસું છે. રાજનીતી નહી પણ રાષ્ટ્ર નિતીમાં માનતાં સાહિત્ય પ્રેમી, કલામર્મજ્ઞ જીવદયા પ્રેસી મનીષ ભટ્ટ પ્રજાના પ્રશ્નોને હંમેશા વાચા આપે છે, નિરાકરણ લાવે છે. રામજન્મ ભૂમિ મુક્તિ આંદોલનમાં સક્રિય, શાળા કોલેજ કેળવણી કાર્યક્રમો, ઘેર ઘેર જનજાગૃતિના કાર્યક્રમો, અયોધ્યા કારસેવા, કાશ્મીર એકતા યાત્રા ભિમ સને-૨૦૦૧ ના ભુકંપમાં પાર્ટીના આદેશ અનુસાર સક્રિય ભૂમિકા, રાજસ્થાન ચુંટણી ઉપરાંત અનેક રેલી, ભાજપના આંદોલનમાં આગેવાની લીધી છે. ટ્રેડ ફેર, રાસગરબા મહોત્સવ, કવિ સંમેલન, મુશાયરા, લોકડાયરા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો, રકતદાન કેમ્પ, મેડીકલ કેમ્પ, કોરોનાકાળ દરમ્યાન જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટનું વિતરણ, પરીસંવાદ, પ્રવચનો, સંગીત સંધ્યા, બાળ મેળો, વિદ્યાર્થી સન્માન સમારોહ, દેશભક્તિ ગીતો, સ્પર્ધાઓ, ગૌસેવા-જીવદયા જેવી અનેક સામાજિક, સેવાકિય પ્રવૃતિઓના સફળ આયોજનો કરેલા છે.

**વોર્ડ પ્રભારી સંજય દવે વોર્ડ પ્રમુખ દેવકરણ જોગરાણા, મહામંત્રી નિલેશ ભટ્ટ અને રવિ ચાંગેલા સહિતના કાર્યકરોની મહેનત રંગ લાવી રહી છે : પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, બીપીનભાઈ બેરા, ડો. દર્શનાબેન પંડ્યા અને પ્રીતિબેન દોશીએ કરેલા કાર્યોની પણ સરાહના**

# સ્પોર્ટ્સ અબતક

સંજુની સદી ચેન્નઈને ફળે છે...

# અંતે ચેન્નઈના સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૧૦૩ રને હરાવી ધૂળ ચાટતું કર્યું

## ચેન્નાઈ સુપર કિંગ્સે સેમસનની સદીની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૭ રનનો સ્કોર નોંધાવ્યો જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ ૧૯ ઓવરમાં ૧૦૪ રન જ બનાવી શકી



**અબતક, રાજકોટ**

સંજુ સેમસનની શાનદાર સદી બાદ અકીલ હુસૈને બોલિંગમાં વેધક સ્પેલ નાખતાં ચેન્નાઈ સુપર કિંગ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૧૦૩ રનથી કારમી હાર આપી હતી. હજી આ સપ્તાહના પ્રારંભે ગુજરાત ટાઈટન્સ સામે પ્રભાવશાળી રમત દાખવનારી મુંબઈની ટીમે ગુરુવારે હતાશ કર્યા હતા અને તેના બોલર કે બેટર વાનખેડે સ્ટેડિયમ ખાતે કોઈ પ્રભાવ દાખવી શક્યા ન હતા. અમદાવાદમાં તેમનો ૯૯ રનથી વિજય થયો હતો તો ગુરુવારે તેમનો ૧૦૩ રનથી પરાજય થયો હતો. મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે સેમસનની સદીની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ ૧૯ ઓવરમાં માંડ ૧૦૪ રન કરી શકી હતી. ચેન્નાઈના અકીલ હુસૈને તરખાટ મચાવીને ૧૭ રનમાં ચાર વિકેટ લીધી હતી.મુંબઈ માટે સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા સિવાય કોઈ લડત આપી શક્યું ન હતું.

અગાઉની મેચમાં સદી ફટકારનારા તિલકે ૩૭ અને સૂર્યકુમાર યાદવે ૩૬ રન ફટકાર્યા હતા.અગાઉ મુંબઈએ ટોસ જીત્યા બાદ પ્રથમ બેટિંગ કરનારી ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ માટે સંજુ સેમસને અડિખમ બેટિંગ કરીને સદી ફટકારવાની સાથે ટીમનો સ્કોર ૨૦૦ ઉપર પહોંચાડી આપ્યો હતો. તેણે લથડતી ચેન્નાઈ સુપર કિંગ્સની ઈનિંગ્સ સંભાળી હતી. સિઝનમાં પોતાની બીજી સદી ફટકારીને સેમસને મુંબઈ ઈન્ડિયન્સના બોલર્સને લાચાર બનાવી દીધા હતા.નબળી શોટ પસંદગી અને એકાગ્રતાના અભાવે આસપાસ વિકેટો પડતી રહી હોવા છતાં ભારતીય વિકેટકીપર-બેટ્સમેન મક્કમ રહ્યો હતો. તેણે પોતાની ઈનિંગ્સને સંપૂર્ણ ચોકસાઈ સાથે આગળ વધારી અને દરેક બોલને તેની ગુણવત્તા મુજબ રમીને વધુ એક યાદગાર ઈનિંગ્સ રમી હતી. સેમસને ૫૪ બોલમાં દસ ચોગ્ગા અને છ સિક્સરની મદદથી અણનમ ૧૦૧ રન ફટકાર્યા હતા. એક સમયે ચેન્નાઈ મોટા સ્કોર તરફ જતી જણાતી હતી પરંતુ મધ્યમ ઓવરોમાં અન્ય બેટ્સમેનો સારી શરૂઆતને મોટા સ્કોરમાં ન ફેરવી શકતા ટીમે લય ગુમાવી દીધી હતી.જસપ્રિત બુમરાહે ચુસ્ત પ્રથમ ઓવર ફેંકી હતી, તેમ છતાં સેમસને કવર-પોઈન્ટ પર શાનદાર ડ્રાઈવ ફટકારી હતી. ત્યારબાદ તેણે હાર્દિક પંડ્યાના બોલ પર ફ્લિક કરીને સિક્સર ફટકારી હતી. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૨૨) અને સેમસને પાવરપ્લેમાં હાર્દિક પંડ્યાની પ્રથમ બે ઓવરમાં ૧૯-૧૯ રન લીધા હતા. જોકે, ગાયકવાડ ત્રીજી ઓવરમાં ગાઝનફરના બોલ પર મોટો શોટ રમવા જતા તિલક વર્માના હાથે કેચ આઉટ થયો હતો. મુંબઈના જ ખેલાડી એવા સરફરાઝ ખાન (૧૪) અને શિવમ દૂબે (૦૫) ખાસ પ્રભાવ પાડી શક્યા ન હતા.



### ટી૨૦ સદીમાં સંજુ સેમસને રોહિત શર્માની બરાબરી કરી

ભારતીય ખેલાડી દ્વારા ટી૨૦ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ હાલમાં સંયુક્ત રીતે વિરાટ કોહલી અને અભિષેક શર્માના નામે છે, બંનેએ ૯-૯ સદી ફટકારી છે. સંજુ સેમસન હવે રોહિત શર્મા સાથે બીજા સ્થાને છે. મુંબઈ ઈન્ડિયન્સ સામે સંજુ સેમસનના ટી૨૦ કરિયરની ૮મી સદી છે. સેમસન ૩૩૭ ટી૨૦ રમી ચૂક્યો છે, જેમાં ૩૦.૯૩ ની એવરેજથી ૮૬૯૩ રન બનાવ્યા છે, જેમાં ૮ સદી અને ૫૪ અડધી સદીનો સમાવેશ થાય છે.

### શું ધોની હવે મેદાનમાં ઉતરશે જ નહિ...?



ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં ચેન્નાઈ સુપર કિંગ્સના ચાહકો માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ટીમના દિગ્ગજ ખેલાડી અને પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની હજુ પણ ઈજામાંથી સંપૂર્ણ રીતે મુક્ત થયા નથી. ચેન્નાઈ સુપર કિંગ્સના બેટિંગ કોચ માઈકલ હસીએ સ્પષ્ટતા કરી છે કે ધોની અત્યારે રિકવરીના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે અને તેઓ મેદાનમાં ક્યારે ઉતરશે તે અંગેની અનિશ્ચિતતા હજુ પણ યથાવત છે.

માઈકલ હસીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે મહેન્દ્ર સિંહ ધોની માત્ર એક ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમવાને બદલે તેમની જૂની ભૂમિકા એટલે કે વિકેટકીપર-બેટ્સમેન તરીકે જ વાપસી કરશે. ધોનીને અત્યારે પિંડલીની ઈજા છે અને તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટીમ મેનેજમેન્ટ કોઈ ઉતાવળ કરવા માંગતું નથી. હસીએ આશા વ્યક્ત કરી છે કે ધોની જ્યારે પણ મેદાનમાં આવશે ત્યારે તેઓ ૧૦૦ ટકા ફિટનેસ સાથે વિકેટની પાછળ પોતાની જવાબદારી સંભાળશે.

### માતાની અંતિમ વિદાયના બીજા જ દિવસે ટીમ ચેન્નઈની વ્હારે આવી મુકેશે બધાને ભાવુક બનાવી દીધા

માતાનું નિધન થયું છતા પણ મુકેશ ચૌધરીએ જે નિર્ણય લીધો તે બધાને ખૂબ જ સ્પર્શી ગયો છે. વાનખેડે ખાતે રમાઈ રહેલી મેચ માટે તેણે પોતાની ટીમ માટે મેદાનમાં ઉતરવાનું પસંદ કર્યું હતું અને પ્લેઈંગ ઈલેવનનો ભાગ રહ્યો હતો. આ કાર્ય તેની હિંમત, સમર્પણ અને પ્રોફેશનલિઝ્મનો પુરાવો બની ગયું છે.મુકેશની માતાને શ્રદ્ધાંજલિ આપવા માટે ચેન્નાઈ સુપર કિંગ્સના તમામ ખેલાડીઓ હાથે કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતર્યા હતા. આ એક ભાવુક ક્ષણ હતી, જેણે ટીમની અંદરની એકતા પણ દર્શાવી હતી.



# બેટિંગમાં સંઘર્ષ કરી રહેલી ગુજરાત ટાઈટન્સ બેંગલોર સામે ટકરાશે

## મુંબઈ સામેના કારમા પરાજય બાદ ગિલની ટીમે આત્મવિશ્વાસ પાછો મેળવવો પડશે

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો થશે. આ મહત્વની મેચમાં બેંગલોર પોતાની બેટિંગ લય પરત મેળવવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે તો તેની સામે ગુજરાત ટાઈટન્સ તેનો આત્મવિશ્વાસ પરત હાંસલ કરવાનો પ્રયાસ કરશે કેમ કે તેમની સામે આ મોટો પડકાર હશે. શુભમન ગિલની ટીમ હાલમાં ભારે સંઘર્ષ કરી રહી છે. શુક્રવારે સાંજે ૭.૩૦થી અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે મેચનો પ્રારંભ થશે.બેંગલોરની ટીમ આ અગાઉની મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે ચિન્નાસ્વામીની પિચ અપેક્ષા કરતા ધીમી હોવાને કારણે રન નોંધાવવામાં નિષ્ફળ રહી હતી અને ટીમે છ વિકેટના પરાજયનો સામનો કરવો પડ્યો હતો. વર્તમાન સિઝનમાં હોમગ્રાઉન્ડ પર આ તેનો એકમાત્ર પરાજય હતો. ઉપરાંત સિઝનમાં અન્ય મેચોમાં શાનદાર પ્રદર્શન કરનારી આરસીબીનો આ માત્ર બીજો પરાજય હતો. રોયલ ચેલેન્જર્સ હાલમાં આઠ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે પરંતુ સનરાઈઝર્સ હૈદરાબાદ (આઠ પોઈન્ટ), દિલ્હી કેપિટલ્સ (છ પોઈન્ટ) અને ગુજરાત ટાઈટન્સ (છ પોઈન્ટ) તેમની ખૂબ નજીક છે. ૨૦૨૫ની ચેમ્પિયન બેંગલોરની ટીમના મેનેજમેન્ટ માટે ચિંતાનો વિષય એ છે કે હવે પછીની ઘણી મેચ તેમણે બહાર રમવાની છે. જેમાં રાયપુરના મેદાનનો પણ સમાવેશ થાય છે. તેથી ટીમ પોતાના સમર્થકોને ઘરઆંગણે સફળતા સાથે વિદાય આપવા માંગશે. છેલ્લી બે મેચમાં બેંગલોરની બેટિંગ લાઈનઅપ થોડી નબળી જણાઈ છે. લખનૌ સામે ટીમ જીતી તો ખરી પણ તે અગાઉ તેણે ૧૬ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. દિલ્હી સામે ફિલ સોલ્ટની ૬૩ રનની ઈનિંગ્સ છતાં અન્ય બેટર્સ ટકી શક્યા ન હતા. રજત પાટીદાર અને ટિમ ડેવિડ જેવા આક્રમક બેટર્સે પણ સંઘર્ષ કરવો પડ્યો હતો. નિષ્ણાતોના મતે જ્યારે આક્રમક અભિગમ કામ ન આવે ત્યારે બેંગલોરે 'પ્લાન-બી' તૈયાર રાખવો પડશે.તેમની પાસે બોલિંગમાં ભુવનેશ્વર કુમાર અનુભવી બોલર તરીકે શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે પરંતુ બેટર્સ તરફથી પૂરતા રન ન મળવાને કારણે બોલરો પર દબાણ વધી રહ્યું છે. બીજી તરફ ગુજરાત ટાઈટન્સની હાલત પણ કાંઈક અંશે આવી જ છે. મુંબઈ ઈન્ડિયન્સ સામે માત્ર ૧૦૦ રનમાં ઓલઆઉટ થવાને કારણે તેમને ૯૯ રનના મોટા અંતરનો પરાજય સહન કરવો પડ્યો હતો. જેની સીધી અસર તેના નેટ રન રેટ પર પડી છે. કેપ્ટન શુભમન ગિલ અને જોઝ બટલર સાતત્યપૂર્ણ પ્રદર્શન કરી રહ્યા છે પરંતુ સાઈ સુદર્શન, ગ્લેન ફિલિપ્સ અને રાહુલ તેવટિયા હજી સુધી મોટી ઈનિંગ્સ રમી શક્યા નથી.ગુજરાત પાસે પ્રસિદ્ધ કિષ્ણા, કેગિસો રબાડા, મોહમ્મદ સિરાઝ અને રાશીદ ખાન જેવા દિગ્ગજ બોલર છે પરંતુ બેટર્સના નબળા ફોર્મને કારણે બોલિંગ યુનિટની મહેનત પાણીમાં જઈ રહી છે.



# ૨૧ વર્ષની ઉંમરે મયંક યાદવ નાસીપાસ થતા બિશપે બુસ્ટરડોઝ આપ્યો!

## એક ફાસ્ટ બોલર માટે ગંભીર ઈજા બાદ વાપસી કરવી માનસિક અને શારીરિક રીતે ખૂબ અઘરું હોય છેઃ ઈયાન બિશપ



**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ માં લખનૌ સુપર જાયન્ટ્સના યુવા ફાસ્ટ બોલર મયંક યાદવના કમબેક બાદ સોશિયલ મીડિયા પર તેને ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.

આ સમયે વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ દિગ્ગજ ખેલાડી અને કોમેન્ટેટર ઈયાન બિશપે એક ભાવુક પોસ્ટ દ્વારા આ યુવા ખેલાડીનો બચાવ કર્યો. લખનૌ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાયેલી મેચમાં મયંક યાદવે લાંબા સમય બાદ મેદાન પર વાપસી કરી હતી. જોકે, આ મેચમાં તેનું પ્રદર્શન અપેક્ષા મુજબનું રહ્યું નહોતું. તેણે ૪ ઓવરમાં ૫૬ રન આપ્યા અને એક પણ વિકેટ ઝડપી શક્યો નહીં.તેનો ઈકોનોમી રેટ ૧૪.૦૦ રહ્યો હતો, જેના કારણે સોશિયલ મીડિયા પર તેને 'ઓવરહાઈપ્ડ' કહીને ટ્રોલ કરવામાં આવ્યો હતો.

મયંક પર થઈ રહેલી ટીકાઓ જોઈને ઈયાન બિશપે જણાવ્યું કે, મયંક યાદવ વિશે નકારાત્મક ટિપ્પણીઓ જોવી એ ભયાનક છે. આ બાળકે ૨૧ વર્ષની ઉંમરે તેની કારકિર્દી અને આજીવિકા લગભગ ગુમાવી દીધી હતી. તેને ફરીથી રમતા જોવો એ જ એક મોટો પ્રોત્સાહન છે. તે ફરીથી ૧૫૦ કિમિની ઝડપે બોલિંગ કરી રહ્યો છે તે એક ચમત્કાર છે. ૨૩ વર્ષની ઉંમરે બસ તેના માટે પ્રાર્થના કરો કે તે ફિટ રહે. લય અને નિયંત્રણ તો સમય સાથે આવી જશે.મયંક યાદવ છેલ્લા એક વર્ષથી લોઅર-બેક સ્ટ્રેસ ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા સામે ઝઝૂમી રહ્યો હતો. ઈજા એટલી ગંભીર હતી કે મયંકની ક્રિકેટ કરિયર પર સવાલ ઉભા થયા હતા. ૨૦૨૫ ની સીઝનમાં પણ તે માત્ર ૨ જ મેચ રમી શક્યો હતો.લાંબા બ્રેક બાદ પણ રાજસ્થાન સામેની મેચમાં તેણે ૧૫૧ કિમી થી વધુની ઝડપે બોલિંગ કરીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી.

# ભારત વિમેન્સ સામે વોલવાર્ડની સદી, સાઉથ આફ્રિકાની વિજયની હેટ્રિક

**અબતક, રાજકોટ**

પ્રવાસી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ માટે સાઉથ આફ્રિકાનો વર્તમાન પ્રવાસ કંગાળ રહ્યો છે જેમાં બુધવારે રાત્રે રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં લૌરા વોલવાર્ડની તોફાની સદીની મદદથી સાઉથ આફ્રિકાએ શાનદાર પ્રદર્શન કરીને ભારતીય વિમેન્સ ટીમને નવ વિકેટે હરાવી હતી. આ સાથે ગૃહટીમે પાંચ મેચની ટી૨૦ સિરીઝ ૩-૦ની અજેય સરસાઈ સાથે જીતી લીધી હતી.ભારતીય ટીમે સાઉથ આફ્રિકા સામે તેનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર નોંધાવ્યો હોવા છતાં આ મેચમાં યજમાન ટીમ સામે તેનો શરમજનક પરાજય થયો હતો. કેપ્ટન લૌરા વોલવાર્ડે ૫૩ બોલમાં ૧૩૫ રન ફટકાર્યા હતા.ભારતે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૨ રનનો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ સાઉથ આફ્રિકાએ આ સ્કોર ૧૬.૩ ઓવરમાં માત્ર એક વિકેટ ગુમાવીને વટાવી દીધો હતો. વોલવાર્ડે તેની ૧૩૫ રનની ઈનિંગ્સમાં ૧૪ ચોગ્ગા ઉપરાંત પાંચ સિક્સર ફટકારી હતી. તેની સાથી ઓપનર સૂને લ્યૂઈસે રમીને અણનમ ૬૪ રન ફટકાર્યા હતા. તેણે ૪૨ બોલ છ ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી.ભારતીય વિમેન્સ ટીમે પણ અગાઉ આક્રમક બેટિંગ કરી હતી પરંતુ તેની બોલિંગની નબળાઈઓ છતી થઈ ગઈ હતી અને ભારતીય બોલર્સ હરીફ ટીમની વિકેટો ખેરવી શકી ન હતી. ભારત માટે કેપ્ટન હરમનપ્રિત કૌરે ૩૮ બોલમાં ૬૬ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. તેણે ત્રણ સિક્સર અને સાત ચોગ્ગા ફટકાર્યા હતા તો આક્રમક બેટિંગ માટે જાણીતી શેફાલી વર્માએ ૪૬ બોલમાં બે સિક્સર સાથે ૬૪ રન ફટકાર્યા હતા. ટી૨૦ ક્રિકેટમાં ભારત માટે સૌથી વધુ રન નોંધાવનારી ઓપનર સ્મૃતિ મંધાનાએ ૨૫ બોલમાં ૩૭ રનનું યોગદાન આપ્યું હતું.




# ફિફા વર્લ્ડકપ પહેલા સ્પેનના સ્ટાર ખેલાડી યમલ ઈજાગ્રસ્ત

### ફિફા વર્લ્ડકપને લઈ અમરિકાનું ઈરાનને વેલકમ

અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાનના ફૂટબોલ ખેલાડીઓનું વર્લ્ડ કપ માટે સ્વાગત છે, પરંતુ તેની સાથે કેટલીક કડક શરતો પણ મૂકવામાં આવી છે.અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં જણાવ્યું હતું કે, વોશિંગ્ટનને ઈરાનના ખેલાડીઓના વર્લ્ડ કપમાં ભાગ લેવા સામે કોઈ વાંધો નથી.અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ રમતવીરોને દંડિત કરવા માંગતા નથી અને તેમને દેશમાં પ્રવેશ આપવામાં આવશે, ઈરાની ટીમ સાથે આવતા એવા કોઈ પણ વ્યક્તિને પ્રવેશ નહીં મળે જેમના સંબંધો ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ સાથે હોય.ઈરાની ઓલિમ્પિક સમિતિના જણાવ્યા અનુસાર, યુદ્ધ જેવી સ્થિતિ અને તણાવને જોતા ઈરાને હજુ સુધી વર્લ્ડ કપમાં ભાગ લેવા અંગેનો આખરી નિર્ણય લીધો નથી.

**અબતક, રાજકોટ**

સ્પેન અને ફૂટબોલ જગત માટે એક અત્યંત આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. સ્પેનનો સ્ટાર ખેલાડી અને 'વન્ડર કિડ' તરીકે જાણીતો લેમિન યમલ ઈજાના કારણે સમગ્ર સીઝનમાંથી બહાર થઈ ગયો છે. આગામી ફિફા વર્લ્ડ કપ પહેલા સ્પેનિશ ટીમ માટે આ એક મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.

અહેવાલો અનુસાર, લેમિન યમલને મેચ દરમિયાન ગંભીર ઈજા થઈ હતી. તબીબી તપાસ બાદ ડોક્ટરોએ તેને લાંબા સમય સુધી આરામ કરવાની અને મેદાનથી દૂર રહેવાની સલાહ આપી છે. આ ઈજા એટલી ગંભીર છે કે તે ચાલુ ફૂટબોલ સીઝનની બાકીની તમામ મેચો ગુમાવશે. આમાં તેની ક્લબ (બાર્સેલોના) અને રાષ્ટ્રીય ટીમ બંનેની મેચોનો સમાવેશ થાય છે.

ફિફા વર્લ્ડ કપ નજીક છે ત્યારે સ્પેનનો આ સૌથી પ્રતિભાશાળી ખેલાડી બહાર થવો એ ટીમની રણનીતિ માટે મોટો પડકાર છે.



# કપિલા હનુમાન મંદિર નજીકથી ચોરાઉ મોટર સાયકલ સાથે રઈશ ઝડપાયો

## નવ માસ પૂર્વે કુવાડવા રોડ પર આવેલી સોસાયટીમાંથી વાહન ઉઠાવી ગયાની કેફિયત: એ-ડિવિઝન પોલીસની કાર્યવાહી



**અબતક, રાજકોટ**

શહેરના કપિલા હનુમાન મંદિર નજીકથી ચોરાઉ મોટર સાયકલ સાથે તસ્કરને એ-ડિવીઝન પોલીસની ટીમે દબોચી લીધો હતો. ૯ માસ પૂર્વે કુવાડવા રોડ નજીક આવેલી સોસાયટીમાંથી વાહન ઉઠાવી જનાર તસ્કરને ઝડપી એ-ડિવીઝન પોલીસે બી-ડિવીઝન પોલીસ મથકમાં નોંધાયેલી વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ અને એસીપી બી.જે.ચૌધરી દ્વારા મિલકત સંબંધી ગુના અટકાવવા તેમજ વાહન ચોરી, મોબાઇલ ચોરી, ઘરફોડ ચોરી, ચીલ ઝડપ, લૂંટ સહિતના અનડિટેક્ટ ગુના ડિટેક્ટ કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એ-ડિવીઝન પોલીસ મથકના પીઆઇ જે.વી. વાઢીયાના માર્ગદર્શન હેઠળ ડી-સ્ટાફ પીઆઇ એસ.એમ. રાણાની સર્વેલન્સ સ્કોડ પેટ્રોલીંગમાં હતી દરમિયાન હેડ કોન્સ્ટેબલ કનુભાઇ બસીયા, સાગરભાઇ માવદીયા, ધર્મેશભાઇ પરમાર અને કોન્સ્ટેબલ ધર્મેશભાઇ ખાંડેખાને સંયુક્ત રીતે મળેલી હકિકતના આધારે કપિલા હનુમાન મંદિર નજીકથી એક શખ્સને શંકાસ્પદ હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. બાદમાં ઝડપાયેલા શખ્સની યુકિત-પ્રયુકિતથી પૂછપરછ કરતા મોટર સાયકલ કુવાડવા રોડ પાસે આવેલ મારૂતિનગર નજીકથી ૯ મહિના પૂર્વે ચોરી કર્યાની કેફિયત આપી હતી. જેથી પોલીસે મોટર સાયકલના એન્જીન અને ચેસીસ નંબર મેળવી ઇ-ગુજકોપમાં ચેક કરતા બી-ડિવિઝન પોલીસ મથકમાં વાહન ચોરીનો ગુનો નોંધાયેલ હોવાનું સામે આવતા એ-ડિવીઝન પોલીસે રઈશ મહંમદ ઝહુર અન્સારી (ઉ.વ.૪૯, રહે.અટિકા ફાટક પાસે, નારાયણનગર ઝુંપડપટ્ટી, ઢેબર રોડ, રાજકોટ મૂળ રહે. ગોંડા ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી રૂ.૧૫૦૦૦ની કિંમતનો હિરો હોન્ડા સ્પ્લેડર મોટર સાયકલ કબ્જે કરી બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

# મવડીમાં હુમલાના ગુનામાં ૧૧ શખ્સોને નિર્દોષ છોડી મૂકવા હુકમ

## યુવતીના સગપણનું મન દુઃખ રાખી પ્રૌઢને માર માર્યો

**અબતક, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં આવેલ લક્ષ્મીનગર સોસાયટીમાં યુવતીના સગપણનું મન દુઃખ રાખી પ્રૌઢ ઉપર કરેલા હુમલાના ગુનામાં ૧૧ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના મવડી વિસ્તારમાં આવેલ લક્ષ્મીનગરમાં રહેતા મહેન્દ્રસિંહ ડાભી ના પિતરાઈ ભાઈની પુત્રીના સગપણ અંગે થયેલી બોલાચાલી નો ખાર રાખી (૧)વિક્રમસિંહ (૨)દીવુભા (૩) પ્રીયજીતસિંહ (૪)શૈલેન્દ્રસિંહ (૫) પ્રતાપસિંહ (૬) વિશુભા (૭) કરણસિંહ (૮) જયરાજસિહ (૯) મહીપતસિંહ (૧૦) સત્યજીતસિંહ સોલંકી (૧૧) રઘુવીરસિંહ પરમારે મારમાર્યા અંગેની માલવીયા નગર પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીઓની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અધિકારી દ્વારા કોર્ટમા ચાર્જસીટ ફાઈલ કરી હતી. સદરહું કેસ ચાલવા ઉપર આવતા જેમાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરવા માટે નિષ્ફળ નિવડે છે. બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના વકીલ દ્વારા કરેલી દલીલો અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાકેલા ચુકાદાઓને ધ્યાને લઈને એડી.ચીફ.જયુ. મેજી. એ તમામ આરોપીઓને નિદોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.આરોપીઓ તરફે એડવોકેટ સંજયભાઈ પંડયા, મનિષ એચ.પંડયા, જયદેવસિંહ ચૌહાણ, વનરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા રોકાયા હતા.

# નારાયણનગર મફતિયાપરામાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઇ

## રૂ.૭૨ હજારની કિંમતનો ૩૬૦ લિટર શરાબ સહિત રૂ ૧,૦૫,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી ભક્તિનગર પોલીસે મહિલા બુટલેગર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર કોલોનીમાં મફતિયાપરા રહેતા આશા ભૂપત ચુડાસમા મકાનમાં દેશી દારૂની ભઠ્ઠી પર ભક્તિનગર પોલીસે દરોડો પાડતા ૭૨૦૦૦ ની કિંમત નો ૩૬૦ લિટર દેશી દારૂ સહિત ૧,૦૫,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે મળતી માહિતી મુજબ સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય અને ગુનાખોરી અટકાવવા રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા સૂચના અન્વયે ભક્તિનગર પોલીસ સ્ટેશન ના પી.આઈ જયદીપસિંહ પરમાર ની ટીમ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન કોન્સ્ટેબલ પ્રકાશભાઈ લાલજીભાઈ તથા યુવરાજસિંહ ને ખાનગી રહે બાતમી મળેલ કે ઢેબર કોલોની નારાયણ નગર ૧૦ મફતીયા પરામાં રહેતા ભુપતભાઈ ભગવાનભાઈ ચુડાસમા ના મકાનમાં દરોડો પાડતા દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી આ સાથે ૭૨,૦૦૦ ની કિંમત નો દેશીદારૂ ૩૬૦ લિટર અને ૩૦,૦૦૦ ની કિંમત નો ઠંડો આથો અને સાધનો સહિત રૂ ૧,૦૫,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપી આશાબેન ભુપતભાઈ ચુડાસમા ને અટક કરવાના બાકી હોય આ કામગીરીમાં પીઆઈ જયદીપસિંહ ડી પરમાર, પીએસઆઈ જે.જે ગોહિલ તથા તેમની ટીમ એ ફરજ બજાવેલ હતી.

# કલેઈમ નકારનાર ગો-ડિજિટ ઈન્સ્યોરન્સ કંપનીને ગ્રાહક ફોરમની લપડાક

## 'પ્રીમિયમ ઉઘરાવ્યા પછી હાથ ઊંચા કરી દેવાની વીમા કંપનીની નીતિ નહીં ચાલે': ફરિયાદીને સારવારની રકમ વ્યાજ સાથે ચૂકવવા આદેશ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગ્રાહકોના વીમા કલેઈમ નકારવાના કિસ્સાઓ વધુ નોંધાઈ રહ્યા છે ત્યારે રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ દ્વારા ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કંપની વિરુદ્ધ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. રાજકોટના કોમલબેન રાઠોડે ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી રૂ.૬,૦૦,૦૦૦નું વીમા કવચ લીધું હતું. કોમલબેને ગર્ભાશયના ગાંઠનાં ઓપરેશન માટે હોસ્પિટલ ખાતે સારવાર લીધી હતી, જેનો કુલ ખર્ચ રૂ.૯૫,૯૩૬ થયો હતો પરંતુ ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીએ એવું કારણ દર્શાવીને ક્લેઈમ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો કે આ સારવાર 'ઈનફર્ટીલિટી'ની છે.

ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીના આ નિર્ણય સામે ગ્રાહક ફોરમે લઈને દર્શાવ્યું છે કે ફરિયાદીના ડોકટર દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું કે આ સારવાર ઈનફર્ટિલિટી સ્વરૂપની નથી. મેડિકલ સાયન્સના અભિપ્રાય મુજબ આયોગે નોંધ્યું છે કે, ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીનો આ બચાવ ખોટો, ભૂલભરેલો અને સેવામાં ખામી સમાન છે. આ કેસમાં આયોગના પ્રમુખ પી.સી. રાવલ અને સભ્ય એમ.એસ. ભટ્ટ દ્વારા તા.૫/૩/૨૦૨૬ના રોજ ગ્રાહકની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો છે.

આયોગે ગો ડિજિટ કંપનીને આદેશ કર્યો છે કે, તેઓએ ફરિયાદીને સારવાર ખર્ચના રૂ.૯૫,૯૩૬ ફરિયાદ દાખલ કર્યાની તા.૨૧/૧૧/૨૦૨૪થી ૬ ટકાના વ્યાજ સાથે બે માસમાં ચૂકવી આપવાના રહેશે. ઉપરાંત સ્પષ્ટતા પણ કરી છે કે જો કંપની બે માસમાં આ રકમ નહીં ચૂકવે તો તેઓએ ૯ ટકા લેખે વ્યાજ ચૂકવવું પડશે. ફોરમે ફરિયાદના ખર્ચ પેટે વધારાના રૂ.૫,૦૦૦ પણ ચૂકવવાનો હુકમ કર્યો છે. આ કેસમાં રાજકોટ શહેર જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ તરફથી રમાબેન માવાણી, રામજીભાઈ માવાણી, એડવોકેટ મનોજભાઈ કોટડિયા અને કિરીટભાઈ માવદિયા રોકાયેલા હતા.

# સવા લાખનો ચેક રિટર્ન કેસમાં લોનધારક હીનાબેન પરમાર નિર્દોષ

## રૂદ્રા ક્રેડિટ કો.ઓ. સોસાયટીમાંથી લોન લીધી હતી

**અબતક, રાજકોટ**

રૂદ્રા ક્રેડિટ કોપરેટીવ સોસાયટી માંથી લીધેલી લોન ચૂકવવા આપેલા રૂપિયા ૧.૨૬ લાખનો ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી છતા અદાલતે લોનધારક હીનાબેન સિદ્ધાર્થ પરમારને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા હીનાબેન સિદ્ધાર્થભાઈ પરમાર નામની મહિલાએ સભાસદ દરજ્જે રૂદ્રા ક્રેડિટ ઓપરેટિવ સોસાયટી માંથી સભાસદ દરજ્જે દોઢ લાખ રૂપિયાની લોન લીધી હતી. જેનોનના બાકી નીકળતા નાણાં ચૂકવવા ૧.૨૬ લાખનો ચેક આપ્યો હતો તે બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ મોકલીશ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમનો ચૂકવતા અંતે અદાલ ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. બાદ કેસની ચુનાવણી ચાલવા પર આવતા જેમાં ફરિયાદી મંડળી દ્વારા વિવિધ દસ્તાવેજો રજૂ રાખવામાં આવેલ હતા. જ્યારે આરોપીના વકીલ દ્વારા ફરિયાદીની ઉંડાણપૂર્વક ઉલટતપાસ અને ધારદાર દલીલો કરતાં તેમજ તેની સાથે રજૂ રાખેલ વિવિધ ચુકાદાઓને ધ્યાને લેતા અદાલત દ્વારા આ કામના આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ ફરમાવામાં આવેલ હતો. હિનાબેન પરમાર વતી વકીલ નિરજગીરી ગોસ્વામી, ધર્મેન્દ્ર જે.ભટ્ટ, હિરેન સી.ચગ, પરાશર કે.કાનાબાર, ભુમિકા એચ.ચગ રોકાયેલ હતા.

# ગાંજાના જથ્થા સાથે પકડાયેલ મહિલાની જામીન અરજી મંજુર

## શાપર વેરાવળ પોલીસે દરોડો પાડી ગાંજાના સાથે મહિલા સહિત ત્રણની ધરપકડ કરી તી

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાંથી ગાંજાના જથ્થા સાથે પકડાયેલ મહિલાની ચાર્જશીટ પહેલાની જામીન અરજી અદાલતે મંજુર કરી છે.

શાપર વેરાવળ પોલીસે ગાંજાના જથ્થા સાથે મૂળ બિહારની અને રીબડા રેલવે સ્ટેશન નજીક ગુંદાસરા ગામે રહેતી રોમાદેવી લક્ષ્મણરામ પાસવાન સહિત ત્રણ શખ્સોને ગાંજાના જથ્થા સાથે પકડી શાપર વેરાવળ પોલીસે ગુન્હો નોંધી સ્પે. ગઉજ્જ કોર્ટ સમક્ષ રજૂ કરતાં તેઓને જેલહવાલે કરેલ હતા. ત્યારબાદ ત્રણ આરોપીઓ પૈકી રોમાદેવી લક્ષ્મણરામ પાસવાને પોતાના એડવોકેટ મારફત કોર્ટ સમક્ષ જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષની રજૂઆત બાદ મહિલાના વકીલ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો અને ઉચ્ચ અદાલતના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ કોર્ટે મહિલા આરોપીની જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે. આરોપી વતી ધારાશાસ્ત્રી અમિત જનાણી, અકરમ સુમરા, તેજલ ગઢવી અને ખુશી પટેલ રોકાયેલા હતા.

# માલિયાસણ ચોકડી નજીક જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે અમદાવાદ હાઈવે પર આવેલા માલીયાસણ ચોકડી બાયપાસ રોડ નજીક આવેલા ડમ્પિંગ હાઉસ પાસે જાહેરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી કુવાડવા રોડ પોલીસની ટીમને મળી હતી. પોલીસે માલીયાસણ છોકરી નજીક આવેલા ક્રિષ્ના પાર્ક પાસે જુગારનો દરોડો પાડી જુગાર રમતો હરિદ્વાર રોડ પર આવેલી ન્યુ સુભાષ શેરી નંબર ૦૧ માં રહેતો રોહિત સવજીભાઈ કુંડારીયા, ભગવતી પરામાં આવેલા ત્રિમૂર્તિ ચોકમાં રહેતો ચેતન કાળુભાઈ કાટડ , રણછોડદાસ બાપુ ના આશ્રમ પાસે આવેલી ચામુંડા સોસાયટીમાં રહેતો રવિ નાગજીભાઈ મકવાણા અને સુખલ પીપળીયા ગામે પુણ્ય રેસીડેન્સી માં રહેતો સલીમ હેમંતભાઈ માણેક નામના શખ્સોને કુવાડવા રોડ પોલીસની ટીમ ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૧૨.૩૫૦ ની રોકડ કબ્જે કરી છે . દરોડા ની કામગીરી કુવાડવા રોડ પીઆઈ વી.આર વસાવા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ એ બ્લોચ, એ.એસ.આઈ કે વી જાડેજા, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા ,જયંતીભાઈ ધોળકિયા અને કુશલભાઈ જોશી સહિતના સાથે કરી છે.

# ૪ લાખની ઠગાઈના ગુનામાં બેલડીનો નિર્દોષ છુટકારો

## ફરિયાદી પક્ષ આક્ષેપિત તત્વો પુરૂવાર કરવામાં નિષ્ફળ નિવડેલ

**અબતક, રાજકોટ**

શહેરમા વર્નાકારના એન્જિન અને ચેસીસ નંબર ટોટલ લોસ ગાડીના લગાડી વિશ્વાસઘાત કરી રૂપિયા ચાર લાખની છેતરપિંડીના ગુનામાં બે આરોપીને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે.

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અતુલભાઈ જમનાદાસ એ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આરોપી હર્ષદ હરિભાઈ ધામેલીયા અને ધર્મેન્દ્ર બાબુભાઈ વડગામા સામે કાર મંગાવી અને ટોટલ લોસ થયેલ એન્જિન અને ચેસીસ નંબર કાઢી તે એન્જિન નંબર અન્ય ગાડીમાં લગાડી ખરા તરીકે ઉપયોગ કરી ખોટા ડોક્યુમેન્ટ બનાવી વિશ્વાસઘાત કરી ₹૪ લાખની છેતરપિંડી કર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી.જીજે ૧૮ એબી ૮૭૯૧નંબરની વર્ના કાર રાજુ સોની મારફતે મંગાવી એન્જિન અને ચેચીસ નંબર કાઢી અન્ય ટોટલ લોસ કારમાં એન્જિન અને ચેજીસ્ટ નંબર લગાડી હોવાનું તપાસમાં ખુલેલ હતું. બંને મળી ફરિયાદી પાસેથી ગાડીના રૂપિયા ચાર લાખ લીધાનું ખુલ્યું હતું.બંનેની પોલીસે તપાસના અંતે ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમા કેસ ચાલવા પર આવતા જેમાં ફરિયાદી સાહેદો, પંચો અને તપાસ કરનાર પીએસઆઈ હડિયાને તપાસવામાં આવ્યા હતા. તપાસ કરનાર અધિકારીના પુરાવામાં ફરિયાદી પાસે રહેલી કારના એન્જિન અને ચેચીસ નંબર ખોટા હોવાનું હકીકત બાબતે મહત્વનો વિરોધાભાસ જણાય આવતો હોવાનું જાહેર થયેલું આ કામમાં પુરાવો લેવામાં આવેલ તેમાં રજૂ થયેલ પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવું માનેલ હતું તેમજ ફરિયાદ પક્ષ આક્ષેપિત તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય ન્યાયના હિતમાં અદાલતે હર્ષદ હરિભાઈ ધામેલીયા અને ધર્મેન્દ્ર ઉર્ફે મુન્નો બાબુભાઈ વડગામાને પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનું હુકમ કરેલ હતો.આરોપીઓ ધર્મેન્દ્ર વડગામા તરફે સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, કલ્પેશ નસિત, નૈમિષ જોશી, અનિતા રાજવંશી તથા આસિસ્ટન્ટ તરીકે ઈશા કણજારીયા તથા હર્ષદભાઈ હરિભાઈ ધામેલીયા તરફે ડી. આર. મહેતા રોકાયેલ હતા.

# ચેક રિટર્ન કેસમાં મંડળીના લોનધારક ડીફોલ્ડર નિર્દોષ

## શ્રી અવધૂત ક્રેડિટ કો. ઓ.સોસાયટીને લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બાઉન્સ થયો તો

**અતક, રાજકોટ**

શ્રી અવધૂત ક્રેડિટ કો ઓપરેટીવ સોસાયટીમાંથી લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક વગર વસૂલાતે પરત ફરવાના ગુનામાં ડીફોલ્ડરને નિર્દોષ મુક્ત કરતો અદાલતે હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ શહેરોમાં રહેતા બલદેવભાઈ રાધવજીભાઈ હિરપરાએ શ્રી અવધૂત ક્રેડિટ કો ઓપરેટીવ સોસાયટીમાંથી સભાસદ દરજ્જે લોન લીધી હતી. જે લોનનો હપ્તો ચૂકવવા માટે આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતાં કાયદાકીય જોગવાઈ પ્રમાણે નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે નેગોસિએબલ એકટ હેઠળ અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી જે ફરિયાદની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ લોનધારકના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલિલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ કોર્ટે લોનધારક બલદેવભાઈ રાધવજીભાઈ હિરપરાને નિર્દોષ મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કામમાં આરોપી વતી એડવોકેટ કિશન બી. વાલવા, જીજ્ઞેશ ટી. નાગ્રેચા, વિજય જોષી, સચીન સોલંકી, ચિરાગ મેતા અને મહેશ તાવીયા રોકાયા હતા.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૭૧ | ૩૯૨ | ૬૪૪ |
| લીંબુ | ૫૨૯ | ૧૮૮૩ | ૩૭૯૦ |
| સાકરટેટી | ૧૨૮ | ૧૬૪ | ૩૦૪ |
| તરબુચ | ૧૨૯ | ૧૧૪ | ૨૬૩ |
| પપૈયા | ૩૦ | ૭૮ | ૧૫૮ |
| બટેટા | ૩૯૬૦ | ૧૦૪ | ૨૪૮ |
| ડુંગળી સુકી | ૧૩૮૦ | ૩૧ | ૨૨૨ |
| ટમેટા | ૮૭૯ | ૨૦૯ | ૪૧૧ |
| સુરણ | ૨ | ૮૦૪ | ૯૯૪ |
| કોથમરી | ૩૩૯ | ૨૭૨ | ૪૦૮ |
| મુળા | ૨૨ | ૩૬૯ | ૫૦૫ |
| રીંગણા | ૫૦૩ | ૯૫ | ૨૮૪ |
| કોબીજ | ૩૩૪ | ૮૫ | ૧૫૮ |
| ફલાવર | ૧૫૨ | ૩૦૭ | ૫૩૯ |
| ભીંડો | ૪૨૧ | ૧૨૧ | ૨૩૪ |
| ગુવાર | ૧૮૪ | ૨૬૯ | ૫૬૬ |
| ચોળાસીંગ | ૧૨૧ | ૩૭૧ | ૫૪૧ |
| ટીંડોળા | ૨૬ | ૩૧૮ | ૫૮૮ |
| દુધી | ૪૦૪ | ૭૮ | ૧૪૪ |
| કારેલા | ૭૦ | ૨૮૧ | ૪૭૮ |
| સરગવો | ૫૪ | ૨૭૨ | ૫૫૮ |
| તુરીયા | ૫૬ | ૨૪૪ | ૪૦૨ |
| પરવર | ૨ | ૫૮૨ | ૭૬૪ |
| કાકડી | ૩૮૬ | ૧૫૬ | ૩૦૫ |
| ગાજર | ૩૬૫ | ૨૧૪ | ૪૦૭ |
| વટાણા | ૨૯ | ૧૪૨૪ | ૧૮૨૯ |
| ગલકા | ૯૩ | ૧૪૪ | ૨૮૩ |
| બીટ | ૧૮૨ | ૧૦૫ | ૨૦૯ |
| મેથી | ૧૪૩ | ૪૨૬ | ૭૧૮ |
| ડુંગળી લીલી | ૧૩૩ | ૨૨૪ | ૩૬૯ |
| આદુ | ૯૯ | ૮૩૪ | ૧૦૫૨ |
| મરચા લીલા | ૧૦૫૨ | ૪૦૯ | ૭૨૩ |
| મકાઈ લીલી | ૮૨ | ૧૨૪ | ૨૪૬ |
| ગુંદા | ૩૩ | ૨૫૨ | ૪૬૧ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૬૦૦ | ૧૫૫૧ | ૧૭૭૫ |
| ઘઉં લોકવન | ૧૬૦૦ | ૪૪૩ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦૦ | ૪૫૨ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૧૪૦ | ૮૦૦ | ૯૪૦ |
| જુવાર લાલ | ૫ | ૮૫૦ | ૮૯૦ |
| જુવાર પીળી | ૧૦ | ૪૨૦ | ૫૦૦ |
| બાજરી | ૬૦ | ૨૫૦ | ૪૪૯ |
| મકાઈ | ૨૦ | ૩૩૦ | ૩૮૬ |
| તુવેર | ૮૪૦ | ૧૩૪૦ | ૧૫૧૦ |
| ચણા પીળા | ૬૦૦૦ | ૯૨૫ | ૧૦૫૫ |
| ચણા દેશી | ૧૦૦૦૦ | ૧૧૩૧ | ૧૭૫૦ |
| અડદ | ૧૭૫ | ૧૩૦૦ | ૧૬૩૦ |
| મગ | ૯૦ | ૧૧૭૪ | ૧૮૪૬ |
| વાલ દેશી | ૮૦ | ૮૫૦ | ૯૯૦ |
| ચોળી | ૨૫ | ૧૧૪૫ | ૧૧૮૬ |
| વટાણા | ૯૬૦ | ૬૫૦ | ૧૦૬૦ |
| કળથી | ૨૦ | ૩૦૬ | ૬૦૩ |
| રાજમા | ૧૦૦ | ૬૫૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૦ | ૧૭૫૦ | ૧૮૯૦ |
| મગફળી જાડી | ૩૦૦ | ૧૨૭૦ | ૧૫૧૦ |
| મગફળી જીણી | ૪૦૦ | ૧૨૮૦ | ૧૫૮૦ |
| તલી | ૭૦૦ | ૧૫૮૫ | ૨૧૧૩ |
| સુરજમુખી | ૨૭ | ૧૦૦૮ | ૧૩૫૦ |
| એરંડા | ૨૮૦૦ | ૧૦૯૫ | ૧૨૬૪ |
| અજમો | ૨૪ | ૧૪૫૦ | ૨૩૬૦ |
| સુવા | ૨૪ | ૧૨૦૦ | ૧૭૦૧ |
| સોયાબીન | ૪૦૦ | ૮૧૨ | ૧૧૯૦ |
| સીંગફાડા | ૧૪૦ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કાળા તલ | ૨૦૦ | ૨૬૯૫ | ૩૫૨૦ |
| લસણ | ૦ | ૭૧૦ | ૧૪૭૫ |
| ધાણા | ૮૦૦ | ૨૨૨૫ | ૨૫૫૦ |
| મરચા સુકા | ૨૨૦ | ૨૦૦૦ | ૬૪૦૦ |
| ધાણી | ૬૦૦ | ૨૩૧૦ | ૨૭૨૬ |
| વરીયાળી | ૪૨૦ | ૧૩૦૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૧૩૨૦ | ૩૫૦૦ | ૪૧૦૫ |
| રાય | ૨૦૦ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૧૭૬૦ | ૧૧૦૦ | ૧૭૭૫ |
| ઈસબગુલ | ૨૪ | ૧૫૯૯ | ૨૦૯૨ |
| અશેરીયો | ૩૬ | ૯૪૫ | ૧૧૨૫ |
| કલોંજી | ૧૦૦૦ | ૨૮૦૦ | ૩૪૯૫ |
| રાયડો | ૩૨૦ | ૧૧૩૦ | ૧૨૨૫ |

# જામકંડોરણામાં પીજીવીસીએલની ચાલુ લાઈનમાંથી વાયર ચોરતી ટોળકી ઝબ્બે

**અબતક, રાજકોટ**

જામકંડોરણા પંથકમાં પીજીવીસીએલની ચાલુ લાઈનમાંથી વાયર કાપી ચોરી કરતી ગેંગને રૂરલ એલસીબીની ટીમે પકડી પાડી રૂ.૧૫.૨૭ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.ચાલુ વીજપ્રવાહ જંપર વડે બંધ કરી એલ્યુમીનીયમના વાયરો કટર વડે કાપી બોલેરોમાં ભરી કીયા કાર વડે પાયલોટીંગ કરી ચોરી કરેલ મુદામાલ બાબરા પહોંચતો હતો.રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લાના વણશોધાયેલ ચોરીના ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ સુચનાથી રૂરલ એલસીબી પીઆઈ વિ. વી.ઓડેદરાની રાહબરીમાં ટીમ તપાસમાં હતી ત્યારે જામકંડોરણા પોલીસ મથક વિસ્તારમા અલગ-અલગ દિવસોએ જીઈબીના ચાલુ વીજપ્રવાહ જંપર વડે બંધ કરી એલ્યુમીનીયમના વાયરો કટર વડે કાપી તેમના ગોળ ફીંડલા વાળી બોલેરો વાહનમાં ભરી કીયા કાર વડે પાયલોટીંગ કરી ચોરી કરેલ મુદામાલ બાબરા ગામ ખાતે લઈ ગયેલ હોય તેમજ ગઈકાલે જ વીરપુર પોલીસ મથક વિસ્તારમાં જી.ઈ.બી.ના ચાલુ વીજ પ્રવાહ જંપર વડે બંધ કરી એલ્યુમીનીયમના વાયરો કટર વડે કાપી તેમના ગોળ ફીંડલા વાળી બોલેરો વાહનમાં ભરી કીયા કાર વડે પાયલોટીંગ કરી ચોરી કરી લઈ જતા હોય તે દરમ્યાન ચોરીના મુદામાલ સાથે કાગવડ ગામના પાટીયા પાસેથી વિજ વાયર ચોરતી ગેંગને પકડી પાડવામાં આવેલ હતી. જેમાં પકડાયેલ આરોપીઓમાં પ્રતાપસિંહ પુનમસિંહ ચૌહાણ (રહે. નાઈકલાં, બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકડોરણા), ગોપાલસિંહ લક્ષ્મણસિંહ રાવત (રહે, બડ કોદચરા બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકડોરણા), ભગવાનસિંહ ગોપાલસિંહ ચૌહાણ, (રહે. નાઈકલા, બ્યાવર, હાલ રહે. નાઈબાઈની ધાર પાસે જામકડોરણા), ) શોભાગસિંહ નવલસિંહ રાવત (રહે. નાઈકલા, બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકડોરણા), સાજીદ લતીફ પારેખ (રહે. લાઠી સેતા પાટી,અમરેલી) અને

નીસાર ઉર્ફે ટીનો ઓસમાણ સેતા (ઉ.વ.૩૫, રહે.લાઠી પાણીના ટાંકા પાસે અમરેલી) નો સમાવેશ થાય છે. જ્યારે બાબરાનો સરફરાજ કટારીયા, બાબરા અમરાપર ગામનો મુસ્તાક ઈસા ઘાચી અને હાલ હરિયાસણ રહેતો મૂળ રાજસ્થાની ગોપાલસિંહ મોહનસિંહ સુરાડીયા પોલીસ પકડથી દૂર રહેતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે.

પોલીસે હાલ રોકડા રૂ.૧.૧૪ લાખ, એલ્યુમિનિયમ વાયર ૩૨૦ કિલો રૂ.૧.૬૩ લાખ, કિયા અને બોલેરો કાર સહિત કુલ રૂ.૧૫.૨૭ લાખનો મુદામાલ કબ્જે કરી ફરાર શખ્સોની શોધખોળ આદરી હતી. જે અંગેની કામગીરી રૂરલ એલસીબી પીઆઈ વી.વી ઓડેદરા સહીતના સ્ટાફે કામગીરી બજાવી હતી.

# બુટલેગર શિવરાજ વાળાના આગોતરા જામીન મંજૂર

**અબતક,રાજકોટ**

શહેરના કુવાડવા રોડ નજીક આવેલ ડેરોઈ ગામની સીમમાંથી બિનવારસી કારમાંથી મળેલો રૂપિયા ૩.૨૧ લાખના દારૂના ગુનામાં શિવરાજ વાળા ના આગોતરા જામીન અરજી અદાલતે મંજૂર કર્યા છે.રાજકોટ તાલુકાના ડેરોઈ ગામની સીમમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની કુવાડવા રોડ પોલીસ મથકને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ફોર્ચ્યુનર કારમાંથી રૂપિયા ૩.૨૧ લાખની કિંમતની ૨૪૦ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબ્જે કર્યો છે.પોલીસે કાર નંબરના આધારે આ દારૂનો જથ્થો શિવરાજ ધીરુભાઈ વાળા નું હોવાનું ખુલ્યું હતું. પોલીસ ધરપકડની દેહસતથી શિવરાજ ધીરુભાઈ વાળાએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે અદાલતે શિવરાજ વાળા ના આગોતરા જામીન મંજૂર કર્યા છે બચાવ પક્ષે એડવોકેટ તરીકે વિજય બાવળીયા રમજાન અગરિયા અને શ્રેયાંશ પરમાર રોકાયા હતા

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# પ્રચારના ભુંગળા સાંજે શાંતઃ હવે છેલ્લી ઘડીના ખેલ

### મતદારોએ છેલ્લી ઘડી સુધી મન કળવા ન દીધુંઃ કાળઝાળ ગરમીમાં લોકોને મતદાન મથક સુધી લાવવા તંત્ર અને ઉમેદવારો બંને માટે મોટો પડકાર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી રવિવારે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે મતદાન યોજાવાનું છે. ચૂંટણી પંચના નિયમો મુજબ મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચાર-પ્રસાર બંધ કરી દેવાનો રહે છે. દરમિયાન આજે સાંજથી પ્રચારના ભુંગળા શાંત થઈ જશે. હવે અંતિમ ઘડીના ખેલ શરૂ થશે. મતદારોને મનાવવા માટે ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોના નેતાઓ મથામણ કરશે.

પ્રચારના અંતિમ દિવસે આજે ઉમેદવારો એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપ દ્વારા સવારે તમામ વોર્ડમાં વિશાળ સ્કૂટર રેલી યોજાશે. આગામી રવિવારે સવારે ૭ કલાકથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. હવે અંતિમ ઘડીના ખેલ દેખાવા લાગ્યા છે. તમામ ઉમેદવારો પોતાની લીટી લાંબી કરવા મથી રહ્યા છે. આવતીકાલે હવે આખો દિવસ બંધ બારણે

(અનુ. આઠમા પાને)

**સાંજથી હવે તોડજોડની રાજનીતિ શરૂ થશે મતદારોને મનાવવા મથામણ થશે**

# ઉમરેઠ વિધાનસભાનું ૫૪.૪૩ ટકા મતદાન સ્થાનિક સ્વરાજયમાં પણ આજ ટ્રેન્ડ રહેશે

### રવિવારે યોજાનારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના મતદાનમાં ટકાવારી ૫૦થી ૫૫ ટકા આસપાસ રહેવાની ધારણા

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ઉમરેઠ બેઠકની પેટા ચૂંટણીમાં ૫૪.૪૩ ટકા જેટલુ મતદાન થયું છે. આગામી રવિવારે રાજ્યમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. જેમાં પણ મતદાનની ટકાવારીનો ટ્રેન્ડ આ રિતનો જ રહે તેવી શક્યતા દેખાય રહી છે.

ઉમરેઠ બેઠક માટે સાંજે પાંચ વાગ્યા સુધીમાં અંદાજિત ૫૪.૪૩% મતદાન નોંધાયું છે.

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં શહેરી વિસ્તારમાં ૬૮ મતદાન મથકો અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૮ મતદાન મથકો મળી કુલ ૩૦૬ મતદાન મથકો સજ્જ કરવામાં આવ્યા હતા. જ્યાં થતી તમામ ગતિવિધીઓ પર નજર રાખવા માટે વેબકાસ્ટિંગની સુવિધા ઉભી કરવામાં આવી હતી. આ મતદાન મથકો પૈકી ૦૧ મતદાન મથક દિવ્યાંગો દ્વારા સંચાલિત, ૦૨ યુવાઓ દ્વારા સંચાલિત તથા ૦૨ મહિલાઓ દ્વારા સંચાલિત મતદાન મથકો, જ્યારે ૦૫ આદર્શ મતદાન મથક પણ તૈયાર કરવામાં આવ્યા હતા. મતદાન મથકો પર તૈનાત કરવાના ઈવીએમની યાદી ચૂંટણી લડતા ઉમેદવારોને અગાઉથી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ઈસીઆઈ ના સુધારેલા નિયમો અનુસાર ઉમેદવારોને મતદાન મથકોના પ્રવેશદ્વારથી ૧૦૦ મીટરના અંતરે તેમના બૂથ બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી, જે મતદારો માટે અને

(અનુ. આઠમા પાને)

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળવારે સોમનાથ આવે તેવી સંભાવના

### સહ પરિવાર સોમનાથ મહાદેવના દર્શન કરશે

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ભારતના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દેશની રાજયોની લોકસભા-વિધાનસભા ચૂંટણીઓનાં પ્રચાર પૂર્ણ થતા પ્રત્યેક આવી ચૂંટણીઓ બાદ સોમનાથ મહાદેવના દર્શન-પૂજન ધજારોહણ અને આર્શીવાદ મેળવવા સોમનાથ આવતા રહે છે. તેવો તેનો આસ્થા સાથે ક્રમ રહેતો હોય છે.


ફાઈલ તસવીર

જે હિસાબે તેઓ તા. ૨૫-૨૬ એપ્રીલના અમદાવાદ ખાતે પોતાનો મત આપવા આવી રહ્યા છે. ત્યારબાદ બંગાળની ચૂંટણીનો જેવો બીજો રાઉન્ડ પતશે કે તુરત જ તા. ૨૮ એપ્રીલની આસપાસ તેઓ સોમનાથ આવે તેવી વકી છે.

આ અંગે કોઈ સત્તાવાર જાણ પક્ષ પાસે કે અધિકારી પાસે નથી પરંતુ નિશ્ચિત ધારણા સેવાય છે. કે તેઓ સોમનાથ આવશે તેમ માનવામાં આવે છે.

## ભલે પધાર્યા... રાજકોટ આપને આવકારે છે

# નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને રજવાડી પાઘ પહેરાવી આવકારતા ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજા



### સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીમાં ભાજપની જાજરમાન જીત માટે શૂભકામના પણ પાઠવી

### પ્રજા વત્સલ રાજવી લાખાજીરાજ બાપુના સ્ટેચ્યુને નાયબ મુખ્યમંત્રીએ વંદન કર્યાઃ માંધાતાસિંહ જાડેજાએ હર્ષભાઈ સંઘવી પર પુષ્પવર્ષા કરી આવકાર્યા

**અબતક,રાજકોટ**

રાજયના લોકપ્રીય નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ગઈકાલે રાજકોટના મોઘેરા મહેમાન બન્યા હતા. રોડ-શોના આરંભે રાજકોટના રાજવી ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજાએ તેઓને રાજવી પરિવારની આગવી પરંપરા અનુસાર રજવાડી પાઘ પહેરાવી આવકાર્યા હતા. અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત થાય તેવી શૂભકામના પાઠવી હતી.

ભાજપના કર્મઠ અને ઊર્જાવાન યુવા નેતા, ગુજરાત રાજ્યના ઉપ-મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ મહાનગરપાલિકા ચૂંટણી સંદર્ભમાં રાજકોટ શહેરના હૃદય સમા વિસ્તારો લાખાજીરાજ રોડ, સાંગણવા ચોક, ગરેડીયા કૂવા રોડ, ધર્મેન્દ્ર રોડ, પરાબજાર, ઘીકાંટા રોડ, સોની બજાર, કોઠારીયા નાકા અને ભૂપેન્દ્ર રોડ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના અઢાર વોર્ડમાં બોંતેર ઉમેદવારોને સાથે રાખીને મેગા રોડ શો યોજીને મતદાન પૂર્વે કેસરીયા માહોલનું નિર્માણ કર્યું એ વેળાએ લાખાજીરાજ ભવન ખાતે રાજકોટનાં પ્રજા વત્સલ રાજવી પ્રાતઃ સ્મરણીય શ્રી લાખાજીરાજ બાપુના સ્ટેચ્યુને વંદન કરીને ઠાકોર સાહેબ શ્રી માંધાતાસિંહજી જાડેજા સાહેબના હસ્તે પુષ્પવર્ષાની વચ્ચે પુષ્પમાળા તેમજ રજવાડી પાઘડી ગ્રહણ કરી હતી તે સમયની તસ્વીરી ઝલક.







પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક ®
સાંધ્ય દૈનિક

વાર્ષિક લવાજમ યોજના
૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

યોજના નં. ૧
લવાજમ
રૂ.૧૧૧૧/-
બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ




યોજના નં. ૨
લવાજમ
રૂ.૧૨૨૫/-
પ્રીમીયમ ૧ કિલો ચા




વિશેષ નોંધઃ
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234